શ્રીમદ્ વિજયકમલ સૂરિશ્વર ગુરૂભ્યો નમઃ

શ્રી વિજયકમલ કેશર ગ્રંથમાળા.

દેવપુષ્પ ૨૧-૨૨-૨૩

શ્રીમદ્ આચાર્ય મહારાજ શ્રીવિજયકેશરસૂરિશ્વરજી

# જીવનપ્રભા તથા રાસ
## અને
# વૃજ વિનોદ વચનામૃતો.

લેખક,

શ્રીમદ્ મહામહોપાધ્યાય મહારાજશ્રી

દેવવિજયજી ગણી.

પ્રકાશક,

વિજયકમલ કેશર ગ્રંથમાલા.

સં. ૧૯૮૯. પ્રત ૧૨૫૦ વીર સં. ૨૪૫૯

કીંમત રૂ. ૦-૮-૦.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

☞ પાલીતાણા—શ્રી બહાદુરસિંહજી પ્રી. પ્રેસમાં
શા. અમરચંદ બહેચરદાસે છાપ્યું.

P.P. Ac. Gunratnasuri M.S.  Jun Gun Aaradhak Trust



**श्रीमद् महोपाध्याय महाराज श्री देवविजयजी गणि.**

देवभक्ति माला, देवविनोद, रेखादर्शन, प्रकरण पुष्पमाला, विगेरेना कर्ता.

न्म सं. १९३६. फा. .. दीक्षा १९५६. जेठ. पंन्यास-प. १९७३. माह.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

dvance Printry. Piramsha Road, Ahmedabad.

# પ્રસ્તાવના.

ભવાટવીમાં ભ્રમણ કરતાં મહાપુણ્યાનુયોગે દશદૃષ્ટાંતે દુર્લભ આ મનુષ્યભવ પ્રાપ્ત થયો. હજારો બલ્કે લાખો મનુષ્યો જન્મે છે, અને આયુષ્ય જેમતેમ પૂર્ણ કરી બીજી ગતિમાં ચાલ્યા જાય છે. કોઈ વિરલ પુરૂષોજ માત્ર, ચિંતામણીકલ્પ માનવજન્મનું કેમ સાર્થક કરવું તે જાણે છે, અને સ્વઆત્માની ઉન્નતિ કરવા સંસારથી અલિપ્ત રહી પ્રયત્નશીલ બને છે, એટલુંજનહિ પરંતુ સાથે સાથે જે જે મનુષ્યો તેમના પરિચયમાં આવે છે તેમને પણ પોતાની માફક સત્પંથના અનુગામી બનાવી તેમનું જીવન સફળ બનાવવામાં સહાયભૂત થાય છે. આવા પુરૂષોની કોટીમાં અધ્યાત્મ યોગનિષ્ટ જૈનાચાર્ય શ્રીમદ્ વિજયકેશરસુરીશ્વરજી મહારાજશ્રી સહેજે પોતાનું અદ્‌ભૂત શાંત વ્યકિતત્વ દર્શાવતા તરી આવે છે. તેથીજ બીજા અનેક જીવોને લાભદાયક તેમનું ચરિત્ર આ પુસ્તકમાં આલેખવામાં આવ્યું છે. તેમના જીવનમાંથી ઘણું શીખવાયોગ્ય મળી આવે છે. કારણકે તેઓશ્રીનું ધ્યેય અને દૃષ્ટિબિંદુ ઉચ્ચ હતાં. તેમની શાંતિ અજબ હતી. તેમની વાણી અમૃતતુલ્ય હતી. જ્યાં જ્યાં તેઓશ્રી ગયા ત્યાં ત્યાં પોતાની સુમધર વાણીથી શાંતિ સ્થાપી અને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સત્યધર્મનું ભાન કરાવ્યું. તેમનું ચરિત્ર વાંચવાથી ગ
તેના હૃદયમાં નિર્મળ જ્યોતિ પ્રગટશે અને તે જીવન
સાફલ્ય કરવા પ્રેરાશે એ નિઃશંસય છે.

આ જીવનચરિત્ર આચાર્ય મહારાજશ્રીના લઘુબંધુ મહામહોપાધ્યાયજી મહારાજશ્રી દેવવિજયજીએ બનાવેલ છે તેના ઉપરથી તેને સંસ્કારી અને સરલ ભાષામા શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુલના ગૃહપતિ મહેતા તલકચંદ માવજીએ સુધારી આપેલ છે તે માટે તેમનો આ સ્થળે આભાર માનવામાં આવે છે. સાથેસાથે રાસદ્વારા જીવનચરિત્રને બોટાદનિવાસી ભાઈશ્રી સુખલાલ રવજીભાઇએ વાંચકવર્ગને વિશેષ રસ પડે તેવા હેતુથી, લખી પોતાનો ભકિતભાવ સારા રૂપમાં દર્શાવ્યો છે. તેથી તેમનો પણ આ સ્થળે આભાર માનવામાં આવે છે. વળી આચાર્યશ્રીના બનાવેલા સર્વ ગ્રંથોના દોહનરૂપે, તેમાંથી નીતિના અમૃતમય વાકયોને તારવાનું અને તેને સંકલિત કરીને આ સાથે મુકવાનું કાર્ય આચાર્યશ્રીના સંસારીપણાના માનાભાઈ શ્રીયુત વ્રજલાલભાઇએ કર્યું છે જે ઘણું પ્રશંસનીય છે. તેનું વાંચન વિવિધ રસથી ભરપૂર હોઇ ઘણું ઉપયોગી થશે.

આ ઉપરાંત આચાર્યશ્રીના ગુણાનુવાદ દર્શાવતી સંસ્કૃત અષ્ટક સ્તુતિ પણ ભાષાંતર સાથે જોડવામાં આવેલ છે તથા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આચાર્યશ્રીના સ્વર્ગગમન પછી વિરહયોગે કેટલાંક વિરહના ગાયનો તથા જયંતિ ઉજવવાના પ્રસંગે સંવાદરૂપે જીવન-ચરિત્ર પણ આલેખેલ છે. આશા છે કે વાંચકો અથથી ઇતિ સુધી ચરિત્ર વાંચી યથાશકિત સાર ગ્રહણ કરી સ્વજીવન ઉજમાળ બનાવશે.

આચાર્યશ્રીનું શાંતમય જીવન, સેવાભાવ અને જૈનસમાજ પરત્વે તેમની લાગણી સર્વત્ર સુપ્રસિદ્ધ છે. આ પુસ્તકમાં માત્ર તેમનું સંક્ષિપ્ત જીવન હોઇ જેમ બને તેમ ટુંકાણમાં સર્વ હકીકત તથા પ્રસંગો જણાવ્યા છે, તેમના જીવનને વિસ્તૃત સ્વરૂપમાં આલેખવા માટે બ્રહદ્ ચરિત્ર લખવાની યોજના ચાલુ છે. જે લખાઇ રહ્યાથી છપાવી પ્રસિદ્ધ કરવામાં આવશે. આચાર્યશ્રીના પરિચયમાં આવેલા ભાઇઓ તે સંબંધેનું કોઇ લેખ સારા રૂપમાં લખી મોકલશે તો તે સ્વીકારવામાં આવશે અને યોગ્ય જણાશે તો લેવામાં આવશે.

છેવટે હું સબુદ્ધિથી ચરિત્ર વાંચી તે ઉપર વિચાર કરી વાંચકવર્ગ સાર ગ્રહણ કરશે તો લેખકનો પ્રયત્ન સફળ થયો ગણાશે. सूज्ञेषु किम् वहुना.

લી૦.

શ્રી વિજયકમળકેશર ગ્રંથમાળાના

વ્યવસ્થાપકો.

P:P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શ્રી વિજયકમલકેશર ગ્રંથમાલાના શ્રીમદ્
આચાર્ય મહારાજશ્રી વિજયકેશર
સૂરીશ્વરજી મહારાજ વિરચીત—

# અપૂર્વ ગ્રંથો.

| | કિંમત રૂ.આ.પા. |
|---|---|
| યોગશાસ્ત્ર આ. ૪ યોગસ્વરૂપદર્શક રેશમી પાકું પુંઠું | ૨—૦—૦ |
| મલયાસુંદરી ચરિત્ર આ. ૪ અપૂર્વ સતી સ્વરૂપ " | ૧—૪—૦ |
| મહાવીર તત્ત્વપ્રકાશ, આત્મશુદ્ધિ, નીતિવિચાર રત્નમાળા અપૂર્વ તત્ત્વજ્ઞાનથી ભરપુર ત્રણે સાથે રેશમી પાકું પુંઠું ... .... | ૧—૦—૦ |
| શાંતિનો માર્ગ, પાંચપ્રકારના યોગ, શાંતિ દેનાર. | ૦—૮—૦ |
| આત્માનો વિકાશક્રમ યા મહામોહ પરાજય. | ૧—૪—૦ |
| ધર્મોપદેશ તત્ત્વજ્ઞાન જૈનધર્મનું ટુંકમાં સ્વરૂપ દેખાડનાર. .... .... .... | ૦—૧—૦ |

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# શ્રીમદ્ મહામહોપાધ્યાયશ્રી દેવવિજયજી ગણીકૃત અપૂર્વ ગ્રંથો.

| | | |
|---|---|---|
| શ્રીદેવ ભકિતમાળા અપૂર્વ ભકિતસ્વરૂપ પાકું પુંઠું. | | ૧-૦-૦ |
| શ્રી રેખાદર્શન હસ્તસંજીવન પોતાના ભાગ્યને બતાવનાર પાકું પુંઠું ભા. ૧-૨-૩ | .... | ૧-૪-૦ |
| શ્રી દેવવિનોદ અનેક અપૂર્વ વસ્તુથી ભરપૂર. | | ૧-૦-૦ |

## પુસ્તકો મળવાના ઠેકાણા—

**શા. મોનજી પરશોતમ.**
ઠે૦ લખાવેલસીના ડેલામાં—**વઢવાણકેમ્પ.**

**શા. સદુભાઈ તલકશી.**
ઠે૦ રતનપોળમાં વાઘણ પોળ—**અમદાવાદ.**

**તલાટી ભીખાભાઈ મગનલાલ.**
**દેહગામ,** પ્રાંતીજ લાઇન.

**શ્રી આત્માનંદસભા—ભાવનગર.**

**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર.**

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

( રાગ ભર્તુહરી ).

શ્રી ગુરૂ રાજને વંદીએ, જિનશાસન શણગારજી,
શુદ્ધ મહાવ્રત પાળતાં, ભવિક કરે ઉપકારજી. શ્રી૦ ૧
પંન્યાસ પદવીથી દીપતા, કંચન વરણી છે દેહજી;
શાંત રસ માંહી ઝીલતા, પંચાચાર શું નેહજી. શ્રી૦ ૨
યમનિયમ આસન વલી, પ્રાણાયામ શું માનજી;
પ્રત્યાહારને ધારણા, ધ્યાનસમાધિ શું તાનજી. શ્રી૦ ૩
અષ્ટાંગ યોગ ગુરૂ ધારતા, શાશ્વત સુખતણી આશજી;
ધ્યાનાનળ સળગાવીને, કર્મ કઠણ કરે નાશજી. શ્રી૦ ૪
વિજય **કમલ** સૂરીશ્વરૂ, શાંત રસમાં શિરતાજજી;
તસ પટોધર વંદીએ, વિજય **કેશર** ગણિરાજજી. શ્રી૦ ૫
સંવત ઓગણીશ જાણીએ, પંચોતેર ભલી શાલજી;
શ્રાવણ વદ મિતિ પંચમી, કહે **દેવ** સુરસાલજી. શ્રી૦ ૬

P.P. Ac. Gunratnasuri M.S.     Jun Gun Aaradhak Trust



**श्रीमद् आचार्य महाराजश्री विजयकेसर सूरीश्वरजी महाराज**

योगशास्त्र, ध्यानदीपिका, सम्यक्दर्शन, गृहस्थधर्म, वि. ना कर्त्ता.

जन्म सं. १९३३. दीक्षा सं. १९५०. आचार्यपद १९८३.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ॐ अर्हं नमः

श्रीमद् विजयकमलसूरीश्वर गुरुभ्यो नमः

# श्रीमान् विजयकेशरसूरीश्वरजी महाराजश्रीनुं

# संक्षिप्त जीवनचारित्र.

श्रीमद्वीरजिनं वर प्रवचनं श्री वर्द्धमानं प्रभुं
संविग्नं च गणींद्र मुक्तिविजयं चारित्रिणां शेखरं
तच्छिष्यं कमलाभिधं वरगुरुं ख्यातं च सूरिश्वरं
नत्वा श्री गुरु केशरादि विजयं सूरीश्वरं योगीनं ॥१॥

गांभीर्यादि गुणप्रधान दमिनः सद्योग निष्ठस्वच
षट्त्रिंशत् गुणरत्न रोहणगिरे श्चाध्यात्मविद्धेद्दिनः
सत्साधुत्व परोपकार निरतात्माराम संक्रीडिनः
श्रीमत् सद्गुरु केशरादि विजयाचार्यस्य सद्ध्यानिनः॥२॥

आरभ्यते हारलतो पमानंमया चरित्रं ललितं सुरम्यं
सुवर्ण मुक्ताफल युग् तदोयैः स्यूतं गुणैर्गुर्जर भाषया च
॥३॥ युग्मं.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અર્થ—કોઈ પણ સારા કામનો પ્રારંભ કરતાં પહેલાં તેમાં નિર્વિઘ્ને પાર ઉતરાય તે હેતુથી, તથા મહામંગલીકના કારણથી પોતાના ઇષ્ટદેવ, ગુરૂ તથા વિદ્યાદેવીને નમસ્કાર કરવો એ પરંપરાથી ચાલ્યો આવતો શિષ્ઠ પુરૂષોનો આચાર છે. તે પ્રમાણે આ ચરિત્રની શરૂઆત કરતાં અગાઉ તેની નિર્વિઘ્ને સમાપ્તિ ખાતર ગ્રંથકાર, શ્રી જીનેશ્વરદેવ તથા સદ્દગુરૂની સ્તુતિરૂપે જણાવે છે કે:—

ચરમ તિર્થંકર ભગવાન, શ્રી મહાવીરસ્વામિ જેઓ મોક્ષ રૂપ લક્ષ્મીના સ્વામિ છે તથા જેમનું પ્રવચન-સિદ્ધાંત અતિ ઉત્તમ છે તેમને શુદ્ધભાવે નમસ્કાર કરીને તથા (પ્રવચન શબ્દથી) વાણીરૂપ સરસ્વતિને નમસ્કાર કરીને તથા તપગચ્છાધિપતિ શ્રીમાન્ ચારિત્ર ચુડામણી સંવિગ્ન સાધુ શીરોમણી, ગણીવરોમાં મુગટ સમાન એવા મુલચંદજી—મુક્તિવિજયજી મહારાજશ્રીને નમસ્કાર કરીને તથા તેમના શિષ્યરત્ન બાલબ્રહ્મચારી પરમ શાંતમૂર્ત્તિ જગપ્રસિદ્ધ સૂરી શીરોમણી વિજય કમલસૂરીશ્વરજી ગુરૂ મહારાજશ્રીને નમસ્કાર કરીને તેમના શિષ્યરત્ન અષ્ટાંગ યોગનો અહોરાત સતત્ અભ્યાસ કરીને યથાર્થ યોગીના બિરૂદને ધારણ કરનાર એવા શ્રીમદ્દ વિજયકેશરસૂરીશ્વરજી મહારાજશ્રીને નમસ્કાર કરૂં છું.

શ્રીમદ્દ વિજયકેશર સૂરીશ્વરજી મહારાજશ્રી જેઓ આ ચરિત્રના નાયક છે તેમના ઉચ્ચ ગુણોથી આકર્ષાઈ તેમને પગલે ચાલી ઘણા જીવો સ્વહિત સાધી શકશે. તેઓશ્રી શાંત,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શાંત, અને ગંભીર હતા. તેઓશ્રી પાંચ ઇંદ્રિયોને દમન કરનાર તથા મન વચન અને કાયાના યોગને કબજે રાખવામાં તત્પર હતા. તદુપરાંત આચાર્યના છત્રીશ ગુણરૂપ રત્નોને વૃદ્ધિ કરવા સારૂ રોહણાચળ પર્વત સમાન, અધ્યાત્મ વિદ્યાના જાણકાર, ઉત્તમ સાધુ ધર્મના પાલક, પરોપકારમાં સદા રક્ત, આત્મજ્ઞાનરૂપ બગીચામાં રાતદિવસ ક્રીડા કરનાર અને શુભ ધ્યાનમાં મગ્ન એવા આચાર્ય મહારાજશ્રી વિજય કેશર સૂરીશ્વરજી મહારાજ-શ્રીનું રત્નનાહારની ઉપમાવાળું, સુંદર અને ઘણું રમણીક સુવર્ણ અને મુક્તાફળ જેવા તેમના ઉજ્વળ ગુણોરૂપી દોરાવડે પરોવાયેલ હાર સમાન આ જીવનચરિત્ર હું શરૂ કરૂં છું. મારો ઉદ્દેશ તેમાં ગુણાનુરાગીપણાનો હોવાથી ઇષ્ટદેવ જરૂર મને તે ચરિત્રલેખનના કાર્યમાં સફળતા આપશેજ એવી આશા રાખું છું.

સજ્જનો પ્રત્યે છેવટે વિનંતિ કરૂં છું કે હંસની માફક ગુણદૃષ્ટિ રાખી આ ચરિત્રમાંથી જે કાંઈ સારભૂત જણાય તે અંગીકાર કરી તે મુજબ પોતાના જીવનમાં ઉતારવા પ્રયત્ન કરશે તો મારો પ્રયાસ અલ્પાંશે પણ સફળ થયો છે તેમ સમજીશ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# પ્રકરણ ૧ લું.

---

## ચરિત્રનો ઉદ્દેશ.

"મહાપુરૂષોના જીવનચરિત્રથી આપણે પણ આપણું જીવન ઉચ્ચ બનાવી શકીએ." જેમના આદર્શ જીવનમાં અખુટ બોધરસ ભર્યો હોય, જેમની ઉચ્ચ રહેણી-કરણી બીજાને મુગ્ધ કરતી હોય, જેમના જીવનમાં અવનવા અનુભવોની હારમાળા દેખાતી હોય, તેવા અલૌકિક મહાત્માઓનું ચરિત્ર-આલેખન એ અતિ મહત્વનો અને જગજુનો નિયમ છે. 'જીવન-ચરિત્ર' એ જાણે તેના નાયકનું 'જીવન-ચિત્ર' હોય તેમ વાંચકને જણાતાં તે નાયક પ્રત્યે તેનું હૃદય માન અને આદરભાવથી ઝુકી રહે છે, અને તેની અસર સચોટ થતાં તેવું જીવન જીવવાના અભિલાષ જાગે છે. પરિણામે 'જીવન-ચરિત્ર' એજ જીવનમાં પ્રેરણાત્મક, સત્પંથદર્શક અને અનુસરવા રૂપ બની રહે છે. એટલેજ 'જીવન-ચરિત્ર'ના સર્વ પુસ્તકો ભાવિ પ્રજાનો અમુલ્ય અને ચિરસ્મરણીય વારસો છે. **महाजनो येन गतः स पन्थाः** એ ન્યાયે પણ દિવ્યપુરૂષોના જીવનપ્રસંગો તેમણે અમુક મુશ્કેલીઓમાં તેમનું જીવન-નાવ કેમ ચલાવ્યું, ઉન્નતિ સાધવાના શું શું પ્રયત્નો કર્યા? વિગેરે જાણી તે પ્રમાણે વર્તવાને ભાવના થતાં જીવન ઉજાળી શકાય છે. મહાત્માઓના જીવન-ચરિત્રો અદ્દભૂત અસર કરે છે અને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ભલભલાના હૃદયનો પલ્ટો કરી નાખે છે. ‘જીવન-ચરિત્ર’નું વાંચન અને મનન હજારો જીવોને ઉન્માર્ગમાંથી સન્માર્ગમાં જવાનું-હજારો જીવોને પ્રગતિને પંથે ચડી ખરૂં ધ્યેય સાધવાનું તેમજ હજારો જીવોના હૃદયમાં દિવ્ય-જીવનનું બીજ રોપવાનું અતિ ઉત્તમ સાધન છે.

## — આચાર્ય મહારાજશ્રીનું સ્થાન. —

## ( તેમની વિશિષ્ટતાઓ ).

જૈન શાસનમાં અનેક સાધુરત્નો પ્રગટ થયાં છે, તેમાં પરમપૂજ્ય પૂજ્યપાદ પ્રાતઃસ્મરણીય જૈનાચાર્ય શ્રીમદ્ વિજય-કેશરસૂરિશ્વરજી મહારાજ ઘણું ઉચ્ચપદ ભોગવે છે. કોઇ અપૂર્વ સંસ્કારની પ્રબળતાને લીધે એમનું જીવન અનેક જીવોના હૃદયમાં ઉજ્વળ સૂવર્ણ-પ્રકાશ પાથરે છે. એટલુંજ નહિ પણ લોહચુંબક લોહને આકર્ષે તેમ તેમનું દિવ્યજીવન બીજાને આકર્ષી રહ્યું છે. કારણ કેઃ—તેમણે પોતાની આખી જીંદગી પર્યન્ત જૈનધર્મની ઉન્નતિ, જૈન સમાજનો ઉદય, જૈન સાહિત્યનું પ્રકાશન અને પ્રચાર તેમજ જૈન જનતામાં આત્મબળની ઝંખના વિગેરે લાવવા અથાગ પ્રયત્ન કર્યો છે.

તેમણે સ્થળે સ્થળે વિચરી ક્લેશ-કંકાસની ભભૂકતી અગ્નિમાં પોતાની સુમધુર વાણીથી શાંતિ રસ રેડી સર્વપ્રતિ પ્રેમ પાથર્યો છે. ખટપટો અને નાહક કોલાહળ તેમજ વિખ-વાદ કે વિતંડાવાદમાં તેઓ જરા પણ પડ્યા નથી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તેમણે પોતાના નિર્મળ ચારિત્રથી દરેક ઉપર અજબ પ્રતિભા પાડી છે. તેમણે સ્વશક્તિ આત્મ-જાગૃતિમાં સ્ફોરવી પોતાનો જીવન-વિકાસ કરવામાં સફળતા મેળવી છે.

તેમની પ્રવૃત્તિઓમાં અમૃતમય ધર્મોપદેશ, યોગસાધન, ગ્રંથસેવન, જ્ઞાનચર્ચા, વિગેરે સિવાય બીજી વસ્તુઓને સ્થાન ન હતું.

તેમનામાં વિદ્વત્તા અને સૌજન્ય, જ્ઞાન અને સચ્ચારિત્રનો વિરલ સંયોગ હતો. તેમનો શુદ્ધ વૈરાગ્ય, તેમની જ્ઞાન-નિષ્ઠા તેમજ તેમનું યોગાનુષ્ઠાન અને સમભાવવૃત્તિ, આ બધાનાં સરવાળા રૂપ તેમનું જીવન નમુનેદાર હતું.

યોગવિદ્યાનો પુનરૂદ્ધાર કરવા તેમજ યોગથી થતા પરમ આનંદનો સાક્ષાત્કાર કરવા તેઓશ્રી વારંવાર યોગમાં મસ્ત રહેતા. 'યોગ' સંબંધે તેમણે પુસ્તકો પ્રસિદ્ધ કરવામાં અને જનસમૂહને તે પ્રત્યે રૂચિ જાગૃત કરવામાં સારો શ્રમ ઉઠાવ્યો હતો.

તેમની સાહિત્ય, ક્ષેત્રની સેવા અમૂલ્ય છે. નિખાલસ આત્મભાવથી કોઇ પણ જાતના ભેદભાવની ભિન્નતા વગર સમસ્ત જગત્‌ની નિઃસ્વાર્થ સેવા કરવા તાત્ત્વિક રસમય મહા ગ્રંથો લખ્યા છે. અન્ય દર્શનીઓ પણ તેનું વાંચન કરવા પ્રેરાય છે. આત્મજાગૃતિનું જ્ઞાન ઠેઠ બાળક સુધી પણ પહોંચે એ હેતુથી સાવ સરલ સુંદર ભાષામાં બાળોપયોગી આત્મ-જ્ઞાનના પુસ્તકો લખી તેમણે જૈન કોમ ઉપર મહાન ઉપકાર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કર્યો છે. એમના પુસ્તકો એ મનુષ્ય હૃદયને પલટાવવાનું અમોઘ શસ્ત્ર છે, એટલુંજ નહિં પરંતુ કર્મ કિચડથી ભરેલા મનુષ્યને નિર્મળતા પ્રગટાવવાને ગંગાસ્નાન છે.

ટુંકમાં તેઓએ પોતાનું જીવન ઉજાળી જૈનશાસનમાં ડંકો વગાડ્યો છે. તેઓશ્રી જૈનશાસનના સ્તંભરૂપે હતા. તેમણે 'મારા–તારા'ને ક્લેશ–કંકાસને દૂર રાખી 'શાંતિમય' જીવન ગાળ્યું હતું. સર્વત્ર શાંતિ–એકત્વ અને 'આત્મવત સર્વ ભૂતેષુ'નો પેગામ ફેલાવ્યો હતો.

આવા મહાન્ જૈનાચાર્યનું ચરિત્ર વાંચવું, મનન કરવું એ પણ પરમ લ્હાવ છે.

---

# પ્રકરણ ૨ જું.

---

## — જન્મસ્થાન —

## કુટુંબ–કેશવજીભાઇનો જન્મ—બાલજીવન.

ऐंद्रश्रेणि नतं श्रीमान् नंदतान्नाभिनंदनः
उद्दधार युगादौ यो जगदज्ञानपंकतः ॥ १ ॥

"જે પ્રભુએ યુગની આદિમાં અજ્ઞાનરૂપી કાદવમાં ખુંચી ગયેલા એવા આ જગત જીવોનો ઉદ્ધાર કર્યો છે અને જે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પ્રભુના ચરણકમળમાં અનેક ઇંદ્રોએ પોતાના મસ્તકો નમાવ્યા છે તે શ્રીમાન્ નાભિરાજાના પુત્ર ઋષભદેવ પ્રભુ જયવંતા વર્તો."

જૈન સમાજની જાહોજલાલી અને અનુપમ ભકિતભાવ દર્શાવતા તારણહાર શ્રી શત્રુંજય અને ગીરનાર સમાન તીર્થભૂમિથી ગૌરવવંત થયેલા સૌરાષ્ટ્રમાં, જ્યાં શૌર્ય અને વીરત્વ ઉછળી રહ્યાં હોય, જ્યાં ધર્મ અને સનાતન સત્યના ઉપાસકો પવિત્રતાનું વાતાવરણ ફેલાવી રહ્યા હોય, જ્યાં ભકતો ભકિતરસની જમાવટ કરી શ્રોતાજનોને મુગ્ધ કરતા હોય. જ્યાં ત્યાગ-તપ અને સંયમની સુવાસ ફોરતી હોય ત્યાં તેવા પ્રતાપી સ્થાનમાં ગોહીલવાડ પ્રાંતના બોટાદ શહેર પાસેના 'પાળીયાદ' ગામમાં જૈનાચાર્ય શ્રીમદ્ વિજયકેશરસૂરીશ્વરજી જન્મ્યા હતા; 'પાળીયાદ' એ ગામમાં પાંચહજાર માણસની વસ્તી છે. અત્યારસુધી એ ખુણામાં અને અપ્રસિદ્ધમાં હોવાથી એની ખ્યાતિ બહુજ ઓછી હતી. જો કે એના પૂર્વ ઇતિહાસમાં તો એણે અનેક ચમત્કારી ભકતપુરૂષોને ઉત્પન્ન કર્યા છે તેમાંયે શ્રીમાન્ વિજયકેસરસૂરીશ્વરજીની એ જન્મભૂમિ થતાં એની કીર્ત્તિની સુવાસ ચોતરફ પ્રસરી છે. મહાત્મા પુરૂષો પોતાના જીવનકાર્યથી પોતે સર્વત્ર પુજ્ય બને છે એટલુંજ નહિ પરંતુ પોતાનું કૂળ, જાત, નાત, ગામ, સંબંધીઓ વિગેરે સર્વેને માટે આશ્ચર્યની અને સન્માનની દૃષ્ટિ ઉત્પન્ન થાય એવું વાતાવરણ જગાડે છે. તેથીજ " આચાર્યશ્રીના યશોગાન સાથે તેમના ગામ તથા ત્યાં થઇ ગયેલા ભક્તપુરૂષોનું સ્મરણ આપણે કરવા પ્રેરાઇયે છીયે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

## વિસામણ ભગતનું ધામ.

આ ગામમાં વીસામણ ભગતનું એક પવિત્ર અને ચમત્કારી ધામ આવેલું છે. અનેક લોકો અહિં આવી એમનાં શીર ઝુકાવે છે અને જે જે માનતા માને છે તે સર્વ સફળ થાય છે. તેનીજ ગાદીયે તેમના જીવનના અનુરાગી લખમણ ભગત, ઉનડ ભગત, દાદા ભગત, અને હાલ નાના ઉનડ ભગત વિગેરે ભક્તો ઉતરી આવ્યા છે અને 'પાળીયાદ' તરફ સર્વ લોકોનું આકર્ષણ કરી રહ્યા છે. પાળીયાદની પ્રજા એ ભક્તોના નામે અભિમાન લે છે એટલુંજ નહિ પણ તેમના પ્રત્યે શુદ્ધ ભક્તિ ભાવ તથા બેહદ લાગણી દર્શાવે છે.

'પાળીયાદમાં જૈન વસ્તી ગામના પ્રમાણમાં સારી છે. જૈનોના પચાસ ઘર હોવા સાથે એક દેહેરાસરજી તથા ઉપાશ્રય પણ છે, જેનો લાભ સર્વ જૈન ભાઇઓ અને બ્હેનો સારી રીતે લઇ રહ્યા છે. પૂજ્યપાદ આચાર્યશ્રીના સદુપદેશના પરિણામે દેહેરાસરજી તથા ઉપાશ્રય સારી સુદૃઢ સ્થિતિમાં કરવામાં આવ્યો છે. જેની પ્રતિષ્ઠા તેમના લઘુબંધુ રત્ન મહા-મહોપાધ્યાયજી મહારાજ શ્રી દેવવિજયજી મહારાજશ્રીના હાથે કરવામા આવી હતી. જૈન બાળકો નાનપણથી ધર્મજ્ઞાન તથા ક્રિયામાં ઉમંગી થાય એ હેતુથી સદ્‌ગત આચાર્યશ્રીના ઉપદેશથી ધાર્મિક પાઠશાળા પણ અત્યારે ચાલું છે. આ પ્રમાણે સદ્‌ગત આચાર્યશ્રીયે ધર્મરક્ત બની પોતાનું જીવન ઉન્નત બનાવ્યું, એટલુંજ નહિ પણ સાથે સાથે પોતાના ગામ, ત્યાંની જૈન

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વસ્તી, ત્યાના જૈન બાળકો અને બાળિકાઓને માટે પણ ધર્મનું સાધન સ્થાપી ગયા. એમની સર્વના પ્રત્યેની હિતદૃષ્ટિ ખરેખર પ્રશંસાને પાત્ર છે. એમાં જરાયે સંશય નથી.

## શેઠ જીવાભાઈ વધાભાઈનું કુટુંબ.

અત્રે શેઠ જીવાભાઇ વધાભાઈ શ્રી વીસાશ્રીમાળી જ્ઞાતિમાં અગ્રેસર તેમજ ખાનદાન અને ધર્મસંસ્કારી શ્રાવક વસતા હતા. તેમને પાંચપુત્રો હતા. પનજી, નાગજી, મેઘજી, મોતિ અને ડાહ્યાભાઈ પાંચે ભાઈઓમાં પરસ્પર સારો પ્રેમ હતો. બીજા પુત્ર નાગજીભાઇને ત્રણ પુત્રો હતા. માધવજીભાઈ, ટોકરશીભાઈ તથા ચતુરભઈ તેમાં માધવજીભાઇ એ આ ચરિત્રનાયકના પિતાશ્રી હતા. અત્યારે આ કુટુંબમાં પોણોસો ઉપરાંત માણસો છે. સૌ સ્વભાવે સરળ, શાંત અને ધર્મપ્રેમી છે આવા બહોળા અને ધર્મ પરાયણ કુટુંબમાં સ્વર્ગસ્થ આચાર્યશ્રી જન્મ્યા હતા. શ્રીયુત માધવજીભાઇ ખરા ધર્મપ્રેમી હતા. તેઓ પાલીતાણા શેઠ ગભરૂભાઇ માધવજીને ત્યાં બેન પાન વેરે પરણ્યા હતા. બેન પાનબેનનું પાલીતાણાની પુન્યભૂમિમાં જન્મસ્થાન હોવાથી તેમનામાં સારી ધર્મભાવના અને શાંત પ્રકૃતિ હતી, એક પ્રસંગે માધવજીભાઇનું કોઈ નજીકનું સંબંધી ગુજરી જતાં તેમને નદી ઉપર સ્નાન કરવા જવાનું બન્યું. પુન્ય પ્રકૃતિના સંયોગે અથવા કહો કે ભાગ્યયોગે અત્રે તેમને સુપ્રસિદ્ધ યોગીપુરૂષ ઉનડ ભગતનો મેળાપ થયો. માધવજીભાઇએ તેમને નમસ્કાર કર્યો તેમના વિનયથી છક થઇ યોગી પુરૂષે વાત-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ચિતમાં પૂછ્યું કે, કેમ ભાઇ? કાંઇ સંતતિ છે? જવાબમાં જણાવ્યું કે 'ના બાપુ કાંઇ નથી.' યોગી પુરૂષે આશીર્વાદ દેતા હોય તેમ કહ્યું કે ' તો તમને છ પુત્ર થશે. ત્યારબાદ તે યોગી પુરૂષ ચાલ્યા ગયા. મહાપુરૂષની વાણી ફળી. તેમના આશીર્વાદ મુજબ પાનબેન પણ હાલ લક્ષ્મી બેન કારણકે તેમના શુભ પગલે સર્વ સાનુકૂળતાં સાંપડી હતી. તે લક્ષ્મીબેનને સં. ૧૯૩૦ની સાલમાં તેમને એકપુત્ર-રત્ન જન્મ્યો. જેનું નામ 'ખોડીદાસ' રાખવામાં આવ્યું. ત્યારબાદ સં. ૧૯૩૩ ના પોષ શુદી ૧૫ ના તેજસ્વી દીવસે પુનીત તીર્થની છાયામાં-પાલીતાણામાં લક્ષ્મીબેનને સુંદર તેજસ્વી પુત્ર રત્ન સાંપડયું. પૂનમનો દિવસ એટલે ચંદ્રની કળાથી પૂર્ણ શીતળ અને પ્રકાશીત દિવસ તે દિવસે જેનો જન્મ હોય તે ચંદ્ર સમો તેજસ્વી નીવડે એમાં નવાઇ શું હોય? એ પુત્ર રત્નનું નામ 'કેશવજી' રાખવામાં આવ્યું. હીરાઓ પૃથ્વીના અભેદ્ય ગુપ્ત પડોમાં પાકે છે. જગતના મહાન્ ધર્મનેતાઓ તત્વ-જ્ઞાનીઓની જીવનકથા મોટે ભાગે ઝુપડીથીજ અથવા સાધારણ સ્થિતિમાંથીજ શરૂ થાય છે. તેવીજરીતે 'કેશવજીભાઇ' સામાન્ય અને સાધારણ સ્થિતિમાં જન્મ્યા પણ કોને ખબર હતી કે આજ બાળપણામાં ખેલતા કેશવજીભાઇ આવતી કાલનો મહાત્મા પુરૂષ થઇ પોતાનું નામ ઉજાળશે? થયું પણ તેમજ. તેમની ધર્મનિષ્ઠ માતાના સુસંસ્કારોની દૃઢ છાપ કેશવજીભાઈ ઉપર પડી હતી. જ્યારે પાંચ વર્ષના થયા ત્યારે તેમને નિશાળે બેસાડવામાં આવ્યા. તેમના વડીલબંધુ ખોડીદાસ પણ સાથેજ

P.P. Ac. Gunratnasuri M.S.                Jun Gun Aaradhak Trust

ભણતા. બંને ભાઇઓ વચ્ચે સારો મેળ હતો. તથા સ્નેહભાવ હતો. અભ્યાસમાં પણ બંને ભાઇઓ કાળજીવાળા ઉત્સાહી તથા હુશીયાર હતા. અત્રે મોસાળમાં બંને ભાઇઓએ બે ત્રણ ચોપડી સુધીનો અભ્યાસ કર્યો ત્યારબાદ પાછા સ્વગૃહે પાળીયાદ આવ્યા.

ધર્મનિષ્ઠ બેન લક્ષ્મી બેને સં. ૧૯૩૬ ના ફાગણ શુદ એકાદશીયે ત્રીજા પુત્રનો જન્મ આપ્યો જેનું નામ હીરાચંદ રાખવામાં આવ્યું. આ પ્રમાણે ત્રણ પુત્રોથી માધવજીભાઈને સંતોષ અને આનંદ થયો, પરંતુ પાળીયાદ ગામડું હોવાથી ત્યાં નિશાળ ન હતી. અભ્યાસનું સાધન બીલકુલ ન હોવાથી પોતાના પુત્રો અભ્યાસથી વંચિત રહે એ માધવજીભાઇને ન રૂચ્યું. વળી ત્યાં વેપારનું પણ યોગ્ય સાધન ન હતું, તેથી તેમણે પાસેના શહેર વઢવાણકેમ્પમાં જવા માટે તૈયારી કરી સં. ૧૯૪૦ ની સાલમાં માધવજીભાઈ સહકુટુંબ વઢવાણ કેમ્પમાં રહેવા આવ્યા. સદ્ભાગ્યે અત્રે વેપાર સારીરીતે ચાલવા લાગ્યો. તેમજ ત્રણે પુત્રોને ભણવાની સગવડ સારી હોવાથી તેઓ સારીરીતે ભણવા લાગ્યા. વઢવાણ કેમ્પમાં તેઓ રાજપરના ઉતારામાં રહેતા અને રાજપરના દરબારનું મોદીખાનું પણ તોળતાં. અહીં આવ્યા પછી બેન લક્ષ્મીબેને ત્રણ પુત્રનો જન્મ આપ્યો. પ્રેમચંદ, વ્રજલાલ તથા મગનલાલ. મગનલાલ સહુથી નાનો પુત્ર માત્ર દશ મહીનાનો હતો.

મનુષ્યમાં ધર્મ પ્રત્યે પ્રેમ અને ધર્મના સંસ્કાર હોવા એ મહદ્ પુણ્યનું ફળ છે. ચિંતામણી સમાન આ મનુષ્યભવ-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

માં ઘણા માણસો 'ધર્મ' જાણ્યા છતાં તેને ન આદરતાં મનુષ્યભવનું કોડીનું મૂલ્ય કરી બેસે છે, એ ખરેખર શોચનિય છે. ચક્રવર્તિ સમો રાજા હોય, પણ તે ધર્મરહિત હોય તો તેના કરતા ગરીબ કે જે ધર્મમાં રક્ત હોય તે હજાર દરજ્જે શ્રેષ્ઠ ગણી શકાય. એવું આપણા ધર્મનું મહત્વ સર્વત્ર સિદ્ધ થયું છે. એક માણસ ઘરમાં ધર્મી હોય, સચ્ચારિત્રવાન અને સંસ્કારી હોય તો તેના ઘરનાં બધાં માણસો તેમજ છૈયાં-છોકરાંઓ ઉપર પણ ધાર્મિકતાની અસર થાય છે અને સુસંસ્કાર ખીલી નીકળે છે.

## ધર્મ અને પ્રેમ.

માધવજીભાઇને ધર્મ પ્રત્યે ઘણોજ સારો પ્રેમ હતો. હમેશાં પ્રભુપૂજા, સવારમાં પોરસી પચ્ચખ્ખાણ, સાંજે ચોવીહાર, સામાયિક-પ્રતિક્રમણ આટલું તો તેમના જીવનમાં કાયમ મુખ્ય હતું. તદુપરાંત તિથિના ઉપવાસ, ચૈત્રી તથા આસો માસની ઓળી, પર્યુષણપર્વમાં આઠ-દશ-પંદર-સોળ સુધી ઉપવાસ કરવા અને સાધુસંતોની સેવા તથા આતિથ્યમાં ખડા રહેતા. બ્હેન લક્ષ્મીબ્હેન પણ પોતાના પતિના પગલે ચાલી ગૃહકાર્ય સાથે ધર્મકાર્યમાં સારી શ્રદ્ધા રાખી કદી કોઈ ધર્મ ક્રિયા છોડતા નહિં. ધર્મનું ફળ અજબ છે, ધર્મ આચરણના પ્રતાપેજ તેમનું ગુજરાન સારી રીતે ચાલતું હતું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# પ્રકરણ ૩ જું.

---

## માત-પિતાનો સ્વર્ગવાસ.

સૃષ્ટિક્રમનો નિયમ છે કે 'સઘળા દહાડા સરખા જતા નથી' જીવનમાં રાત્રિ પછી દિવસ, દિવસ પછી રાત્રિ તેમ સુખ પછી દુઃખ, તડકા પછી છાંયા વિગેરે આવ્યાજ કરે છે. એ બધી વિધિની વિચિત્રતાજ ગણાય. એક સરખા સુખના દિવસ કોઈના જતાજ નથી, વિધિના લેખ કોઈ અજબ છે, મેઘધનુષ્યના અવનવા રંગોની માફક જીવનમાં પણ સુખ-દુઃખના અવનવા રંગો રહેલા છે. મનુષ્ય સુખમાં ધારે છે કે હવે વધુ સુખ આવશે ત્યારે વિધિ તે ધારણા ઉપર પોતાનો પંજો પાથરી મૂળમાંથી એક ઘા સાથે બીજી બાજી ધુળમાં મેળવી દે છે. માતા-પિતાની મીઠી હુંફમાં અને છાયામાં બાળકોને શું મણા હોય? ભાઈ ખોડીદાસ અને કેશવજીભાઈ બંનેએ નિશ્ચિતપણે છ ચોપડી સુધીનો અભ્યાસ કર્યો. સાથે સાથે લેખાં, નામું વિગેરેનું પણ જરૂરી જ્ઞાન લીધું. યોગ્ય વય થતાં વ્યાપારી લાઇનમાં જોડાવાની પણ તૈયારી કરી. વ્યાપારી લાઇનમાં જોડાઈ તેઓ કુશળ વ્યાપારી થઈ શકયા હોત, પણ વિધિનું નિર્માણ કંઇ ઓરજ હતું. એકાએક તેમના ભાગ્યમાં પલટો થયો. તેમનું જીવન નાવજ ફરી ગયું. માતુશ્રી લક્ષ્મીબ્હેન ગૃહકાર્યથી પરવારી બપોરના વખતે ગાર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કરવાને માટે માટી લેવાને નદીના સામે કાંઠે ગયા, ઉનાળાનો સખ્ત તડકો અને ઉની લુની અસર તેમના શરીરે જણાઇ. કમભાગ્યે તેમને ઝાડા શરૂ થયા. ડાકટર, વૈદ્ય વિગેરે પાસે ઉ-પચાર કરાવ્યા પણ કંઇ ફેર ન પડતાં દરદ વધતું ગયું. તેમ-ના વ્હાલા પુત્રોએ અંત સમયે પોતાથી બનતી અને છાજે તેવી માતાની સુશ્રુષા-સારવાર કરી પણ આરામ નજ થયો. આમ ત્રણ દિવસની સામાન્ય બીમારી ભોગવી બેન લક્ષ્મી-બેન પોતાની પાછળ પોતાના છ બાળકને મુકી સં. ૧૯૪૯ ના અષાડ શુદ ૨ ના દિવસે સ્વર્ગવાસ પામ્યા. માતાની ખોટ સો વરસે પણ કોને નથી જણાતી? તેમના પુત્રોને પારાવાર દિલગીરી થઇ. સગાં-વ્હાલાંઓએ સાંત્વન આપ્યું. પણ થોડા જ દિવસમાં એક એવો કરૂણ બનાવ બન્યો કે જેથી તેમના દુઃખાગ્નિમાં ઘૃત રેડાયું અને તેમને ઉપર આભ અને નીચે ધરતી સિવાય કંઇ ન રહ્યું.

માતુશ્રી લક્ષ્મીબ્હેનના દેહને અગ્નિસંસ્કાર કરીને આવ્યા પછી માધવજીભાઇ લક્ષ્મીબાઇ રહિત સુનાં ઘરમાં પ્રવેશ્યાં. અત્યારે લક્ષ્મીબાઇની ખરેખરી ખોટ દેખાઇ, કારણ કે બાળ બચ્ચાં નાની ઉમ્મરના હતાં. હજુ માતાની ગોદ ભૂલ્યાં ન હતાં. આ કારમી પીડાથી માધવજીભાઇ ચિંતામાં ડુબી ગયા. તેઓ વિચાર કરવા લાગ્યા કે 'નાનો છોકરો દશ મહિનાનો, બીજો ત્રણથી ચાર વર્ષનો, ત્રીજો સાતથી આઠ વર્ષનો. આ ત્રણે નાના છોકરાઓને ઉછેરવા, લાલન-પાલન કરવું અને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એ ઉપરાંત ઘર તથા દુકાનનું કામકાજ સંભાળવું વિગેરે મારાથી કેમ બનશે ? વળી લક્ષ્મીબાઇના મૃત્યુનો ફટકો કાંઇ ઓછો ન હતો. આથી તેઓ એકાએક ગભરાઇ ગયા. એની અસર શરીર ઉપર પણ થઈ. એમની તબીયત લથડી. ઝાડા શરૂ થયા, દરદ વધતું ચાલ્યું, સવાર પડી તેમના મોટા ત્રણે પુત્રોએ તેમને હિંમત આપી કે પિતાશ્રી! જરા પણ ગભરાશો નહિ. સઘળા દિવસ સરખા નહિ જાય, દુઃખનું ઓસડ દહાડા. એ દુઃખી દિન પણ વહી જશે અને બધાં સારા વાના થઇ રહેશે. આવતી કાલે સુખનો સૂર્ય ઉગશે. પણ રાત્રિએ તો વ્યાધિએ વધુ ભયંકર સ્વરૂપ પકડયું. ડોકટર વૈદ્યોને બોલાવ્યા. ઉપચાર કર્યા પરંતુ "તૂટી તેની બુટ્ટી હોય ખરી કે?" ફક્ત ત્રણ દિવસમાં એમનું જીવન રોળાઇ ગયું. તેઓ હતા ન હતા થઇ ગયા.

માતા-પિતા બંનેનું આ પ્રમાણે ત્રણ દિવસના આંતરે મૃત્યુ થવાથી કોની હિંમત હાથ રહે? કેશવજીભાઇએ જ્ઞાન-દૃષ્ટિથી વિચાર્યું કે સંસારમાં તો આધિ, વ્યાધિ અને ઉપાધિજ છે. એ ઉપાધિમાં પડનારને આખરે ખત્તા ખાવાનીજ હોય છે. અને દુર્લભ એવો મનુષ્યભવ એળે ચાલ્યો જાય છે. આમ ઉપાધિ વહોરવા કરતાં શુદ્ધ વૈરાગ્ય ભાવનાથી ચારિત્ર લેવામાં જીવનનો અલૌકિક લ્હાવ છે. આ પ્રમાણે ઉન્નત વિચારશ્રેણીએ ચડતાં કોઇ પૂર્વના અત્યુત્તમ સંસ્કારને લીધે તેઓશ્રી દિક્ષા લેવા પ્રેરાયા. અશાંતિ અને દુઃખમાંથી, શાંતિ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અને સુખનો માર્ગ તેમણે શોધી કાઢ્યો. ચંદન ઘસાતું જાય તેમ સુગંધ ફેલાવી તેની કિંમત વધારતું જાય. સોનું કસોટીએ ચડે અગ્નિમાં પ્રજળે છતાં શુદ્ધપણું બતાવતું રહે. ઘસારા વિના ચળકાટ નહિં. આત્મામાં જામી ગયેલા કર્મ-મેલને ઘસી ઘસીને દૂર કર્યા વિના આત્માના વાસ્તવિક સ્વ-રૂપનો ચળકાટ દેખાતો નથી. કેશવજીભાઇએ આખરે એ આત્મોન્નતિની ઝાંખી મેળવવા કર્ત્તવ્ય ક્ષેત્રમાં ઝંપલાવ્યું. પ્રથમ તેઓ વતન છોડી મોસાળગૃહે પાલીતાણે આવ્યા. એક તો તેમની ભાવના હતી તેમાં વળી અત્રે સાધુઓના સમાગમમાં એ વધુ દૃઢ થઈ. અત્રે દિક્ષા લેવા તૈયાર થયા, પરંતુ કેટલાક સ્થાનિક સગા સંબંધીઓને કારણે એ ભાવના પાર ન પડવાથી ફરી વઢવાણકેમ્પ ગયા. આમ વૈરાગ્યરંગમાં દિન પ્રતિદિન વધુ રંગાતા ગયા.

---

# પ્રકરણ ૪ થું.

---

## વડોદરામાં દિક્ષાગ્રહણ—પ્રારંભનું દિક્ષિત જીવન.

આ વખતે પરમ શાંતમૂર્ત્તિ આચાર્ય શ્રી વિજયકમળ સૂરિશ્વરજી મહારાજ સાહેબ વડોદરામાં કોઠીપોળના ઉપાશ્રયે બિરાજતા હતા. તેઓ ઘણા શાંત હતા. આવા ગુરૂજીની છાયામાં શિષ્ય તરીકે રહી જીવન જીવવામાં કેવો આનંદ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આવે ? કેશવજીભાઇની ઈચ્છા થતાં વઢવાણકેમ્પના રહીશ શાહ મુળજી બેચરભાઈએ તેમને વડોદરે મોકલી આપ્યા.

‘ ગુરૂ દીવો, ગુરૂ દેવતા, ગુરૂ વિણ ઘોર અંધાર;
જો સજ્જન ગુરૂ સાંપડે, તો લાવે ભવનો પાર.’

એવી ભાવનાવાળા કેશવજીભાઈએ આચાર્યશ્રીનો ઉપદેશ સાંભળ્યો. અમૃતની તલાવડીમાંથી કોને અમૃત પીને તૃપ્ત થવું ન ગમે ? પોતાના આત્માની ભૂમિકા શુદ્ધ હોવાથી ઉપદેશામૃતની સાચી ભૂખ તો તેમને હતી અને એ સાચી ભૂખથી ગુરૂ ઉપદેશનો સાચો સ્વાદ લેવા લાગ્યા. ગુરૂજીએ પણ પાત્ર જાણ્યું અને તેમને તાત્કાલીક દિક્ષા ન આપતાં ચાર માસ સુધી અધ્યયન કરાવ્યું. આખરે યોગ્યતા નિહાળી આગળ–પાછળ કોઈ પણ ઝગડો કે તેવું કંઈ પણ ન થાય તેની સંપૂર્ણ ખાત્રી કરીને સં. ૧૯૫૦ ના માગશર શુદ ૧૦ ના ઉજ્વળ દીવસે ભાઈ કેશવજીને બડી ધામધુમથી હાથીની અંબાડી ઉપર બેસાડી મોટો વરઘોડો કાઢી દિક્ષા આપવામાં આવી. તેમનું નામ કેશરવિજયજી રાખવામાં આવ્યું.

પોતાના ગુરૂ મહારાજ પાસે પ્રકરણોનો અભ્યાસ આદર્યો અને સંપૂર્ણ કર્યો. પછી સારસ્વત વ્યાકરણનો અભ્યાસ કર્યો. ત્યારપછી ચંદ્રિકા, કાવ્ય, કોષ, અલંકાર, ન્યાય વિગેરેનો અભ્યાસ વડોદરા તથા સુરતમાં રહીને કર્યો. હવે તો તેમનું ધ્યેય એકજ હતું. જ્ઞાન–ધ્યાનની ખરી લગની લાગી હતી એટલે આખો દિવસ અભ્યાસની પાછળ મંડી રહેતા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અને નવું નવું જ્ઞાન મેળવવા ઉત્સુક રહેતા. લાયક શિષ્યને લાયક ગુરૂનો સંજોગ થતાં કેશરવિજયજીએ તેનો લાભ લેવામાં મણા રાખી નહિ. તેમના ઉપર ગુરૂની કૃપા પણ અપાર હતી. આ વખતે સુરતમાં શ્રીમદ્ મોહનલાલજી મહારાજના શિષ્યોને યોગવહન તેમના આગ્રહથી કરાવવા શરૂ કર્યા, તે સાથે મહારાજશ્રી કેશરવિજયજી પણ સાથે જોડાયા. યોગવહન અને સૂત્રનું વાંચન શરૂ કર્યું. બુદ્ધિશાળી હોવાથી થોડા વખતમાં ઘણાં સૂત્રો વાંચ્યા. જેમ જેમ વધુ વાંચતા ગયા તેમ તેમ તેમનું જ્ઞાન વિશાળ થતું ગયું. આથી બીજા ટાઇમે યોગને લગતાં પુસ્તકો વાંચવા શરૂ કર્યા. અધ્યાત્મયોગનો વિષય તેમને અતિ પ્રિય હતો, તેથી 'યોગ'ની ખરી લગની લાગી. આમ જૈન તેમજ જૈનેતર યોગોના પુસ્તકો ઘણાં વાંચ્યા. એટલુંજ નહિ પણ ઘણા યોગી પુરૂષોના સમાગમમાં આવ્યા. હઠયોગ કરતાં રાજયોગ ઘણો ઉત્તમ હોવાથી યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ રૂપ અષ્ટાંગ યોગ તરફ વૃત્તિ ખેંચાણી; તેમાં પણ ધારણા, ધ્યાન અને સમાધિ તરફ વધુ લક્ષ્ય ખેંચાયું, અને તેથી તેઓ મોટા મોટા યોગી મહાત્માઓના સમાગમમાં આવી તેનો લાભ લેવા લાગ્યા. બરડાના પહાડ તરફ તેમજ અન્ય સ્થળોમાં જ્યાં જ્યાં ઉચ્ચ કોટીએ પહોંચેલા યોગીઓ સાંભળતાં ત્યાં જવાને ચુકયા નથી. આખરે તેઓ એટલી શક્તિ મેળવી શકયા કે મોટા યોગીઓ કે જે મૃત આત્માઓ સાથે વાતચિત કરી શકતા તેમના દ્વારા પોતે જૈનાચાર્ય શ્રીમદ્ હેમ-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ચંદ્રાચાર્ય તથા ચીદાનંદજી મહારાજ સાથે વાતચિત કરવા-
ભાગ્યશાળી બન્યા હતા, તે યોગીઓ દ્વારા પોતાને જે રસ્તે
મળ્યો હતો તે રસ્તે અહોનિશ પોતે પ્રયત્ન કરતા હતા અને
સાથે 'ૐકાર'નો જાપ પણુ ચિત્તવૃત્તિ સ્થિર કરવા કર્યાજ
કરતા. આ જાપ તેમણે કરોડોવાર કરેલો હતો. તેમના દેહ-
વિલય પહેલાંની છેલ્લી ઘડીયે પણુ તેમના હાથના ટેરવા ઉપ-
આ જાપ ચાલુજ હતો.

---

# પ્રકરણ ૫ મું.

## — તેમનો કાર્યપ્રદેશ. —

મહારાજશ્રીએ પાલીતાણા, ગીરનાર, તારંગાજી, પાન-
સર વિગેરે ઘણા તિર્થોના સંઘો કઢાવીને તિર્થની યાત્રાઓ
નો લાભ સારો લીધો છે. યોગાભ્યાસ માટે એકાન્ત સ્થળ
જેસલમેરનો પ્રદેશ ઘણો સારો ગણાય છે, તેમજ તે તરફ
કેટલાક તિર્થો તથા પ્રાચિન જ્ઞાનભંડારો પણુ ઘણા સારા આ-
વેલ છે આથી મહારાજ શ્રી તથા મહોપાધ્યાય મહારાજશ્રી
દેવવિજયજી વિગેરે જેસલમેર ગયા. જેસલમેર, લોદ્રવાપટ્ટણ,
સાચોર વિગેરે તિર્થના દર્શન કરવા સાથે જેસલમેર રહી ત્યાંનો
જ્ઞાનભંડાર તપાસ્યો હતો. ત્રણ-ચાર હાથ લાંબા તાડપત્ર ઉપરના
લખેલા દિવ્ય અક્ષરોના ગ્રંથો ત્યાં તેમના જોવામાં આવ્યા હતા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અને કેટલાક ગ્રંથો તપાસ્યા પણ હતા, તે પછી ત્યાંથી પોકરણુ ફલોદી, બીકાનેર, નાગોર, મેડતા, પાલી, રાણુકપુર, સાદરી, આબુજી વિગેરે ઘણા પ્રાચિન તિર્થના દર્શન કરવા સાથે ઘણા જ્ઞાનભંડારો પણ જોયા હતા. જ્ઞાનભંડારો તપાસી તેમણે કેટલાક ઉપયોગી પુસ્તકોનો સંગ્રહ પણ કરાવેલ છે.

## — ગણીપદવી તથા પન્યાસપદવી પ્રદાન. —

મહારાજશ્રી કેશરવિજયજીના જીવનક્રમમાં પ્રગતિને સ્થાન હતું. ન્હાનપણથી તેઓ તપશ્ચર્યા કરતા, તિથિઓના ઉપવાસ પણ ચુકતા નહિ, વળી સૂત્રોની આરાધના નિમિત્તે યોગવહનની ક્રિયા પણ પોતે કરી હતી. ભગવતીસૂત્રના યોગવહન થયા પછી ગણીપદવી આપવામાં આવે છે તે મુજબ ગુરૂ મહારાજશ્રીના આગ્રહથી સુરતમાં સં. ૧૯૬૩ ના કારતક વદ છઠે તેમને ગણી-પદવી આપવામાં આવી. બીજે વરસે સં. ૧૯૬૪ના માગશર સુદ દશમે મુંબઈના ચાતુર્માસમાં ઘણી ધામધુમથી પન્યાસપદવી પણ આપવામાં આવી હતી, તે સાથે ઉપધાનવાળાઓની માળનો મોટો ઉત્સવ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ઝવેરી બાબુ રતન-લાલ ચુનીલાલ તથા શ્રાવિકાબ્હેન ભીખીબ્હેન કે જેમને મહા-રાજશ્રી પ્રત્યે ઉંચી લાગણી હતી તેમના તરફથી મહોત્સવનો તમામ ખર્ચ, નવકારશી તથા ઉપધાન વિગેરે કરાવવામાં આવ્યું હતું. મહારાજશ્રી પોતે સ્વ-સ્વભાવમાં અને આત્મિકજ્ઞાનમાં મસ્ત હોવાથી તેમને પદવીની ઈચ્છા ન હતી, પરંતુ ગુરૂ-મહારાજ તથા ભક્તજનોના અત્યંત આગ્રહથીજ આ કાર્ય કરવું પડયું હતું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ગુરૂમહારાજશ્રીની આજ્ઞાથીજ તેઓશ્રી રાજયોગના જાણકાર યોગીઓની શોધમાં ફરતા હતા. ગુરૂમહારાજશ્રી પ્રતે તેમની લાગણી અનુપમ હતી. ધોરાજીથી લીંબડી બધાને ભેગા થવા માટે ગુરૂમહારાજશ્રીના લખાણથી નિર્ણય કરી લીંબડી આવતા હતા ત્યાં સુરતના સંઘ તરફથી ઝવેરીમંડળ પન્યાસ આનંદ-સાગરજીને આચાર્યપદવી આપવા વિનંતિ કરવા આવતા લીંબડી બધાને એકઠા થવાનું બંધ રાખવું પડયું, અને ગુરૂમહારાજશ્રીએ સુરત જઇ ત્યાં પદવી આપી. અને સંઘમાં કેટલાક સમયનો પડેલ કલેશ-કંકાસ દૂર કરાવ્યો, ત્યાંથી ગુરૂમહારાજશ્રી બારડોલી આવ્યા. ત્યાં ચોમાસામાં ઝેરી તાવના સપાટામાં આવતાં કાલધર્મ પામ્યા. આ વખતે પં૦ મહારાજશ્રી કેશરવિજયજીને ઘણો આઘાત થયો, પણ જ્ઞાનદૃષ્ટિથી વિચારી સાંત્વન મેળવ્યું અને તેમના પરમપૂજ્ય ગુરૂદેવની આત્મશાંતિ ઈચ્છી. ગુરૂદેવના કાલગમન પછી મહા-રાજશ્રીની જવાબદારી વધી. અગાઉ પોતાના ધ્યેય રાજયોગમાં મસ્ત એવા યાગીઓની શોધમા ફરવું, તેમને મળવું તેમાં હવે વિક્ષેપ પડ્યો. છતાં તેમની પોતાના યોગની પ્રવૃત્તિ તો ચાલુજ હતી.

## — સાધુ-સાધ્વી સંમેલન. —

ગુરૂમહારાજશ્રીના કાલગમન પછી પોતાના સંઘાડાના સાધુસાધ્વીઓનું સંમેલન કરવા માટે ધ્રાંગધ્રાથી પ્ર૦ સાધ્વીજી ગુલાબશ્રીજી તથા પુન્યશ્રીજીનો પત્ર મહારાજશ્રી ઉપર આવ્યો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તેમાં જણાવેલ જે મહારાજશ્રીનો તમામ પરિવાર એકઠો થાય તો સારૂં. નહિ તો પછી તમો મોટા ગુરૂભાઇઓને ભેગા થવાની જરૂર છે. તમો વઢવાણકેમ્પ આવો. અમો અત્રેથી ત્યાંજ આવીયે છીયે. આ ઉપરથી મહારાજશ્રી વઢવાણકેમ્પ પધાર્યા. પં૦ શ્રી દેવવિજયજી, પં૦ શ્રી મોહનવિજયજી, ભાવવિજયજી વિગેરે તથા પ્ર૦ સાધ્વીજી ગુલાબશ્રીજી, પુન્યશ્રીજી, જ્ઞાનશ્રીજી વિગેરે ભેગાં થયાં. અને કેટલીક જરૂરી ચર્ચા કર્યા પછી કેટલાક અગત્યના ઠરાવો કરવામાં આવ્યા. જેમાં મુખ્ય એ હતા કે બધા સાધુ સાધ્વીઓએ પં૦ મા૦ શ્રી કેશરવિજયજી મહારાજની આજ્ઞામાં રહેવું. દીક્ષા આપવા બાબત તપાસ કરી યોગ્ય જીવને આપવી. તે પણ અમુક અભ્યાસ કર્યા પછી, એક બીજાના શિષ્યને તેના ગુરૂની આજ્ઞા સિવાય રાખવો નહિ. વિગેરે આઠેક ઠરાવો કરવામાં આવ્યા હતા. આ પ્રમાણે ઠરાવ વિગેરે કરવાનો હેતુ એજ હતો કે મહારાજશ્રી કોઇપણ પ્રકારે સંગઠન કરવા અને તેને જારી રાખવા ચાહતા હતા. કલેશ કંકાસ કે ભિન્નતા ન પ્રવેશે તે માટે તેઓશ્રી બરાબર પ્રયત્નશીલ રહેતા હતા.

મહારાજશ્રીની પ્રવૃત્તિ અઠ્ઠાઇમહોત્સવ, વરઘોડા, જમણ વિગેરે ધામધુમ તરફ ઘણી ઓછી હતી. ફક્ત અનાયાસે થતાં હોય તો તેમાં ભાગ લેતા હતા. મુંબઇ, અમદાવાદ, સુરત, જામનગર, પેથાપુર, વડાલી વિગેરે સ્થળે મહારાજશ્રીના ચતુર્માસ દરમીયાન ઉજમણા, અઠ્ઠાઇમહોત્સવ, સમવસરણ, તીર્થરચના વિગેરે થયાં છે પરંતુ તેમાં આગ્રહને સ્થાન ન હતું. તેમના

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હસ્તે સાધુ સાધ્વીઓની ઘણી દીક્ષાઓ પણ થઇ છે. જેમકે ન્યાયવિજયજી, હેતવિજયજી, ધર્મવિજયજી તરૂણવિજયજી, વીરવિજયજી, ચંદ્રવિજયજી, ધ્યાનવિ. પ્રભાવવિ. વિગેરેની દીક્ષાઓ મહારાજશ્રીના શુભ હસ્તેજ થઈ છે.

---

# પ્રકરણ ૬ ઠું.

---

## પ્રતિષ્ઠા, પાઠશાળા, ઉપાશ્રય, હુન્નરશાળા, યોગાશ્રમ.

મહારાજશ્રીના હાથે ઘણા ગામના દેહેરાસરોની પ્રતિષ્ઠા થઇ છે. પાઠશાળાઓ પણ ઘણે ઠેકાણે સ્થાપેલી છે. નવા ઉપાશ્રયો પણ ઘણે ઠેકાણે ઉપદેશદ્વારા કરાવ્યા છે. તેમજ આજીવીકાથી દુઃખી શ્રાવકોની સંતતિ જોઇ તેમના ઉદ્ધાર ખાતર હુન્નરશાળાઓ પણ ઘણે સ્થળે સ્થપાવી છે. કર્મક્ષય કરવામાં 'યોગ' અસાધારણ ઉપાય હોવાથી તેવા યોગના જાણકાર યોગીપુરૂષો તૈયાર કરવા મઢડામાં એક યોગાશ્રમ પણ કઢાવ્યું હતું. તેનો હેતુ ઉચ્ચ હતો પરંતુ કાર્યકર્ત્તાની ખામીને લીધે તે યોગાશ્રમ બંધ થઇ ગયું. અનેક જીવો લાભ લે. ધર્માનુરાગી થઈને સ્વકલ્યાણમાં પ્રેરાય, એવી શુભ અને ઉદાત્ત ભાવનાથી દરેક ખાતાઓમાં ઉપદેશ આપી હજારો રૂપીયાની મદદ તેઓશ્રીએ કરાવી હતી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

## ( ૨૫ )

## યોગમાર્ગ અને સ્વાનુભવ.

મહારાજશ્રી માનતા હતા કે અધ્યાત્મયોગમાર્ગથી કર્મની ખરેખરી નિર્જરા થાય છે. તેથી પોતાના જીવનમાં યોગ તેમણે મુખ્ય વિષય ગણેલો. એ ન્યાયે તેમાં પારંગત થવા તેની પાછળ જીંદગીનો મોટો ભાગ પસાર કર્યો છે. યોગના જાણકાર જે જે યોગીઓ તેમના પરિચયમાં આવ્યા તેમની પાસે તે વસ્તુના વિવેચન કે વાટાઘાટ અને અભ્યાસ કરવામાં તેમણે જરાયે પ્રમાદ સેવ્યો નથી. જે જે વસ્તુ ઠીક લાગતી તેનો નોંધ સ્વયમેવ પોતાની નોંધપોથીમાં કરી લેતા અને તેને સ્વાનુભવથી સિદ્ધ કરવા પ્રયત્ન સેવતા હતા. પોતાના યોગ સંબંધિના પુસ્તકોમાં ધ્યાન કરતી વખતે લક્ષ્યબિંદુ ક્યાં રાખવું ? તેનાથી શું લાભ થાય ? યોગ શું વસ્તુ છે ? અને તેને કેમ સાધી શકાય વિગેરે બાબતોનું જ્ઞાન જનસમૂહના ભલાને માટે લખી ગયા છે. આપણા સાહિત્યમાં યોગસંબંધનો તેમના પુસ્તકો કોઇ અનેરો પ્રકાશ પાડે છે અને સારૂં સ્થાન રોકે છે.

## મહારાજશ્રી અને ધર્મપુર દરબાર વિજયદેવજીનું મીલન.

'વિદ્વાન્ સર્વત્ર પુજ્યતે' એ ઉક્તિનો સાક્ષાત્કાર મહારાજશ્રીના અનેક જીવનપ્રસંગોમાં નીહાળી શકાય છે. જૈનોમાં તો તેઓ પૂજાતા, જૈનેતરોમાં પણ પૂજાતા એટલુંજ નહિ પણ રાજ્યમાં પણ તેઓનું સન્માન અનુપમ હતું. એમની યોગ-

आचार्य श्री कैलाससागर सूरि ज्ञान मन्दिर
श्री महावीर जैन आराधना केन्द्र,
कोबा, जि. गांधीनगर, पीन-३८२००९
P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ક્રિયામાં અજબ પુરૂષાર્થ હતું. જેની અસરથી ભલભલા પણ તેમના એ કાર્ય પરત્વે આકર્ષાતા અને તેમનો અમુલ્ય પરિચય ઈચ્છતા. જ્યારે મહારાજશ્રી સં. ૧૯૭૯ની સાલમાં વલસાડ ચાતુર્માસ રહ્યા હતા. ત્યારે ઉનાળાના ટાઈમમાં વલસાડ પાસેના તિથ્થલ મુકામે દરીયાકિનારે ઝવેરી નગીનભાઈ વીરચંદ હવા ફેર ખાતર પોતાના કુટુંબ સાથે એક સુંદર બંગલો ભાડે રાખીને રહ્યા હતા. તે વખતે મહારાજશ્રી પણ તેજ બંગલાના એક વિભાગમાં રહ્યા હતા. એક દિવસે દરીયા કિનારે રેતીના મેદાનમાં મહારાજશ્રી ધ્યાનમગ્ન બેઠા હતા તે વખતે ધરમપુર દરબારના મોદી રૂગનાથભાઈ ફરતા ફરતા ત્યાં આવી ચડ્યા. મહારાજશ્રીને જોઈ તેઓને તેમને માટે પૂજ્યભાવ થયો. મહારાજશ્રીને તેમણે જણાવ્યું કે 'હું દરબારશ્રીનો મોદી રાજપરાનો રહીશ છું. હું જૈન શ્રાવક છું. આપશ્રીના દર્શન કરવાની ઘણા વખતથી ભાવના હતી તે આજે પૂર્ણ થઈ. દરબારશ્રી પણ અહિં નજીક બંગલામાં હવાખાવા આવેલ છે. તેમને હું આપની વાત કરીશ. તેઓશ્રી પણ ધર્મિષ્ઠ અને સત્સમાગમના ચાહનાર હોવાથી જરૂર આપનો લાભ લેવા આવશે. આ પ્રમાણે કહી મોદી દરબારશ્રી પાસે ગયા અને તેમણે મહારાજશ્રી સંબંધી સઘળી હકીકતથી વાકેફ કર્યા. બીજે દિવસે દરબારશ્રી પોતાના તમામ માણસોને સાથે લઇ મહારાજશ્રીના દર્શને પધાર્યા. પ્રથમથી ખબર પડવાથી ઝવેરી નગીનભાઇએ બંગલામાં તમામ સગવડતા બેસવા વિગેરેની કરી હતી. દરબારશ્રી નમસ્કાર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કરીને બેઠા બાદ મહારાજશ્રીએ આત્મજાગૃતિ આપનાર ઘણી અસરકારક ભાષામાં દેશના આપી, સાથે સાથે પરોપકાર, જીવ-દયા, દેવગુરૂધર્મનું સ્વરૂપ, વિગેરે પણ સમજાવ્યું. તે વખતે શીવ-જીભાઇ દેવશી ત્યાં હાજર હતા તેમણે પણ તેમની સચોટ શૈલીથી ભાષણદ્વારા ધર્મ સંબંધી સારી શ્રદ્ધા દરબારશ્રીને પ્રગટાવી. જ્યાંસુધી દરબારશ્રી રહ્યા ત્યાંસુધી તેઓ તેમના સ્રીવર્ગ તથા રાજવર્ગ તમામ મહારાજશ્રીના વ્યાખ્યાનનો લાભ લેતા હતા. મહારાજશ્રી પણ કોઈ વખતે દરીયા કિનારે, કોઈવાર દરબાર શ્રીના બંગલે તો કોઇવાર નગીનભાઇના બંગલે એમ અવાર નવાર વ્યાખ્યાનનો લાભ આપતા હતા. જેના પરિણામે દર-બારશ્રી તથા તેમના કચેરીમંડલે કોઇએ સાત વ્યસનો કોઇએ પાંચ વ્યસનત્યાગના સખ્ત નિયમો લીધા—દારૂ, શીકાર, પરસ્રી, ચોરી, જુગાર, વેશ્યા, માંસ વિગેરેનું સેવન ન કરવા સખ્ત પ્રતિજ્ઞા લીધી. આ પ્રમાણે મહારાજશ્રીના સત્સંગની દરબારશ્રી ઉપર સુંદર અસર થઇ. મહારાજશ્રી ઉપરનો દરબારશ્રીનો સદ્ભાવ અંતિમ સુધી ટકી રહ્યો હતો. જ્યારે મહારાજશ્રીને આચાર્ય પદવી મળી ત્યારે રૂા. ૧૦૧) ભેટ મહોત્સવમાં ખર્ચ કરવા મોકલ્યા હતા. વળી માંદગી વખતે તાર-પત્રોદ્વારા અવાર-નવાર ખબર પૂછાવતા હતા. દરબારશ્રીની આટલી બધી લા-ગણી જોઇ કયા જૈનનું અંતર પ્રફુલ્લિત નહિ થાય ?

---

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

## ભરૂચની પ્રજાનો પૂજ્યભાવ અને મહારાજશ્રીનું સ્મારક.

સં. ૧૯૮૦ નું ચાતુર્માસ ભરૂચમાં થયું, ચાતુર્માસ પહેલાં મહારાજશ્રીએ બે જાહેર વ્યાખ્યાન આપ્યા હતા. પ્રથમ 'આત્માની શક્તિ કેટલી છે' અને બીજું 'મનુષ્યજન્મમાં આપણું કર્ત્તવ્ય' આ બે ભાષણો સાંભળી ભરૂચની પ્રજા મહારાજશ્રીની વાણી સાંભળવા ઘેલી થઇ હતી. મહારાજશ્રી વેજલપુરમાં ચાતુર્માસ રહેલ હોવાથી વ્યાખ્યાન ત્યાં વાંચતાં હતા, આથી બબ્બે અને ત્રણ ત્રણ માઇલ ઉપર રહેનારા પણ હજારોની સંખ્યામાં જૈન તેમજ જૈનેતર તમામ કોમ–બ્રાહ્મણ, પારસી, મુસલમાન, ઘાંચી, મોચી વિગેરે પણ ત્યાં સર્વ આ અમૂલ્ય લાભ લેવા હાજર થઈ જતા હતા. મહારાજશ્રીનો ઉપદેશ સાંભળી તમામ કોમ ધર્માનુરાગી થવા પામી હતી. જ્ઞાનપંચમીના દિવસે જ્ઞાનનું મહાત્મ્ય સાંભળી ઘણા માણસોએ ઉપવાસ પણ કર્યા હતા. વ્યાખ્યાન માટે એટલી બધી પડાપડી કે શ્રાવકો આવ્યા પહેલાં તો અન્ય કોમ–બ્રાહ્મણો, ઘાંચી, મોચી અને પારસીઓથી ઉપાશ્રય ચીકાર ભરાઇ જતો. જૈનેતર પ્રજાએ ખરેખરો લાભ લીધો તેનું તાદૃશ્ય દૃષ્ટાંત કદી ભૂલાય તેવું નથી. ઘાંચી કોમે ખુબ લાભ લીધો, તેમાં એક ઘાંચીએ તો એવો નિયમ લીધો કે તમામ સાધુ–સાધ્વીઓને (જેની સંખ્યા બારની હતી) મારે એક એક કામળી વહોરાવવી છે અને તે માટે આગળ આવીને મહારાજશ્રીને વિનંતિ કરી અને મહા-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાજશ્રીએ તેનો ભાવ પૂર્ણ કર્યો. ત્યાં તો એક પારસીબંધુ એ લૂગડા વહોરાવવા આગ્રહ કર્યો, મતલબ એ છે કે જૈનેતર કોમ અને ઘાંચી મોચી જેવી અશિક્ષિત અને અજ્ઞાનકોમમાં પણ તેમણે કેવી આબેહુબ જાગૃતિ લાવી દીધી તે ખરેખર પ્રશંસનિય છે. તેમના વ્યાખ્યાનની વિશિષ્ટતા અને તે પાછળ તેમની પ્રતિભા–એ બધાની અસર કેવી સારી થઇ તે સ્પષ્ટ જોઇ શકાય છે. ચોમાસું પુર્ણ થતાં ત્યાંની પ્રજાએ મહારાજશ્રીના ગુણાનુરાગી પણાથી આકર્ષાઇ તેમનું કાયમી સ્મારક રાખવા એક મિટીંગ બોલાવી. તેમાં ખરડો કરતાં રૂપીયા પંદરસો આશરે ભરાણા. આ રૂપીયામાંથી કેન્વાસ ઉપર મહારાજશ્રીની એક સુંદર મોટી ઓઇલિ પેટીંગ છબી બનાવવામાં આવી અને સ્કુલમાં સંસ્કૃત ભણતા વિદ્યાર્થીઓમાં જેઓ પહેલા તથા બીજે નંબરે પાસ થાય તેને મહારાજશ્રીના નામથી ઈનામ આપવાનું ઠરાવ્યું. આ રકમ ત્યાંની મ્યુનિસીપાલીટીને બોંડ લઈ સોંપવામાં આવી. આ પ્રમાણે ભરૂચમાં મહારાજશ્રીની ઉજ્વળ કારકિર્દીનું ઉજ્વળ ચિરસ્મરણીય સ્મારક હજુ તેમની નામના વધારી રહ્યું છે.

---

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# પ્રકરણ ૭ મું.

## આચાર્યપદવી અને મહોત્સવ.

મહારાજશ્રીનું સં. ૧૯૮૨ નું ચોમાસું ભાવનગર થયું-મહારાજશ્રીની અમોઘ દેશનાથી આખા શહેરની પ્રજા જૈન યા જૈનેતર તેમના ઉપર ફીદા ફીદા થઇ ગઈ. મારવાડી ધુલીયો વંડો વિશાળ છતાં વ્યાખ્યાનમાં એટલી ભરતી થવા લાગી કે બેસવાની જગ્યા પણ ન મળે. મહારાજશ્રી બધાને લોકપ્રિય થઈ ગયા. નિઃસ્વાર્થ મધુર ઉપદેશ કોને નથી આકર્ષતો ? રાજ્યનો અધિકારી વર્ગ પણ બપોરના ટાઇમે મહારાજશ્રીની મુલાકાત લઇને આનંદ મેળવતો હતો. ગુરૂમહારાજશ્રી વિજયકમળસૂરિશ્વરજીની જયંતિ ઉજવવા એકત્ર થયેલી એક મિટીંગમાં પં. શ્રી લાભવિજયજીએ તે પ્રસંગે ભાષણમાં જણાવ્યું કે-"ગુરૂમહારાજ પોતે પોતાની નોંધપોથીમાં પોતાની પાછળ પં૦ શ્રી કેશરવિજયજીને આચાર્યપદવી આપવા બદલ અમદાવાદના નગરશેઠ વિમળભાઇ મયાભાઇ ઉપર લખી ગયા છે. આ ગુરૂશ્રીનું વચન હજૂ સુધી પળાયું નથી, શ્રી ભાવનગરનો સંઘ તે પાળશે એવી મને આશા છે." બીજી બાજુ ભાવનગરનો સંઘ વિચાર કરતો હતો કે મહારાજશ્રીએ આપણા ઉપર ધર્મદેશના દ્વારા મહાન્ ઉપકાર કર્યો છે અને સત્ય વસ્તુનું ભાન કરાવેલ છે. તેઓશ્રીના ઋણમાંથી મુક્ત

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

થવાને આ અમૂલ્ય અવસર હાથ લાગ્યો છે, આ પ્રમાણે વિ-ચાર કરી સમગ્ર સંઘ તરફથી મહારાજશ્રીને આચાર્યપદવી આપવા આગ્રહ કરવામાં આવ્યો. મહારાજશ્રીની પદવી લેવા-ની બીલકુલ ઇચ્છા ન હતી છતાં સંઘના અતિ આગ્રહથી મૌન રહ્યા. એટલે સંઘ તરફથી આચાર્યપદવી માટે મહોત્સવ શરૂ કરવામાં આવ્યો. સંઘ તરફથી શત્રુંજય વિગેરે તિર્થની રચના કરવામાં આવી. શેઠ જુઠાભાઈ સાકરચંદ વોરા તરફથી અઠ્ઠાઇ મહોત્સવ શરૂ કરવામાં આવ્યો, આચાર્યપદવીનું મુહૂર્ત સં. ૧૯૮૩ ના કારતક વદી ૬ નું હોવાથી દાદાસાહેબના વિશાળ ચોકમાં સુંદર ચંદણી બાંધી તેની નીચે રૂપાનું સમવસરણ ગોઠવ-વામાં આવ્યું. અને હજારો માણસોની મેદની વચ્ચે પ્રથમ પં૦ મહારાજ શ્રી દેવવિજયજીને મહા મહોપાધ્યાય પદવી પં. શ્રી લાભવિજયજીને પ્રવર્ત્તક પદવી આપવાની ક્રિયા કરાવી. ને પદવી પણ આપી. તે પછી મહારાજશ્રીએ નાણને ફરતી ક્રિયા કરી. ક્રિયા સંપૂર્ણ થતાં હર્ષથી ઘેલા બનેલા શ્રી ચતુર્વિધ સંઘે મહા રાજશ્રી ઉપર આચાર્ય પદવીનો વાસક્ષેપ નાખ્યો. મહારાજશ્રીનું નામ "વિજયકેશર સૂરીશ્વરજી" રાખવામાં આવ્યું. શ્રી અમદા-વાદવાળા નગરશેઠ વિમળભાઈ મયાભાઇ, વાડીલાલભાઇ પરશો-તમદાસ, ગીરધરભાઇ વિગેરે તરફથી મહારાજશ્રીને પ્રથમ ચાદર કામળી ઓઢાડવામાં આવી પછી તમામ સંઘ તરફથી ચાદર તથા કામળીઓ ઓઢાડી, તે દિવસે રાણપુરવાળા શેઠ વાડીલાલભાઈ પરશોતમદાસ તરફથી શાંતિ સ્નાત્ર. વરઘોડો તથા જૈનના ત્રણે ફિ-રકા શ્વેતાંબર, દિગંબર અને સ્થાનકવાસીઓની મલી નવકારશી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કરવામાં આવી હતી. વલસાડના શેઠ ઝવેરી મગનભાઇ નગીદાસ તરફથી શ્રીફલની પ્રભાવના કરવામાં આવી હતી. આ પ્રમાણે ભાવનગર શહેરની તમામ જૈન તથા જૈનેતર પ્રજા પદવી મહોત્સવમાં સામેલ થઇ હતી. ભાવનગરના જૈન ઇતિહાસમાં એ પ્રસંગ જરૂર અપૂર્વ હોવાથી સુવર્ણાક્ષરે દરેકના હૃદયમાં કોતરાઈ રહેશે.

## પ્રજાવર્ગ તરફથી અભિનંદન–માનપત્ર.

આચાર્ય મહારાજશ્રીએ ભાવનગરની તમામ પ્રજાને ઉપદેશ આપી ઘણો લાભ આપેલ હોવાથી તેમજ તેઓશ્રીને જે પદવી આપવામાં આવી હતી તે માટે અભિનંદન આપવા આખા ભાવનગર શહેરની પ્રજાના અગ્રેસરોની સહી સાથેની એક જાહેર પત્રિકા બ્હાર પાડવામાં આવી હતી. અને રાજ્યના મે. કાઉન્સીલર શ્રીયુત ત્રિભોવનદાસભાઇના પ્રમુખપણા નીચે દાદા સાહેબની વાડીમાં એક ભવ્ય સમીયાણો ઉભો કરવામાં આવ્યો હતો. તેમાં રાજ્યનો અધિકારી વર્ગ, કાઉન્સીલરો તથા પ્રજાના નેતાઓ અને પ્રજાવર્ગે મોટી સંખ્યામાં હાજરી આપી હતી. પ્રારંભમાં આચાર્ય મહારાજશ્રી વિગેરે સપરિવાર પધારતાં તેમનો સારો સત્કાર કરવામાં આવ્યો હતો. નગરશેઠ પ્રભુદાસભાઇ તરફથી તથા પ્રમુખશ્રી ત્રિભુવનદાસભાઈ તરફથી મહારાજશ્રીની ઘણી પ્રશંસા કરવા સાથે શ્રી જૈન સંઘ તરફથી આપશ્રીને જે આચાર્ય પદવી આપવામાં આવી છે તેના માટે આ ભાવનગર શહેરની તમામ પ્રજા આપશ્રીને અભિનંદન આપે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

છે તે આપશ્રી સ્વિકારશો. આપે આ પ્રજાને અનહદ લાભ આપેલ છે. તે બદલ આ પ્રજા આપશ્રીનો ઉપકાર માને છે. અને હવે ફરીને આ ભૂમિને આપ ભૂલી ન જતાં ફરી ફરી દર્શનનો લાભ આપતા રહેશો. એવી આ સેવકોની નમ્ર વિનંતિ છે, તે આપશ્રી ધ્યાનમાં રાખશો. આટલા વિવેચન થયા બાદ મહારાજશ્રીયે મીઠા શબ્દોમાં ઉત્તર આપ્યો કે મારી ફરજ ઉપરાંત મેં કાંઇપણ કરેલ નથી. ભાવનગરની પ્રજા ગુણગ્રાહી હોવાથી ગુણીનું બહુમાન કરો છો. સાધુઓનો ધર્મ છે કે અવાર નવાર દરેક સ્થળે વિચરી સર્વને લાભ આપવો. તે પ્રમાણે વલી ક્ષેત્ર ફર્સના હશે તો તમોને ફરી લાભ મળશે વિગેરે બોલી સભા બરખાસ્ત કરવામાં આવી હતી. ખરેખર ! મહારાજશ્રી માટે સૌના હૃદયમાં અનહદ પ્રેમ પ્રગટ થયો હતો.

## આચાર્યપદવીને અંગે જૈન તથા જૈનેતર પત્રકારો.

મહારાજશ્રીની આચાર્યપદવીના અંગે જૈનપત્ર, જૈનધર્મ પ્રકાશ, આત્માનંદ પ્રકાશ, જૈનજીવન તથા જૈનેતર પત્રકારોએ પોતાના પત્રની શરૂઆતમાં મોટા અક્ષરોથી લખેલ છે કે– 'ભાવનગરમાં ઉત્સાહ. આનંદની રેલમછેલ, યોગ્યને યોગ્ય માન વિગેરે હેડીંગથી ઘણા વિસ્તારથી લેખો લખી મહારાજશ્રીના ઘણા ગુણ ગાયા છે. જૈનેતર પત્રકારોએ પણ ઘણાં સુંદર લેખો મહારાજશ્રીની બાબતમાં લખ્યા છે અને મહારાજશ્રીની મુકત કંઠે પ્રશંસા કરેલ છે. આ પ્રમાણે તેઓએ સર્વ પ્રજાવર્ગ તરફથી ચાહના મેળવી અને સર્વને પોતાના પ્રેમથી જીતી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

લીધા. તે બતાવે છે કે તેઓ ખરેખરા પ્રતિભાશાળી અને શકિતમાન હતા

---

# પ્રકરણ ૮ મું.

---

## તારંગાજી તિર્થમાં ધ્યાન અને શરદીની અસર.

આચાર્ય મહારાજ શ્રી સં. ૧૯૮૫ નું ચોમાસું વડાલી કરી કાર્તક વદમા તારંગાજી પધાર્યા. અહીં ધર્મશાળામાં ધ્યાનને લાયક એકાંત સ્થાન ન હોવાથી નવીન બનાવેલ ગુફામાં મહારાજશ્રી ધ્યાન ધરવા જતા હતા. કારણકે યોગીઓને એકાંતવાસમાં અપૂર્વ આનંદ આવે છે, નિર્જન અને ભયંકર ગુફા જેવું સ્થાન પણ તેમને રમણીય ભાસે છે. ત્યાં ગુફામાં સમાધિ લગાવી તેઓ બેસી રહેતા. એક વખત ઘણો વરસાદ પડ્યો અને સાથે ઠંડો પવન પણ વાવા લાગ્યો, સખ્ત ઠાર અને ઉપકરણની હાજરી છતાં મહારાજશ્રીએ સહનશીલ થવાની ભાવના ભાવી. મનની મક્કમતાને લીધે તેઓશ્રીએ ઠંડી સહન કરી પણ એ ઠંડીની અસર બહુજ ખરાબ થઇ ને તેમને વિઘાતક નીવડી. શરદીની અસરથી છાતીમાં દુ:ખાવો થયો, એકવાર મૂર્છા આવીને પડી ગયા. શ્વાસની એકદમ અસર જણાઇ, મહા મુશ્કેલીથી સીપોર આવ્યા. ત્યાં મુનિશ્રી ન્યાયવિજયજીને પન્યાસપદવી આપવાનું કાર્ય કરવાનું હતું,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આટોપી ચાતુર્માસ માટે દેહગામ આવ્યા. શરૂઆતમાં તો જરા ઠીક જણાયું. ગામબહાર એક સરકારી મુકામમાં ધ્યાન કરવાની સગવડતા સારી હોવાથી મહારાજશ્રી તથા મુનિ શ્રી ધ્યાનવિજયજી તથા સિદ્ધકરણભાઈ ત્યાં રહેવા લાગ્યા.

લોકોને લાભ આપવા ખાતર મહારાજશ્રી નિરંતર વ્યાખ્યાન વાંચવા તથા ગોચરી માટે ગામમાં આવતા હતા. મહાન્ પુરૂષો લોકોના ભલાની ખાતર શરીરની પણ દરકાર કરતા નથી અને સ્વ-કર્ત્તવ્યમાં રક્ત રહે છે; પર્યુષણ સુધી તો ઠીક શાતા રહી. વ્યાખ્યાન વિગેરેથી જૈન તેમજ જૈનેતર પ્રજાને ઘણો સારો લાભ આપ્યો. પર્યુષણના અંગે જવું આવવું ગામબહાર ન બને આથી મહારાજશ્રી વિગેરે ગામમાં પધાર્યા અને પર્યુષણના વ્યાખ્યાનો આનંદથી વાંચ્યા, પણ પર્યુષણના છેલ્લે દિવસે રાતના છાતીમાં સહેજ થડકારો પેદા થયો પણ તરત દવા લેતાં આરામ થયો; ગામ કરતાં ગામબહારની હવા વધારે માફક આવશે એમ જણાયાથી મહારાજશ્રી પાછા ગામબહાર બંગલે ગયા, ત્યાં કાળા પથ્થરની લાદી હોવાથી તથા આસપાસ વનસ્પતિ હોવાથી ફરી પાછી શરદી તથા તાવની અસર થઈ. શ્રાવકોએ તેમને ગામમાં આવવા આગ્રહ કર્યો; છતાં તેઓશ્રીની ઇચ્છા ન થઇ, વૈદ્ય તથા ડોક્ટરોની દવા કરાવી, છતાં પરિણામ કાંઇ ન આવ્યું; તેથી ચોમાસું પૂર્ણ થયે હવાફેર કરવા પેથાપુર આવ્યા, સ્થાનફેરથી થોડા દિવસ અત્રે ઠીક જણાવા લાગ્યું, પણ શરીરની નબળાઈ વધવાને લીધે માંદગીએ ફરી ઉથલો માર્યો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

## પક્ષઘાતની અસર.

ઉનાળાના વસવાટ માટે પેથાપુરનો ઉપાશ્રય યોગ્ય હતો પરંતુ શિયાળામાં ઉલટી શરદી કરે તેવી સ્થિતિ હતી; અહીં ઠંડીની અસર વધુ થતાં પક્ષઘાતની સેજ અસર જણાઈ. આવા સમર્થ પરોપકારી આચાર્ય મહારાજને આમ અશાતા વધતી જતી હોવાથી પેથાપુરની જૈનપ્રજાને ઘણું દુઃખ થયું. બહારગામથી ઘણાં માણસો શાતા પૂછવા આવવા લાગ્યા. પક્ષઘાતની અસર જણાયાથી કલ્લોલથી બે ડોકટરો બોલાવ્યા અને તાત્કાલીક ચાંપતા ઉપાય લીધા. ત્રણ-ચાર દિવસમાં પક્ષઘાતની અસર નાબુદ થઇ, તબીયત જરા ઠીક જણાઇ, પેથાપુરમાં ડોકટર તથા વૈદ્યની યોગ્ય સગવડતા ન હોવાથી શિષ્યવર્ગ બધાની ઈચ્છા મહારાજશ્રીને મેનામાં બેસાડી અમદાવાદ લઇ જવાની થઈ, તેમજ અમદાવાદથી નગરશેઠ વિમળભાઇ મયાભાઇ, શેઠાણી મુકતાબેન વિગેરે મહારાજશ્રીને વંદન કરવા તથા તબીયત જોવા આવ્યા હતા, તેમણે પણ તબીબી સારવાર માટે અમદાવાદ આવવા અતિશય આગ્રહ કર્યો, આથી મહારાજશ્રીને મહા શુદી પાંચમે અમદાવાદ લાવવામાં આવ્યા, અત્રે દેશી વૈદ્ય શર્માભાઈની દવા શરૂ કરી, આથી કાંઇક આરામ આવતો ગયો અને હરતા ફરતા પણ થઈ ગયા, એક મહિનો લગભગ જરા ઠીક જણાયું પણ પાછો મંદવાડે ફરી ઉથલો માર્યો, પીડા વધતી જણાઇ, બરોબર સૂઇ પણ શકાય નહિં, બેઠા બેઠા જરા ટેકાથી નિદ્રા લઈ શકાય, અરે! એક સમર્થ યોગી અને તપસ્વી આચાર્યશ્રીને અશાતા વેદ-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નીએ ઘેરી લીધા. આથી હવાફેર ખાતર શાહીબાગમાં શેઠ મગનલાલ ઠાકરશીભાઇના બંગલે મહારાજશ્રીને લઈ જવામાં આવ્યા, અત્રે બે માસ રહ્યા, પણ ફેર ન પડ્યો, ડૉકટર રતિલાલભાઇ તથા ડૉકટર માર્કંડની રૂબરૂ ફરી બરોબર તપાસ કરાવી, ડૉકટરનું કહેવું થયું કે મહારાજશ્રીને ગળામાં 'કેન્સર' ની ઝેરી ગાંઠ થઈ છે, આ ઝેરી ગાંઠનો ઉપચાર છેજ નહિ. આ ગાંઠવાળા પ્રાયે કરી બચતાજ નથી, આ પ્રમાણે ડાકટરે પોતાનો અભિપ્રાય આપ્યો. આ ગાંઠ આખરે ધીમે ધીમે અસાધ્ય અને જીવલેણ નિવડી, સૌ શિષ્યવર્ગ તથા શ્રાવકવર્ગને ઉદાસ અને ગમગીન બનાવી મૂકયા, મનુષ્યે તો પ્રયત્ન કરી છુટવું જોઇએ, ભાવિના ખેલ મનુષ્યના હાથમાં છેજ નહીં. ગુરૂભાઇ મહોપાધ્યાયજી શ્રી દેવવિજયજી તથા શિષ્યોએ આચાર્યશ્રીની સુશ્રુષા કરવામાં કોઇ રીતે પાછી પાની આખર સુધી કરી નથી.

---

## પ્રકરણ ૯ મું.

---

### આચાર્ય મહારાજશ્રીનું સ્વર્ગગમન.

આચાર્ય મહારાજશ્રીનું શરીર પહેલા કરતાં ઘણું કૃશ થઇ ગયું હતું. પરંતુ એકાદવાર જાડો પચીને આવતો હતો આથી સહુના મનમાં આશા હતી કે ચોકકસ મહારાજશ્રીને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સારૂં થઇ જશે. આશા અમર છે. આશાથીજ મનુષ્યને અમૃત-પાન મળી શકે છે. તેમ સૌની આશા બંધાણી. પરંતુ વિધિને રંગ કંઇ જુદોજ હતો. વૈદ્યોએ અભિપ્રાય આપ્યો કે મહારાજશ્રીને આંતરડાનો ક્ષય છે. આંતરડાં બગડ્યા છે. પણ મળ હજુ બંધાયેલ છે ત્યાંસુધી વાંધો નથી. શ્રાવણ શુદી ૧૪ નું પ્રતિક્રમણ પ્ર૦ પં૦ શ્રી લાભવિજયજીની સાથે બેસીને આનંદથી કર્યું. બીજી કેટલીક પુસ્તક સંબંધીની વાતો થઈ. ચોદશ પસાર થયા પછી પૂર્ણીમાના દિવસે ઝાડામાં ફેર પડ્યો. એકને બદલે બે ત્રણ જાડા થવા લાગ્યા. અને તે પણ પાતળા. ત્રીજ અને ચોથના દિવસે લોહીના ઝાડા પથારીમાં થયા. મંદવાડે એકદમ ગંભીર અને ભયંકર સ્વરૂપ પકડયું હોવાથી હવે કોઇની હિંમત હાથ ન રહી. જીવવાની આશા પણ ન રહી. આવી સ્થિતિ છતાં એ મહાત્માની છેલ્લી ઘડીયોમાં શું જોવાય છે ? પાણી પિતા પણ મુઠસીનું પચ્ચખ્ખાણ ભૂલતા નથી, તેમજ આવા મહાત્માઓને પોતાના ભવિષ્યનું જ્ઞાન પણ અગાઉથી થઈ જાય છે. તે પ્રમાણે આચાર્યશ્રીએ પોતાના શિષ્ય પ્ર. પં૦ શ્રી લાભવિજયજીને જણાવ્યું કે ભાઈ હવે તૈયારી કરો વધુ વાર નથી. આ પ્રમાણે તેઓશ્રીને પોતાનું ભાવિ-જ્ઞાન થયું હતું. શ્રાવણ વદી ૫ ને દિવસે જાડો બંધ થઈ ગયો. આહાર-પાણી પણ સ્વયમેવ બંધ કરી દીધાં અને સૌને સૂચના આપી કે હવે મારે કાંઇ પણ વાપરવાનું નથી. બસ હવે માત્ર ૐકારના જાપનું સ્મરણ રહ્યું. કોઇ પાણી લાવે તો તરત મોઢું ખસેડી લેતા. આમ છેલ્લી પળોમાં માત્ર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આંખનું જે તેજ હતું તે તેજમાં છેલ્લા દિવસે જરા ફરક પડ્યો હતો. ત્યારથી સ્વરૂપ જુદુ જણાયું. તેથી ત્યાં બીરાજતા આચાર્ય શ્રીમદ્ વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ તથા શ્રીમદ્ વિજયસિદ્ધિસૂરીશ્વરજી તથા શ્રીમદ્ સાગરાનંદસૂરીશ્વરજી વિગેરે સુખશાતા પૂછવા અને છેલ્લો મેળાપ કરવા આવી ગયા. સૌને અપાર દુ:ખની લાગણી થઇ. આચાર્યશ્રીએ તમામ જીવોની સાથે પહેલા પત્રો લખીને, તે પછી હૃદયથી ખમતખામણા કરી દીધા, આજે જાણે કોઇ તેજસ્વી તારો પોતાનો ચમકાર છોડી અસ્ત થવાનો હોય તેમ કુદરતે પણ તેજ દિવસે ગ્લાની બતાવતી કાળી પછેડી ઓઢી લીધી. આજનો દિવસ પણ સુનકાર લાગતો હતો. જાણે કે આજે જૈન શાસનનો એક સ્તંભ પડવાનો હોય તેમ વાતાવરણમાં પડછંદા પડતા હતા. જગત ઉપરથી આવા દિવ્ય મહાત્મા દિવ્યધામમાં જવાની તૈયારી કરતા હોવાથી કુદરતેજ સર્વત્ર શોક નિમિત્તે-વિરહ નિમિત્તે આવું સ્વરૂપ ધારણ કર્યું હતું. આમ મહારાજશ્રીની સ્થિતિ ભયજનક હોવાથી આખા શહેરમાં ચોતરફ ટેલીફોનથી ખબર આપવાથી તમામ અગ્રેસરો તથા શેઠીયાઓ હાજર થઇ ગયા. તે ઉપરાંત અંતસમયે મહો૦ શ્રીમદ્ દેવવિજયજી, પ્ર. પં૦ લાભવિજયજી, પં. પ્રેમવિજયજી, દર્શનવિજયજી, તરૂણવિજયજી, મનહરવિજયજી, નરેંદ્રવિજયજી, રત્નવિજયજી, હરખવિજયજી વિગેરે તથા સાધ્વીજી આણંદશ્રીજી, કમળશ્રીજી, દર્શનશ્રીજી, મુક્તિશ્રીજી જંબુશ્રીજી, અશોકશ્રીજી, સૌભાગ્યશ્રીજી, કલ્યાણશ્રીજી, વિવેકશ્રીજી, નેમશ્રીજી વિગેરે લગભગ પચાસ સાધ્વીઓ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તથા નગરશેઠ વિમળભાઈ મયાભાઈ, સારાભાઇ ડાહ્યાભાઇ, કસ્તુરભાઇ લાલભાઇ, કેશવલાલ ઘેલાભાઇ, પુંજાભાઈદીપચંદ, કેશવલાલ દીપચંદ, ફુલચંદ ગુલાબચંદ, સીદ્ધકરણભાઈ, ભોળાભાઈ વાડીલાલ, સહુભાઈ તલકશી, લાલભાઇ ઘોળશા, જેસીંગભાઈ લીલચંદ, મોહનભાઇ મહાસુખભાઇ, મહારાજશ્રીના ભાઇ પ્રેમચંદ માધવજી, જેસંગભાઇ નથુ, ચંદુભાઇરસુલ વિગેરે શ્રાવકો તથા શેઠાણી બેન મુકતાબેન, ગંગાબેન, ગજરાબેન, ઉજળીબેન, પોપટબેન, મહારાજશ્રીના બ્હેન ઉજમબેન, હીરાબેન વિગેરે શ્રાવિકા બેનોનો મોટો સમુદાય આચાર્યમહારાજશ્રીને ઉપવાસો, આયંબીલો, એકાસણા, જાપ, યાત્રાઓ પૂજા વિગેરે અર્પણ કરતા હતા. બરાબર દિવસના ૬–૪૦ મીનીટે શ્વાસ ચાલતો હતો તેમાં ફેર પડ્યો. અને શ્વાસ સીધો થયો. તે પછી માત્ર પાંચ મીનીટે એટલે શ્રાવણ વદી ૫ ના રોજ સાંજના કલાક ૬–૪૫ મીનીટે આચાર્યશ્રીનો અમર આત્મા આ દેહ પિંજરને સદાને માટે છોડી શિષ્યપ્રશિષ્યાદિ સાધુસાધ્વીના મોટા પરિવાર તેમજ શ્રાવક–શ્રાવીકા વર્ગને દીલગીરીમાં ગરકાવ મુકી દિવ્ય ધામમાં ચાલ્યો ગયો. ધર્મશાળામાં ચોતરફ શોકનું સામ્રાજ્ય વ્યાપી ગયું. અરેરે! સેંકડો મુખમાંથી શોકોદ્દગાર સંભળાવા લાગ્યા. કરાળ કાળે પોતાનો જીવલેણ પંજો લંબાવી આવા પરમોપકારી મહારાજશ્રીને પણ ખેંચી લીધા.

---

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

## સ્મશાન યાત્રા અને મહોત્સવ ટીપ.

આચાર્ય મહારાજશ્રીના દેહપિંજરને ઉજમબાઇની ધર્મશાળાના ત્રીજા માળથી નીચે લાવવામાં આવ્યું. અને પદ્માસનરૂપે બેસાડવામાં આવ્યું. જાણે મૃત્યુના ભયને જીતેલ કોઈ યોગી હસતે મુખડે સ્વઆયુષ પૂર્ણ કરી વિદાય લેતા હોય તેવી ચહેરા ઉપર સુરખી તરવરતી હતી. અને લલાટની ભવ્યતા આશ્ચર્યમાં ગરકાવ કરતી હતી. ચારેકોર ટેલીફોનદ્વારા ખબર પડતાં હજારો માણસોએ મૃતદેહના સમાધિષ્ટ યોગીના છેલ્લા દર્શન કરવા ઉભરાવા લાગ્યાં, સાંજના સાચા ખીનખાબથી મઢેલી પાલખી તૈયાર કરાવવામાં આવી. આખા શહેરે પાખી પાળી, સવારમાં અગીયાર વાગે નગરશેઠ વિમળભાઇ મયાભાઈ, માણેકલાલભાઇ મનસુખભાઈ, બબાભાઇ; કસ્તુરભાઈ લાલભાઇ સારાભાઈ ડાહ્યાભાઇ વિગેરે અગ્રેસર શેઠીયાઓ અને હજારો માણસો સાથે ગરીબોને લાડવા-દાણા, પૈસા, રૂપાનાણું વિગેરે છુટથી આપતા આચાર્યશ્રીના મૃતદેહને સુંદર પાલખીમાં પધરાવી આખા શહેરમાં ફેરવી વાજતે ગાજતે 'જય જય નંદા' જય જય ભદ્દા 'ના પવિત્ર શબ્દોચાર સાથે સાબરમતીની સ્મશાનભૂમિમાં લઇ જવામાં આવ્યું. વરસાદ પડતો હતો તે પણ રહી ગયો હતો. આથી સ્મશાનયાત્રા સમયે જરા પણ વાંધો આવ્યો ન હતો. એમના દેહને ચંદનકાષ્ઠથી અગ્નિદાહ દેવામાં આવ્યો. અને આ પ્રમાણે આચાર્યશ્રી જગત ઉપરથી પોતાનું અસ્તિત્વ-પોતાની જીવનલીલા સદા માટે સંકેલી ચાલ્યા ગયા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સર્વ સમુદાય પાછો ધર્મશાળામાં આવ્યો. તરતજ ધર્મ શાળાના અગ્રેસરોએ આચાર્ય મહારાજશ્રીની પાછળ શાંતિ નિમિત્તે મહોત્સવ કરવા અને તેને અંગે ટીપ કરવા વાત મુકી બધાએ આ વાતને તરત વધાવી લીધી અને ટીપ કરતાં સાથેજ રૂા. બારસો આશરે ભરાયા, અને બીજી પૂજાઓ પ નક્કી થઈ. તે મુજબ ઉજમબાઇની ધર્મશાળામાં આસો શુ ૧૦ થી ઓચ્છવ શરૂ કરાવવામાં આવ્યો વળી સુંદર મેરૂપર્વત ત્રીગડોગઢ, સમવસરણ, જ્ઞાનમંદિર, અને કિંમતી છોડોની રચના કરવામાં આવી, અને તેજ સ્થળે જ્ઞાનમંદિરમાં આચાર્યમહા રાજશ્રીકૃત તમામ પુસ્તકો ગોઠવવામાં આવ્યા તથા શ્રાવી બેન સમરત તરફથી પોતાના મર્હુમપતિ શેઠ કેશવલાલ મગ નલાલના સ્મણાર્થે આચાર્ય મહારાજશ્રીની એક મોટી ઓઈ પેઈન્ટીંગ છબી તૈયાર કરાવી મુકવામાં આવી. એ ઉપરાં તાડપત્રોની પ્રતો. ભાતભાતના રમકડાં, અને પુષ્પથી શણગારે ઘોડા રથોની નવી નવી રચના રોજ કરવામાં આવતી હતી, મહો ત્સવ નિમિત્તે દેખાવ એટલો બધો સુંદર કરવામાં આવેલો અનેક શ્રાવકો સહેજે બોલી ઉઠતા કે અમારી જીંદગીમાં આવ મહોત્સવ થયો જોયો નથી. હંમેશ સુંદર રાગ રાગિણીથ પૂજાઓ ભણાવવામાં આવતી. પંદર દિવસ સુધી મહોત્સ ચાલ્યો હતો. છેલ્લા દિવસે 'શાંતિસ્નાત્ર' વિધિપૂર્વક ભણાવ સર્વત્ર સાંતિનું જલ-નમણ છાંટવામાં આવ્યું હતું તથ મહારાજશ્રીની સ્વર્ગગમન તીથીએ કાયમ માટે પુજા આંગ થાય તે માટે રૂપીયા મુકીને ગોઠવણ પણ કરવામાં આવી હતી

---

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# પ્રકરણ ૧૦ મું.

## આચાર્ય મહારાજશ્રીની સાહિત્ય સેવા.

આચાર્ય મહારાજશ્રીના જીવનનો મોટો ભાગ અપ્રમત્ત દશામાંજ ગયો છે, તેથીજ તેઓએ મહત્ત્વતા મેળવી છે. આખી જીંદગીમાં સતત્ કામ, કામ અને કામ સિવાય તેઓ બેઠા નથી. મોટો ભાગ ધ્યાનમાં ગાળવા ઉપરાંત જનસમૂહના કલ્યાણ અર્થે પુસ્તકો લખવામાંજ ગાળ્યો છે, એ પુસ્તકો લખવા પાછળ એમણે અનેક ગ્રંથોનું વાંચન-મનન વિગેરેમાં બેહદ મહેનત ઉઠાવી છે. છેક બાળકથી તે વૃદ્ધ સુધી સૌ સરખી રીતે ' આત્મજ્ઞાન ' જેવી વસ્તુ સમજી શકે તે માટે સરળ અને સુરમ્ય ભાષામાં તેવા ગ્રંથો લખી તેમણે જૈનોને અમૂલ્ય વારસો આપ્યો છે, અને એમના પુસ્તકોને લીધે દરેકના હૃદયમાં એની સ્મૃતિ કદી ભુંસાશે નહિ. જેવી પવિત્ર ભાવનાથી એમણે ગ્રંથો લખ્યા તેવી પવિત્ર ભાવના જરૂર એમાં ઉતરીજ હોય, તેથી તેમનાં આત્મજાગૃતિ આપનાર પુસ્તકો જે જે વાંચે છે તેને તેવી અસર થયા વિના રહેતી નથી. મનુષ્ય જીવનનો પલટો કરી નાખવાને પણ તેમનાં પુસ્તકો સમર્થ થયાં છે, કારણ કે લેખકની-આચાર્યશ્રીની ભાવના તેવીજ હતી. પતાસાં, સાકર અને સોપારી જેવી વસ્તુઓને બદલે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જીવન સુધારક એવાં તેમના પુસ્તકોની પ્રભાવના જરૂર ફાયદા રૂપ થશે, જ્ઞાનદાન જેવું બીજું દાન એકે નથી, મીઠાઈ અને તેવી ચીજોથી અલ્પ સમયની તૃપ્તિ થાય છે, પણ જ્ઞાનામૃતથી તો સદાને માટે આનંદ આનંદ થઈ રહે છે. તેઓશ્રીની સાહિત્યસેવા 'શ્રીમદ્ વિજયકમળકેશર ગ્રંથમાળા' તથા બીજા દ્વારા તેમણે બહાર પાડેલા પુસ્તકો નીચે મુજબ છે:—

---

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

| નંબર | પુસ્તકનું નામ. | કોના તરફથી પ્રસિદ્ધ થયું છે. | કઇ સાલમાં લખાણી ? | કયા ગામમાં લખવામાં આવી ? |
|---|---|---|---|---|
| ૧ | દશ વૈકાલીક સૂત્રનું ભાષાંતર. | હીરાચંદ કકલભાઈ અમદાવાદ. | ૧૯૬૦ | જામનગર. |
| ૨ | પ્રબોધ ચિંતામણી. | જૈનધર્મ પ્રસારક સભા ભાવનગર | ૧૯૬૨ | સુરત. |
| ૩ | મલયસુંદરી ચરિત્ર. | મેઘજી હીરજી તથા વિજય-કમળ કેશર ગ્રંથમાલા મુંબઈ. | ૧૯૬૪ | પુના. |
| ૪ | યોગશાસ્ત્ર. | વિજય કમલ કેશર ગ્રંથમાલા તથા અધ્યાત્મ પ્રસારક મંડળ [મુંબઇ | ૧૯૬૩ | મુંબઈ. |
| ૫ | સુદર્શના ચરિત્ર. | મેઘજી હીરજી મુંબઈ. | ૧૯૬૯ | વઢવાણકેમ્પ |
| ૬–૭ | ગૃહસ્થધર્મ અને નીતિમય જીવન | સોમચંદ ભગવાનદાસ અમદાવાદ | ૧૯૭૦ | રાજકોટ |
| ૮ | ધ્યાન દિપિકા. | ” | ૧૯૭૧ | વાંકાનેર |
| ૯–૧૦ | સમ્યગ્દર્શન–નીતિવચનામૃત. | ” | ૧૯૭૨ | ગોધાવી |
| ૧૧ | શાંતિનો માર્ગ. | વકીલ ત્રીભોવનદાસ પાદરા તથા વિજય કમલ કેશર ગ્રંથમાલા. અમદાવાદ. | ૧૯૭૬ | અમદાવાદ |
| ૧૨ | આત્મજ્ઞાન પ્રવેશિકા. | | ૧૯૭૭ | દેહગામ |
| ૧૩ | આત્મ વિશુદ્ધિ. | વિજય કમલ કેશર ગ્રંથમાલા. | ૧૯૮૧ | રાણપુર |
| ૧૪ | મહાવીર તત્વ પ્રકાશ. | ” | ૧૯૮૨ | ભાવનગર |

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫ | આનંદ અને પ્રભું મહાવીર! | વિજય કમલકેશર ગ્રંથમાલા! | ૧૯૮૩ | દેહગામ |
| ૧૬ | ૐકારના પંથે | " | ૧૯૮૪ | વીસનગર. |
| ૧૭ | પ્રભુના પંથે જ્ઞાનનો પ્રકાશ. | " | | |
| ૧૮ | આત્માનો વિકાસ યા મહામોહ પરાજય. | " | ૧૯૮૫ | વડાલી |
| ૧૯ | ગુજરાતી ઉપરથી સંસ્કૃતમાં મહાવીર તત્ત્વ પ્રકાશ. | " | ૧૯૮૬ | દેહગામ |
| ૨૦ | 'મલયસુંદરી' માંથી ધર્મોપદેશ તત્ત્વજ્ઞાન. | " | ૧૯૬૬ | પેથાપુર |

## મહામહોપાધ્યાય શ્રી દેવવિજયજી મહારાજશ્રીના રચેલા પુસ્તકો.

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | પ્રકરણ પુષ્પમાળા ભાષાંતર. | શ્રી આત્માનંદ જૈન સભા ભાવનગર. | ૧૯૭૩ | અમદાવાદ. |
| ૨ | અનુયોગદ્વારસૂત્રસંક્ષેપભાષાંતર | " | " | " |
| ૩ | વિજય કમલસૂરી જીવનચરિત્ર. | " | " | " |
| ૪ | દેવભક્તિમાળા. | " | " | " |

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

| | | | | |
|---|---|---|---|---|
| ૫ | દેવ વિનોદ. | વિજય કમળ કેસર ગ્રંથમાળા. | ૧૯૭૯ | મુંબઈ |
| ૬ | રેખા દર્શન-હસ્તસંજીવન ભા. ૧ | ,, | ,, | ,, |
| ૭ | ,, ભા. ૨ | ,, | ૧૯૮૬ | અમદાવાદ |
| ૮ | ,, ભા. ૩ | ,, | ,, | ,, |
| ૯ | આપણી વર્તમાન કાળની સ્થિતિ | ,, | ૧૯૮૫ | વિજાપુર, |
| ૧૦ | આપણો અસ્ત કે ઉદય. | ,, | ૧૯૮૬ | અમદાવાદ |

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# પ્રકરણ ૧૧ મું.

## આચાર્ય મહારાજશ્રીનો શિષ્ય-શિષ્યાદિ પરિવાર

આચાર્ય મહારાજ શ્રી વિજયકમળસૂરિશ્વરજીનો સાધુ સાધ્વી મળી પરિવાર બસેં સુધીનો લગભગ હતો. ગુરૂમહારાજ શ્રી વિજયકમલસૂરીશ્વરજી મહારાજશ્રીની આજ્ઞાના અનુસારે તેમની પાટે આચાર્ય મહારાજશ્રી વિજયકેશરસૂરીશ્વરજી આવ્યા. ગુરૂશ્રીના પરિવારના મોટે ભાગે તેમની આજ્ઞા માન્ય રાખી, પણ કેટલાક પરિવારે તેમની આજ્ઞા :માનવાને બદલે શ્રીમદ્ વિજયમોહનસૂરિની આજ્ઞા માન્ય રાખી; આથી આ પરિવાર બે વિભાગમાં વહેંચાઇ ગયો, એક વિભાગમાં આશરે સવાસોથી અધિક સાધુ-સાધ્વીઓ રહ્યા, બીજા વિભાગમાં પોણોસો આશરે રહ્યા, આચાર્ય મહારાજશ્રી વિજયકેશરસૂરિશ્વરજી મહારાજશ્રીની આજ્ઞામાં જે સાધુ-સાધ્વીઓ રહ્યા તેમની નામાવલી નીચે મુજબ છે:—

૧ મહોપાધ્યાય મા૦ શ્રી દેવવિજયજી, તરુણવિજયજી, મનહરવિજયજી, હરખવિજયજી. ઠાણા ૪

૨ પ્રવર્ત્તક પંન્યાસ શ્રી લાભવિજયજી, પં૦ શ્રી પ્રેમવિજયજી, દાનવિજયજી. ઠાણા ૩

૩ પંન્યાસ શ્રી ન્યાયવિજયજી, મૃગેંદ્રવિજયજી. ઠાણા ૨

૪ મુનિરાજ શ્રી દર્શનવિજયજી, ચંદ્રવિજયજી, ધ્યાનવિજયજી, પ્રભાવવિજયજી. ઠાણા ૪

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

૫ મુનિરાજ શ્રી મિત્રવિજયજી, દર્શનવિજયજી, જ્ઞાનવિજયજી, ન્યાયવિજયજી. ઠાણા ૪

## સાધ્વીજીનો પરિવાર.

આચાર્ય મહારાજશ્રીની સાધ્વીજીના પરીવારમાં પાંચ મુખ્ય સમુદાય છે ૧ પ્ર૦ સાધ્વીજી ગુલાબશ્રીજી. ૨ પ્ર૦ સાધ્વીજી દેવશ્રીજી. ૩ સાધ્વીજી ગુણશ્રીજી. ૪ સાધ્વીજી હરખશ્રીજી. ૫ સાધ્વીજી વીજકોરશ્રીજી.

પ્ર૦ સાધ્વીજી ગુલાબશ્રીજીના પરીવારમાં બાસઠ સાધ્વીઓ છે. ૬૨

૧ પ્રવર્તક મુખ્ય સાધ્વીજી આણંદશ્રીજી, કમળશ્રીજી, દર્શનશ્રીજી, મુક્તીશ્રીજી, ચારીત્રશ્રીજી, પ્રતાપશ્રીજી, રંજનશ્રીજી, અમુલખશ્રીજી, કંચનશ્રીજી, હર્ષશ્રીજી, કાંતીશ્રીજી, વલભશ્રીજી, દાનશ્રીજી. ઠાણા ૧૩

૨ સા૦ ઉત્તમશ્રીજી, મણિશ્રીજી, પુષ્પશ્રીજી, મનહરશ્રીજી, ચંપકશ્રીજી. ઠાણા ૫

૩ સા૦ લાવણ્યશ્રીજી, ઈશ્વરશ્રીજી, દર્શનશ્રીજી, લલીતશ્રીજી, અજીતશ્રીજી, અમૃતશ્રીજી, નિર્મળાશ્રીજી, જયંતીશ્રીજી. ઠાણા ૮

૪ સા૦ જંબુશ્રીજી, મોહનશ્રીજી, જયંતીશ્રીજી, વિમળશ્રીજી, રંજનશ્રીજી. ઠાણા ૫

૫ સા૦ રતનશ્રીજી, મંગલશ્રીજી, મુકિતશ્રીજી, લલીતશ્રીજી, મહેંદ્રશ્રીજી. ઠાણા ૫

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

૬ સા૦ અનોપશ્રીજી, મનોહરશ્રીજી, મતીશ્રીજી. ઠાણા ૩
૭ સા૦ ચંદ્રશ્રીજી, વિદ્યાશ્રીજી, પ્રિયંકરશ્રીજી. ઠાણા ૩
૮ સા૦ મુક્તિશ્રીજી, વિમલશ્રીજી, અંજનાશ્રીજી. ઠાણા ૩
૯ સા૦ રમણિકશ્રીજી, હંસશ્રીજી વિગેરે. ઠાણા ૪
૧૦ સા૦ વિદ્યાશ્રીજી, ચંદનશ્રીજી. ઠાણા ૨
૧૧ સા૦ પ્રધાનશ્રીજી, રેવતશ્રીજી. ઠાણા ૨
૧૨ સા૦ પ્રસન્નશ્રીજી, નંદનશ્રીજી. ઠાણા ૨
૧૩ સા૦ સુભદ્રાશ્રીજી, હીંમતશ્રીજી, ઝવેરશ્રીજી, જયશ્રીજી. ઠાણા ૪
૧૪ સા૦ નિતીશ્રીજી, દાનશ્રીજી, દયાશ્રીજી. ઠાણા ૩

ઠાણા કુલ ૬૨

## પ્ર૦ સાધ્વી દેવશ્રીજીનો પરીવાર.

૧ સા૦ મણીશ્રીજી, ચંપાશ્રીજી, પ્રમોદશ્રીજી, મનહરશ્રીજી. ઠાણા ૪
૨ સા૦ મંગળશ્રીજી, કંચનશ્રીજી. ઠાણા ૨
૩ સા૦ અશોકશ્રીજી, સોભાગ્યશ્રીજી, ચંદ્રશ્રીજી, વલ્લભશ્રીજી, વિમળશ્રીજી, જ્ઞાનશ્રીજી, વિવેકશ્રીજી, નેમશ્રીજી. ઠાણા ૮
૪ સા૦ ભક્તિશ્રીજી, અમૃતશ્રીજી. ઠાણા ૨
૫ સા૦ કલ્યાણશ્રીજી, માણેકશ્રીજી. ઠાણા ૨

ઠાણા કુલ ૧૮

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

111957



## સાધ્વીજી ગુણશ્રીજીનો પરીવાર.

૧ સા૦ દેવશ્રીજી, ચંદનશ્રીજી, પ્રધાનશ્રીજી, મુક્તિશ્રીજી, મણિશ્રીજી, સોભાગ્યશ્રીજી, રમણિકશ્રીજી, હીરાશ્રીજી, અમૃતશ્રીજી. ઠાણા ૧૧

૨ સા૦ હેતશ્રીજી, હરકોરશ્રીજી, હરખશ્રીજી, ઉત્તમશ્રીજી, વલ્લભશ્રીજી, પ્રભાશ્રીજી, સુબોધશ્રીજી. ઠાણા ૭

૩ સા૦ માણેકશ્રીજી, ચંદનશ્રીજી. ઠાણા ૨

કુલ ઠાણા ૨૦

## સાધ્વીજી હરખશ્રીજીનો પરીવાર.

૧ સા૦ કમળશ્રીજી, મણિશ્રીજી; કેશરશ્રીજી, કાંતિશ્રીજી, અમૃતશ્રીજી. ઠાણા ૫

કુલ ઠાણા ૫

## સાધ્વીજી વિજકોરશ્રીજીનો પરીવાર.

૧ સા૦ દર્શનશ્રીજી, લાભશ્રીજી, દીવ્યશ્રીજી, ચારિત્રશ્રીજી, મહેંદ્રશ્રીજી. ઠાણા ૫

કુલ ઠાણા ૧૧૦

卐

आचार्य श्री कैलास सागर सूरि ज्ञान मन्दिर
श्री महावीर जैन आराधना केन्द्र,
कोबा, जि. गांधीनगर, पीन-३८२००९

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# જીવન પરિચય અને
# ઉપસંહાર.

---

'આકૃતિર્ગુણાન્ કથયતિ' આચાર્યશ્રીની ભવ્ય અને શાં
મુખાકૃતિનું દર્શન જેણે એકવાર પણ કર્યું હશે તેનાં હૃદય
માં તેમનો ચહેરો સ્થપાઈ ગયો હશે. જેણે તેની અમૃતમ
વાણીનું અનુપાન કર્યું હશે, કંઈક પણ પરિચય સેવ્યો હ
તેનું અંતર ઉજમાળ બન્યું હશે. તેમની પ્રતિભાની અસ
અદ્ભૂત હતી, જ્યાં જ્યાં તેઓશ્રી પધારતા ત્યાં ત્યાં જૈ
યા જૈનેતરના ટોળેટોળાં તેમની વાણીનો લાભ લેવા ફર
વળતાં.

તેમનો યોગ ઉપરનો પ્રેમ અનુપમ હતો. દિવસ રા
મળી રોજ દશ કલાક સુધી તો ધ્યાનમાં બેસતા અને આત્મ
અને પરમાત્માનો એકતાર કરતા. એક તો બાળ બ્રહ્મચાર
અને યોગ પ્રતિ બહુજ પ્રેમ તેથી તેમની શક્તિનો વિકા
સારી રીતે ખીલ્યો હતો, બ્રહ્મચારી પુરૂષ જગતને પણ ડોલ
વે છે અને ભગીરથ કાર્યો કરી શકે છે. આચાર્યશ્રીનું જીવ
અખંડ બ્રહ્મચર્યને લીધે વધુ દીપેલ છે અને તેથીજ તેઓ
આટલા આગળ વધી શક્યા હતા અને સર્વત્ર નામના મેળવ
સર્વને ગુણાનુરાગી બનાવી શક્યા હતા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તેમના જીવનમાં ક્લેશ-કંકાસને જરા પણ સ્થાન ન હતું, તેમની ચિત્તવૃત્તિ સદા નિર્મળ અને શાંતિપ્રિય હતી, તેથીજ અહોનિશ પુસ્તકો લખવાં, તેનો ફેલાવો કરવો વિગેરે કાર્યોમાં પોતાનો સમય ગાળી શકતા હતા.

તેમનું એક સૂત્ર એ હતું કે કોઇ પણ રીતે પ્રથમ શ્રાવક કોમનો ઉદય કરવો, શ્રાવકનો છોકરો ભૂખે ન મરે અને મૂર્ખ ન રહે તે માટે સતત્ લાગણી રાખતા. અભ્યાસ કરવા ઇચ્છિનારને સ્કોલરશીપો અપાવી, અભ્યાસમાં સ્થિર કરતા. તથા આજીવિકાથી દુઃખી થતા શ્રાવકોને યોગ્ય મદદ કરાવી ઉદ્યમ પ્રતિ દોરતા, નિર્દોષ હુન્નર-ઉદ્યોગનું શિક્ષણ અપાવવું વિગેરે કાર્યો કરી તેમણે જૈન જનતાને અપૂર્વ લાભ આપ્યો છે, જેથી તેમને ચિરકાળ સુધી સંભારશે તેમાં બે મત નથીજ. ટુંકમાં તેમનામાં નિરભિમાનતા, ગંભીરતા, નમ્રતા, સરળ હૃદયતા અને ઉદારતા વિગેરે સદ્‌ગુણો સારી રીતે વૃદ્ધિ પામ્યા હતા. આપણે પણ તેઓશ્રીના જીવન પગલે ચાલી આપણો અમૂલ્ય માનવદેહ સફળ કરવા પ્રયત્નશીલ થઇએ. અસ્તુઃ ૐ શાંતિ! શાંતિ! શાંતિ!!

---

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

## આચાર્યમહારાજશ્રીના જીવનચરિત્રમાંની મુખ્ય બનાવોની ટુંક નોંધ.

રહીશ—મૂલ પાલીયાદ બોટાદ પાસે, પછી વઢવાણકે=

| | | | |
|---|---|---|---|
| જન્મ સંવત | ૧૯૩૩ | પોષ શુદ ૧૫ | પાલીતાણા. |
| દીક્ષા સંવત | ૧૯૫૦ | માગશર વદ ૧૦ | વડોદરા. |
| વડીદીક્ષા સંવત | ૧૯૫૦ | માહ શુદ ૨ | વડોદરા. |
| ગણિપદ સંવત | ૧૯૬૩ | કારતક વદ ૬ | સુરત. |
| પંન્યાસ પદ સંવત | ૧૯૬૪ | માગશર શુદ ૧૦ | મુંબઈ. |
| આચાર્યપદ સંવત | ૧૯૮૩ | કારતક વદ ૬ | ભાવનગર. |
| સ્વર્ગગમન સંવત | ૧૯૮૭ | શ્રાવણ વદ ૫ | અમદાવાદ. |

## આચાર્ય મહારાજશ્રીના વિજયકેશરસૂરીશ્વરજીના ચાતુર્માસની નોંધ.

| | | | |
|---|---|---|---|
| ૪ પાલીતાણા. | ૩ દેહગામ. | ૩ સુરત. | ૨ અમદાવાદ |
| ૨ પેથાપુર. | ૨ જામનગર. | ૨ વાકાનેર. | ૧ મુંબઇ. |
| ૧ મોરબી. | ૧ પુના. | ૧ કપડવંજ. | ૧ ઉંઝા. |
| ૧ માણસા. | ૧ વઢવાણકેમ્પ. | ૧ રાજકોટ. | ૧ ગોધાવી. |
| ૧ ધોરાજી. | ૧ પાદરા. | ૧ વલસાડ. | ૧ ભરૂચ. |
| ૧ માંડલ. | ૧ વિજાપુર. | ૧ બીકાનેર. | ૧ વડાલી. |
| ૧ રાણપુર. | ૧ ભાવનગર. | ૧ વિશનગર. | |

કુલ ૩૮.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આ પ્રમાણે ૩૭) સાડત્રીશ ચોમાસા થયા. આડત્રીશમાં ચોમાસાના સં. ૧૯૮૭ ના શ્રાવણ વદ પાંચમની સાંજના ૬-૪૫ મીનીટે સમાધિપૂર્વક પરમાત્માનું સ્મરણ કરતાં આચાર્યમહારાજશ્રીનો અમરઆત્મા આ ક્ષણભંગુર વિનશ્વર દેહનો ત્યાગ કરી સ્વર્ગીય સુખનો અનુભવ કરવા ચાલ્યો ગયો તેઓશ્રીના અમરઆત્માને પરમશાંતિ મળો. ૐ શાંતિ. શાંતિ. શાંતિ.

---

इतिश्री तपगच्छाधिपतिः श्रीमान्विजय मुक्तिगणीश्वर शिष्यरत्न श्रीमान् विजयकमलसूरीश्वर शिष्यरत्न योगनिष्ठ श्रीमद् विजयकेशरसूरीश्वर लघुभ्राता महामहोपाध्याय श्रीमद् देवविजय गणिना विरचितं श्री सिद्धक्षेत्र पादलिप्त नगरे एकोनविंशति अष्टाधिकाशिति संवत्सरे श्रावण कृष्ण तृतियातिथौ परमशांत मूर्त्ते योगनिष्ठस्य आचार्यवर्यस्य विजयकेशर सूरीश्वरस्य जीवन प्रभा चरित्रं समाप्तम् ॥ गुरुवर्यस्य श्री विजयकमलसूरीश्वरस्य प्रसादात् ॥

---

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

## योगनिष्ट जैनाचार्य श्रीमद् आचार्यवर्यस्य विजयकेशरसूरीश्वरस्य अष्टकम्.

---

संवत् गुणाग्नि खग चंद्र जनुश्चपाद-
लिप्त्यां च यस्य पुरि माधवलालवत्ता,
लक्ष्मीः प्रसूरजनि केशवलाल नाम;
तस्मै नमो विजयकेशर सूरि राजे ॥ १ ॥

અર્થ—પરમપુજ્ય યોગનિષ્ઠ શ્રીમદ્ આચાર્યમહારાજશ્રી વિજયકેશરસૂરીશ્વરજી મહારાજશ્રીનું જીવનચરિત્ર સંક્ષેપથી આ અષ્ટકમાં જણાવતાં કહે છે કેઃ— જેઓશ્રીનો જન્મ સંવત ૧૯૩૩ ના પોષ શુદી પુર્ણીમાના દિવસે મોસાલપક્ષ પાલીતાણામાં થયો હતો. તેમના પિતાશ્રીનું નામ માધવજીભાઈ, માતુશ્રીનું નામ લક્ષ્મીબેન અને તેઓશ્રીનું નામ કેશવલાલ હતું એવા શ્રી વિજયકેશરસૂરીશ્વરજી મહારાજશ્રીને નમસ્કાર થાવ. (૧)

संवन्नन शरखगेंदु वरोदरात्त,
दीक्ष- सुरंग सुतरंग निमग्नचित्त;

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

शब्दादि शास्त्र मचिरात्सम धीतवान् यः

तस्मै नमो विजयकेशर सूरि राजे ॥ २ ॥

અર્થ—જેઓશ્રીની દીક્ષા સંવત ૧૯૫૦ ના માગશર વદી ૧૦ મે વડોદરા શહેરમાં થઈ હતી. તેમજ વ્યાકરણ, કાવ્યકોષ, ન્યાય, અલંકાર અને સ્વપરના અનેક સિદ્ધાંતશાસ્ત્રનો થોડા વખતમાં અભ્યાસ કર્યા પછી યોગાભ્યાસમાં પોતાના અંતઃકરણ-ચિત્તને જેઓશ્રીએ લિન કરેલ છે એવા શ્રી વિજય કેશરસૂરીશ્વરજી મહારાજશ્રીને નમસ્કાર થાવ. ॥ ૨ ॥

यस्मैवराय गुरुभिः सुरते गुणांग,

नंदेंदुके गणिपदं गतिषट् खगेंदौ,

पंन्यास सत्पद मदायि च मोहमय्यां,

तस्मै नमो विजयकेशर सूरि राजे ॥ ३ ॥

અર્થ—ગુરૂવર્ય બાલબ્રહ્મચારી શ્રીમદ્ વિજયકમળસૂરીશ્વરજી મહારાજશ્રીએ જેઓશ્રીને યોગ્ય જાણીને સુરતશહેરમાં સં. ૧૯૬૩ કાર્તિક વદી છઠે ગણિ પદવી અને મુંબઇ શહેરમાં સં. ૧૯૬૪ માગશર શુદી ૧૦ મે પંન્યાસ પદવી આપી એવા શ્રી વિજયકેસરસૂરીશ્વર મહારાજશ્રીને નમસ્કાર થાવ. ॥ ૩ ॥

संघेन जामनगरे गुणहस्तिनंदे,

लाब्देवगम्य खलु सूरिगुणादि योग्यं,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

तस्मावदाथि वर सूरि पदं महेन,

तस्मै नमो विजयकेशर सूरि राजे ॥४

**અર્થ**—ભાવનગરના શ્રી સંઘે જેઓશ્રીને આચાર્યપદવી યોગ્ય તથા ગુણવાન જાણીને સં. ૧૯૮૩ ના કાર્તિક વદી ... જૈનોનાં ત્રણે ફિરકા તથા જૈનેતર હજારો માણસોના સમુદા... વચ્ચે સૂરીશ્વરની પદવી અર્પણ કરી એવા શ્રી વિજયકેશ... સૂરીશ્વર મહારાજશ્રીને નમસ્કાર થાવ! ॥ ૪ ॥

स्वर्गं च राजनगरे श्व गजांक चंद्र,

वर्षे जगाम शरणादि समाधि लीनः

यः क्षामयन् तनुभृतः प्रहरन्नघानि,

तस्मै नमो विजयकेशर सूरि राजे ॥५

**અર્થ**—રાજનગર–અમદાવાદ શહેરમાં સંવત ૧૯૮૭ ના શ્રાવણ વદ પાંચમે જેઓશ્રી રતનપોળમાં આવેલી ઉજમબાઇની ધર્મશાળામાં તમામ જીવોને અંતઃકરણપૂર્વક ખમાવીને ચાર શરણા અંગીકાર કરી પાપનો નાશ કરી પૂર્ણ સમાધિપૂર્વક સ્વર્ગમાં ગયા એવા શ્રી વિજયકેશરસૂરીશ્વરજી મહારાજશ્રીને નમસ્કાર થાવ. ॥ ૫ ॥

ग्रंथाश्रयेन रचिताः प्रवरा सुबोधा,

अध्यात्म वित् रसभृतो दमिना प्रभूता,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

सद्योग निष्ठ मतिना स्वपरात्मसिध्यै,
तस्मै नमो विजयकेशर सूरि राजे ॥ ६ ॥

અર્થ—અધ્યાત્મસ્વરૂપને જણાવનાર, અધ્યાત્મરસથી ભરપૂર અને સુખે કરીને બોધ થઇ શકે એવા અનેક ગ્રંથો સ્વપરના હીત ખાતર પરમયોગનિષ્ઠ એવા જે મહાનુભાવે રચેલા છે. એવા શ્રી વિજયકેશર સૂરીશ્વરજી મહારાજશ્રીને નમસ્કાર થાવ. ॥ ૬ ॥

यो निर्ममः प्रशम सद्गुण मैत्रिमाध्य,
स्थोद्धासि भावकरुणा परिभावितात्मा,
शांतः स्वभावरमणः परभाव शून्यः
तस्मै नमो विजयकेशर सूरि राजे ॥ ७ ॥

અર્થ—જે મહાનુભાવ મમત્વરહિત, ઉપશમ મૈત્રિ, પ્રમોદ, કરૂણા અને માધ્યસ્થ ભાવનાદિ અનેક ગુણે કરી બીરાજમાન છે તેમજ આત્મસ્વરૂપમાં રમણતા કરનાર અને પરભાવથી રહિત શાંત છે સ્વભાવ જેનો એવા શ્રી વિજયકેશરસૂરીશ્વરજી મહારાજશ્રીને નમસ્કાર થાવ ॥ ૭ ॥

पंचाश्रवेंद्रिय कषाय चतुस्त्रिदंड,
सावद्ययोग परिवर्जक आत्मारामी,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

यश्चागमोक्त मुनिधर्म विदत्त दृष्टिः
तस्मै नमो विजयकेशर सूरि राजे ॥ ८ ॥

અર્થ—પાંચ આશ્રવ, પાંચ ઈંદ્રિય, ચાર કષાય, ત્રણ દંડ વિગેરે પાપને આવવાના રસ્તાઓથી જે મહાનુભાવ સર્વથા રહિત છે તેમજ આત્મસ્વરૂપમાં નિરંતર રમણતા કરનાર અને આગમમાં કહેલ મુનીધર્મ પાળવામાં આપી છે દૃષ્ટિ જેમણે એવા શ્રી વિજયકેશર સૂરીશ્વરજી મહારાજશ્રીને નમસ્કાર થાવ!

गुरुगुणैः खचितं रचितं मया
विजयकेशरसूरि वराष्टकं
स्मरतियः सततं गुरुभक्तितो,
विजयदेवरमां विलसत्यसौ ॥ ९ ॥

અર્થ— શ્રીમદ્ યોગનિષ્ઠ પરમશાંત મૂર્ત્તિ બાલબ્રહ્મચારી વિજયકેશરસૂરીશ્વરજી મહારાજશ્રીનું આ અષ્ટક અનેક ગુણે કરી યુકત મેં (રાજમુનીજીના શિષ્ય શ્રી લબ્ધિ મુનીજીએ) ગુરૂભકિતથી બનાવેલ છે તેને જે માણસ નિરંતર સ્મરણ કરશે તે માણસ મહાન્ વિજય છે, જ્યાં એવી દેવ સંબંધી લક્ષ્મીને પામશે. ॥૯॥

નોટ—આ અષ્ટકના કર્ત્તાએ ગુણાનુરાગીપણાથી પોતાના નામને બદલે બે અર્થવાળા છેલ્લા પદમાં મહોપાધ્યાયજી મહારાજશ્રી દેવવિજયજી મહારાજશ્રીનું નામ સુચવેલ છે.

---

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# પરમ અધ્યાત્મયોગનિષ્ઠ જૈનાચાર્ય શ્રીમદ્ વિજયકેશરસૂરિશ્વરજી મહારાજશ્રીનું-જીવનચરિત્ર દર્શાવતો સંવાદ.

---

ચંપકલાલ—કેમ ભાઇ મણીલાલ? આજે જરા બની ઠણીને કયાં જાવ છો? છે કાંઈ જોવાનું?

મણીલાલ—ભાઇ ચંપક જોવાનું તો નથી પણ જાણવાનું છે, આજે ગુરૂવર્ય યોગનિષ્ઠ આ૦ મા૦ શ્રી વિજયકેશરસૂરીની જયંતિ છે.

ચં૦—ભાઇ મણીલાલ, જયંતિ એટલે શું?

મ૦—ભાઇ ચંપક, જયંતિ એટલે જન્મદિવસ અગર નિર્વાણ દિવસ ઉજવવો અને જીવનચરિત્ર સાંભળવું તે.

ચં૦—ભાઇ મણીલાલ, જયંતિ કરવાનો ઉદ્દેશ શું?

મ૦—ભાઇ ચંપક, જયંતિનો ઉદ્દેશ એ છે કે મહાપુરૂષનું જીવનચરિત્ર સાંભળવાથી આપણને ઘણી બીના જાણવાની મળે છે અને આગળ વધવામાં સગવડતા થાય છે.

ચં૦—ભાઇ મણીલાલ, ત્યારે શું આચાર્યશ્રી એવા મહા પ્રતાપી થઇ ગયા છે?

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મ૦—ભાઈ ચંપક, હા. આચાર્યશ્રી હાલ જેઓ મહા-પુરૂષો વિચરે છે તે બધામાં અગ્રેસર હતા. તેઓશ્રી જ્યાં જ્યાં જતા ત્યાં ત્યાં સંઘમાં પરમ શાંતિ સ્થાપતા એવા પ્રતાપી હતા.

ચં૦—ભાઈ મણીલાલ, આચાર્યશ્રીનું નિવાસસ્થાન કયાં હતું ?

મ૦—ભાઇ ચંપક, આચાર્યશ્રીનું અસલ નિવાસસ્થાન બોટાદ પાસે પાળીયાદ ગામ હતું. પછીથી વઢવાણ કેમ્પ હતું.

ચં૦—ભાઈ મણીલાલ, આચાર્યશ્રીના માતા-પિતાનું નામ તથા તેઓશ્રીનો આચાર શું હતો ?

મ૦—ભાઇ ચંપક, આચાર્યશ્રીના પિતાશ્રીનું નામ માધવજીભાઇ, માતાનું નામ લક્ષ્મીબાઇ હતું. :તેઓશ્રી ઘણાજ ધર્મિષ્ઠ હતા, વૃત, તપ, જપ ઘણાંજ કરતા હતા.

ચં૦—ભાઇ મણીલાલ, આચાર્યશ્રીનો જન્મ કયારે અને કયાં થયો હતો ?

મ૦—ભાઇ ચંપક, આચાર્યશ્રીનો જન્મ મોશાલપક્ષમાં-પાલીતાણામાં સં. ૧૯૩૩ ના પોષ શુદ ૧૫ મે થયો હતો.

ચં૦—ભાઇ મણીલાલ, આચાર્યશ્રીને દીક્ષા લેવાનું શું કારણ મળ્યું ?

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મ૦—ભાઈ ચંપક, જ્ઞાની પુરૂષો માટે સંસારમાં વૈરાગ્યના અનેક કારણો છે. પણ આ૦ શ્રીને તો ત્રણ દિવસના આંતરે માતા તથા પિતા સ્વર્ગે જવાથી સંસારની બધી બાજી અસાર જણાઇ અને વૈરાગ્યભાવના થઇ.

ચં૦—ભાઇ મણીલાલ, આચાર્યશ્રીએ દીક્ષા ક્યારે અને કોની પાસે લીધી ?

મ૦—ભાઇ ચંપક, આ૦ શ્રીએ સં. ૧૯૫૦ના માગશર વદી ૧૦ મે વડોદરામાં બાલ બ્રહ્મચારી શાંતમૂર્ત્તિ વિજય કમલસૂરિશ્વરજી મહારાજ પાસે દીક્ષા લીધી હતી.

ચં૦—ભાઇ મણીલાલ, આચાર્યશ્રીનો મુખ્ય વિષય શું હતો ?

મ૦—ભાઇ ચંપક, આચાર્યશ્રીનો મુખ્ય વિષય યોગનો હતો. અને તે યોગના માટે અનેક યોગી પુરૂષોની મુલાકાત લીધી છે અને તેઓ દ્વારા અનેક વસ્તુ તેઓશ્રીએ મેળવી હતી.

ચં૦—ભાઇ મણીલાલ, યોગ એટલે શું અને તેનાથી શું લાભ થાય ?

મ૦—ભાઇ ચંપક, યોગ એટલે આત્માને પરમાત્મા સાથે જોડી દેવો–એકતાર કરવો તે યોગ છે અને તેનાથી કર્મ ક્ષય કરી પરમપદનો લાભ થાય છે–મોક્ષ મળે છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ચં૦—ભાઇ મણીલાલ, હાલ વિચરતા સાધુઓ કરતાં આ-
ચાર્યશ્રીમાં વિશેષતા શું હતી ?

મ૦—ભાઇ ચંપક, વિશેષતા એ હતી કે તેઓશ્રી કોઇ
ઝગડામાં પડતા ન હતા, અને રાત દિવસ ધ્યાન
વધારે રહેતા, આથી ઘણા રાજા-મહારાજાઓ તેઓ
શ્રીની મુલાકાત લેવા ચાહતા હતા.

ચં૦—ભાઇમણીલાલ,કયા રાજાએ તેઓશ્રીની મુલાકાત લીધ

મ૦—ભાઇ ચંપક, સાંભળ. ભાવનગર સ્ટેટના મુખ્ય કા
ન્સીલર પટ્ટણીસાહેબ, લીંબડીના દરબારશ્રી, ધરમ
પુરના દરબારશ્રી વિગેરે ઘણા રાજાઓએ મહારાજ
શ્રીની મુલાકાત લઇ ઘણો સારો લાભ લીધો છે

ચં૦—ભાઇ મણીલાલ, ધરમપુરના દરબાર આચાર્યશ્રી
ક્યાં મળ્યા ?

મ૦—ભાઇ ચંપક, વલસાડ પાસે તિથ્થલ મુકામે દરીય
કિનારે દરબારશ્રીનો મેળાપ થયો હતો. આ૦ શ્રી પણ
ત્યાં ધ્યાન કરવા રહ્યા હતા.

ચં૦—ભાઇ મણીલાલ, દરબારશ્રીએ શું લાભ લીધો ?

મ૦—ભાઇ ચંપક, દરબારશ્રીએ તથા તેમનો તમામ પરીવા
તથા સ્ત્રિવર્ગે સાત વ્યસનો-માંસ મદીરા શિકાર, પર
સ્ત્રી, વેશ્યા, ચોરી, જુગાર વિગેરેનો નિયમ લીધો હતે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ચં૦—ભાઇ મણીલાલ, ભાવનગરમાં કાંઇ લાભ આચાર્યશ્રી આપી શકયા હતા ?

મ૦—ભાઇ ચંપક—હા. રાજ્યના મોટા મોટા અધિકારી વર્ગોએ આચાર્યશ્રી પાસે યોગ સંબંધી ઘણી વસ્તુ જાણી છે. અને ઘણી લીધી પણ છે.

ચં૦—ભાઇ મણીલાલ, આ સિવાય આચાર્યશ્રીએ કોઇને લાભ આપ્યો છે ?

મ૦—ભાઇ ચંપક, આચાર્યશ્રીએ અનેક ઠેકાણે ઘણો લાભ આપેલ છે. ભરૂચમાં જૈન સિવાય પારસી, મુસલમાન, ઘાંચી, મોચી વિગેરે ઘણા જીવોને ધર્મમાં જોડ્યા છે અને સત્ય વસ્તુ આત્મસ્વરૂપ સમજાવેલ છે.

ચં૦—ભાઇ મણીલાલ, તે લોકોએ મહારાજશ્રીના માટે કંઇ પણ કરેલ છે ?

મ૦—ભાઈ ચંપક, હા. તે લોકોએ આચાર્યશ્રીનું સ્મારક કરેલ છે. રૂા. પંદરસોની ટીપ કરી આચાર્યશ્રીની મોટી છબી બનાવી અને સ્કોલરશીપ–ઇનામ સંસ્કૃતમાં પેલે બીજે નંબરે પાસ થનારને આપવા કાયમ નામ રાખેલ છે. આ રકમ સરકાર હસ્તક સોંપીને કાયમ સ્મારક કરેલ છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ચં૦—ભાઇ મણીલાલ આચાર્યશ્રી જેવા આત્મજ્ઞાની પુરૂષ
બાહ્ય પદવીરૂપ ઉપાધીઓ શોભે ખરી?

મ૦—ભાઇ ચંપક; નહિ બીલકુલ શોભે નહિ અને તેઓ
ચાહતા પણ ન હતા. છતાં ગુરૂજી તથા ભાવનગરના
સંઘના અતિ આગ્રહથીજ પદવી લીધેલ છે.

ચં૦—ભાઇ મણીલાલ, ભાવનગરના સંઘને આગ્રહ કરવાનું
શું કારણ?

મ૦—ભાઇ ચંપક, કારણ એજ કે મહારાજશ્રીએ ભાવનગરની
તમામ જૈન તથા જનેતર પ્રજા ઉપર ઉપદેશ આપી
જડ ચેતનનું જ્ઞાન કરાવી સત્ય વસ્તુ સમજાવી
મહાન્ ઉપકાર કરેલ છે. તે કારણથી મહારાજશ્રીને
પદવી લેવા આગ્રહ કરેલો હતો.

ચં૦—ભાઇ મણીલાલ, આચાર્યશ્રીનો પરીવાર કેટલો છે
મ૦—ભાઇ ચંપક, આચાર્યશ્રીનો પરીવાર સાધુ સાધ્વી
મળી ૧૩૦ નો છે.

ચં૦—ભાઇ મણીલાલ, આચાર્યશ્રીનો જીવન પરિચય
આપશો?

મ૦—ભાઇ ચંપક, આચાર્યશ્રી ઘણાજ શાંત પ્રકૃતિના હતા.
તેમનું જીવન તદ્દન શાંતિ પ્રધાન હતું. તેમણે કલેશને
ઉદ્દીરણા કરી વધાર્યો હોય એવો એકપણ દાખલો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તેમના જીવનમાંથી મળી શકતો નથી. તેઓશ્રી હંમેશ કલેશ-કંકાસથી દૂરજ રહેતા હતા, તેઓશ્રીની શાંતતા સહનશીલતા, નિરાભીમાનતા, સરલ હૃદયતા વિગેરે ગુણો ભાગ્યેજ એક વ્યક્તિમાં એકઠા થયેલા જોવામાં આવે છે.

ચં૦—ભાઇ મણીલાલ, તેઓશ્રી સ્વર્ગે કયારે ગયા ?

મ૦—ભાઇ ચંપક, આચાર્યશ્રીને ગળામાં કેન્સરની ઝેરી ગાંઠ થવાથી ઘણા ઉપચાર કરતાં આ ઝેરી ગાંઠ મટી નહિ અને પરિણામે સમાધિપૂર્વક સં. ૧૯૮૭ ના શ્રાવણ વદી પાંચમે સ્વર્ગે ગયા.

ચં૦—ભાઇ મણીલાલ આચાર્યશ્રીનો દીક્ષા પર્યાય કેટલો ?

મ૦—ભાઈ ચંપક, આચાર્યશ્રીએ સત્તરમા વરસે દીક્ષા લીધી. ૩૮ વર્ષ દિક્ષા પર્યાય પાળ્યો અને ૫૫ માં વર્ષે સ્વર્ગમાં ગયા.

ચં૦—ભાઇ મણીલાલ, તમે મને આચાર્યશ્રીના જીવનચરિત્ર બાબત ઘણી સમજણ પાડી તે માટે આભાર માનું છું.

**બોલો આચાર્યશ્રી વિજયકેશર સૂરીશ્વરની જય.**

---

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

॥ ॐ अर्हँ नमः ॥

# બાળાઓને બોલવાનો સંવાદ.

ચંપા—કેમ બેન મણી, આજે સારા લુગડા પહેરી ક
જાય છે ?

મણી—બેન ચંપા શું તને ખબર નથી આજે આપણા આચ
માહારાજ શ્રી વિજયકેશરસૂરીશ્વરજી મહારાજ
જયંતિ છે.

ચંપા—બેન મણી, ના મને ખબર નથી પણ કહેતો ખ
જયંતિ એટલે શું ?

મણી—સાંભળ બેન ચંપા, જયંતિ એટલે જન્મદિવસ તે
અંગે જે મહોત્સવ કરવો તેનું નામ જયંતિ.

ચંપા—બેન મણી, ત્યારે શું આજે આપણા આચા
માહારાજશ્રીનો જન્મદિવસ છે ?

મણી—બેન ચંપા, ના આજે જન્મદિવસ નથી પણ આ
કાલ સ્વર્ગગમનને જયંતિ કહે છે, આજે આચાય
શ્રીનો સ્વર્ગગમનનો દિવસ છે.

ચંપા—બેન મણી, તેં આચાર્યશ્રીને જોયા હતા, તેના સ
બંધી કાંઇ પણ મને માહિતી આપીશ તો
તારો આભાર માનીશ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મણી—બેન ચંપા, તેમાં આભાર માનવા જરૂર નથી, મારી ફરજ છે તે કહું છું સાંભળ. આચાર્ય માહારાજશ્રી એક યોગીપુરૂષ મહાધ્યાની, જ્ઞાની અને જૈનશાસનનો એક અણમૂલ કોહીનુર હીરો હતા, અને તેઓશ્રીને મેં જોયા પણ હતા.

ચંપા—બેન મણી, આચાર્યશ્રીનું સ્થાન, માતા પિતાનું નામ તથા જન્મ કયાં થયો તે જણાવશો. ?

મણી—સાંભળ બેન ચંપા, આચાર્યશ્રી બોટાદ પાસે આવેલા પાલીયાદ ગામના રહીશ હતા, પીતાશ્રીનું નામ માધવજીભાઇ, માતુશ્રીનું નામ લક્ષ્મીબેન, તેઓ-શ્રીનો જન્મ મોશાલપક્ષ પાલીતાણામાં સં. ૧૯૩૩ ના પોષ શુદ પુર્ણીમાએ થયો હતો, નામ કેશવજી રાખેલ હતું.

ચંપા—બેન મણી, આ૦ શ્રીને દીક્ષા લેવામાં શું કારણ મળ્યું.

મણી—બેન ચંપા સાંભળ, સંસારમાં જ્ઞાની પુરૂષોને વૈરાગ્યના અનેક કારણો છે, છતાં આ૦ શ્રીને માતા તથા પિતા બંને જણા માત્ર ત્રણ દિવસને આંતરે સં. ૧૯૪૯ ના અષાડ શુદ બીજે માતુશ્રી અને પાંચમે પિતાશ્રી સ્વર્ગે જવાથી સંસારની અસારતા તેમને જણાઇ અને દિક્ષા લેવા ભાવના થઇ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ચંપા—બેન મણી, આ૦ શ્રીએ કોની પાસે, કયારે અને કયાં દિક્ષા લીધી.

મણી—બેન ચંપા, બાલબ્રહ્મચારી પરમશાંતમૂર્ત્તિ વિજય-કમલસૂરિશ્વરજી મહારાજ પાસે વડોદરામાં સં-૧૯૫૦ ના માગસર વદ ૧૦ મે માત્ર ૧૭ વર્ષની ઉમ્મરે બાલબ્રહ્મચારીપણે દિક્ષા લીધી.

ચંપા—બેન મણી, આચાર્યશ્રીનો મુખ્ય શું અભ્યાસ હતો.

મણી—બેન ચંપા, આચાર્યશ્રીએ છએ દર્શનનો અભ્યાસ કર્યો હતો, પણ મુખ્ય અભ્યાસ તેમને યોગ પ્રિય હો-વાથી યોગ તરફ તેઓશ્રી વધારે લક્ષ્ય આપતા હતા.

ચંપા—બેન મણી, તેમ કરવાનું શું કારણ યોગ શિવાય મોક્ષ નહિં મલતો હોય.

મણી—બેન ચંપા, મોક્ષ જવાના અનેક માર્ગો છે. પણ આ માર્ગ છે કઠણ, છતાં કર્મ ક્ષય કરવામાં ઘણી ઝડપથી આગળ વધે છે.

ચંપા—બેન મણી, આ માર્ગ કેવી રીતે ઝડપથી આગળ વધે છે, તે કહેશો ?

મણી—બેન ચંપા સાંભળ, દૃઢપ્રહારી ચિલાતીપુત્ર, અર્જુન માલી વિગેરે ઘોર હિંસાના કરનારા પણ તેજ ભવમાં યોગના આલંબનથી મોક્ષે ગયા છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ચંપા—બેન મણી, યોગ એટલે શું, તે સમજાવશો ?

મણી—બેન ચંપા, સાંભળ, આત્માને મોક્ષની સાથે જોડી દે જે ક્રિયાથી તેનું નામ યોગ કહે તે, યોગ એટલે જોડવું.

ચંપા—બેન મણી એવી કઈ ક્રિયા છે કે જેથી આત્માને મોક્ષની સાથે જોડી દે.

મણી—બેન ચંપા સાંભળ આત્મસ્વરૂપમાં જેમ બને તેમ વિશેષ પ્રકારે રમણતા કરવી, પુદ્ગલીક વસ્તુ તરફ લાગણી ઓછી કરવી, અને જડ ચેતનનું જ્ઞાન કરવું, હું ચેતન આત્મા છું, આમ દ્રઢતા કરવી તે.

ચંપા—બેન મણી આચાર્યશ્રી આજ કામ કરતા કે બીજું કાંઇ કરતા હતા ?

મણી—બેન ચંપા આચાર્યશ્રીની મુખ્ય પ્રવૃત્તિ ધ્યાનમાં રહેવાની હતી. પણ જ્યારે ધ્યાનમાંથી ઉઠતાં પછી બીજા જીવોના ભલા ખાતર આત્મ જાગૃતિ આપનાર એવા ગ્રંથો લખતા હતા.

ચંપા—બેન મણી તમો જણાવશો કે આજ સુધિમાં આચાર્યશ્રીએ કેટલા પુસ્તકો લખ્યા છે!

મણી—બેન ચંપા આચાર્યશ્રીએ આપણા લાભ ખાતર યોગ-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શાસ્ત્ર, મલયસુંદરી, સુદર્શનાચરિત્ર ધ્યાનદીપકા, સમ્યક્ દર્શન વિગેરે મળી વિશ ઉપરાંત પુસ્તકો લખ્યા છે.

ચંપા—બેન મણી, આચાર્યશ્રીને પદવીઓ ક્યારે મલી ?

મણી—બેન ચંપા, સાંભળ, તેઓશ્રીને સં. ૧૯૬૩ માં ગણી પદવી સુરતમાં, ૧૯૬૪ માં પંન્યાસ પદવી મુંબઈમાં, આચાર્ય પદવી સં. ૧૯૮૩ માં ભાવનગર તમામ પ્રજા તરફથી મળી છે.

ચંપા—બેન મણી આચાર્યશ્રી ક્યાં ક્યાં વિચર્યા અને કોનો મેળાપ થયો.

મણી—બેન ચંપા મેં સાંભળ્યું છે કે આચાર્યશ્રી યોગી માહાત્માઓને મળવા અને તેમના સત્સમાગમનો લાભ લેવા માળવો, મેવાડ, મારવાડ, દક્ષીણ ગુજરાત, કાઠીયાવાડ વિગેરે ઘણા દેશોમાં વિચર્યા હતા અને ઘણા યોગી પુરૂષોને મળ્યા હતા. મૃત આત્મા સાથે વાતચીત કરી શકે એવા પણ યોગીઓ આચાર્યશ્રીને મળ્યા હતા અને તેમના દ્વારા ઘણી ચીજો આચાર્યશ્રીએ મેળવી હતી.

ચંપા—બેન મણી, આચાર્યશ્રીનો જીવન પરિચય આપશો ?

મણી—બેન ચંપા. આચાર્યશ્રીનું જીવન તદન સાદુ, પ્રકૃતિ પરમ શાંત, શાંતિની મુર્તી, પૂર્ણ આત્માર્થી, કલેશથી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દૂર રહેનારા, તેઓશ્રીના જ્યાં જ્યાં પગલા થતાં ત્યાં ત્યાં સંઘમાં પરમ શાંતિજ થતી. ઉચ્ચ ચારિત્રવાન, સરલ સ્વભાવી. એક પરમબ્રહ્મ—પરમાત્માના ધ્યાનમાંજ તલ્લીન રહેતા હતા.

ચંપા—બેન મણી, આચાર્યશ્રીનો દીક્ષાપર્યાય કેટલો હતો.

મણી—બેન ચંપા, આચાર્યશ્રીનો દીક્ષાપર્યાય ૩૮ વર્ષનો, ૧૭) માં વર્ષે દીક્ષા લીધી. ૩૮ વર્ષ દીક્ષા પાલી ૫૫) વર્ષનું આયુષ્ય,

ચંપા—બેન મણી, આચાર્યશ્રીનો પરિવાર કેટલો હતો.

મણી—બેન ચંપા, આચાર્યશ્રીનો પરિવાર સાધુ સાધ્વીઓ મળી ૧૩૦ એકસોત્રીશ આશરે છે.

ચંપા—બેન મણી આચાર્યશ્રી કયા મુકામે અને કયારે સ્વર્ગે ગયા.

મણી—બેન ચંપા. આચાર્યશ્રી તારંગા મુકામે ધ્યાન કરતા હતા ગુફામાં; ત્યાંથી શરદીની અસર થઇ. અમદાવાદ દવા કરવાથી જરા ઠીક થયું. પણ ગળામાં ઝેરી કેનસરની ગાંઠ થવાથી આ ઝેરી ગાંઠ કોઇરીતે મટી નહી અને પરમશાંતિથી સમાધિપૂર્વક સં. ૧૯૮૭ શ્રાવણ વદ ૫ મે સ્વર્ગે ગયા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ચંપા—બેન મણી, આચાર્યશ્રીના પરિવારમાં હાલ કો
મુખ્ય છે.

મણી—બેન ચંપા, આચાર્યશ્રીના પરિવારમાં હાલ મુખ્
મહામહોપાધ્યાય મહારાજ શ્રી દેવવિજયજી, પ્ર. પં
શ્રી લાભવિજયજી, દર્શનવિજયજી, મિત્રવિજય
વિગેરે સાધુઓ, તથા પ્રવર્તક સાધ્વીજી આણંદશ્રીજી
કમલશ્રીજી, લાવણ્યશ્રીજી, જંબુશ્રીજી, મણીશ્રીજી
અશોકશ્રીજી, દેવશ્રીજી, દર્શનશ્રીજી, હેતશ્રીજી
રતનશ્રીજી વિગેરે ૧૧૦) સાધ્વીઓ છે.

ચંપા—બેન મણી, તમોએ મને જયંતિ બાબત ઘણું સમ-
જાવ્યું તે બાબત તારો આભાર માનું છું. બોલો—

આચાર્ય મહારાજશ્રી વિજયકેશર સૂરીશ્વરની જય.

---

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# આ૦ મા૦ શ્રી વિજયકેશર સૂરીશ્વરજીની જીવન ચરિત્રાદિ વર્ણન-ગહુંલીઓ.

## ( ગઝલ ૧ ).

સુણો જૈન બંધુઓ મારા, ગુરૂના વર્ણનો સારા;
શુભોદય થાશે તમારા, વિજયકેશરસૂરિ નમીએ. ૧
સૌરાષ્ટ્ર દેશ તે કહીએ, વીસાશ્રીમાળી કુળ લહીએ;
નગર પાળીયાદમાં રહીએ, વિજયકેશરસૂરિ નમીએ. ૨
સંવત ઓગણીશ શત ધારો, ઉપર તેત્રીશ વિચારો;
ગુરૂનો જન્મ છે સારો, વિજયકેશરસૂરિ નમીએ. ૩
માધવજીભાઈ છે તાત, લક્ષ્મીબાઈ છે ભલા માત;
કેશવજી નામ પ્રખ્યાત, વિજયકેશરસૂરિ નમીએ. ૪
અનુક્રમે બાળ વય જાયે, ભણી વિદ્વાન તે થાયે;
અસાર સંસાર જણાએ, વિજયકેશરસૂરિ નમીએ. ૫
ગુરૂ વર્ષ સોળના થાતાં, પિતા માત સ્વર્ગમાં જાતા;
વિયોગી થાય ષટ્ ભ્રાતા, વિજયકેશરસૂરિ નમીએ. ૬
સપ્ત દર્શ વર્ષના થાએ, બડોદા શહેરમાં આએ;
લીધી દીક્ષા દુઃખો જાએ, વિજયકેશરસૂરિ નમીએ. ૭
કમલસૂરિ ગુરૂ રાયા, પટોધર શિષ્ય કહાયા;
ગણી પંન્યાસપદ પાયા, વિજયકેશરસૂરિ નમીએ. ૮
વિજયકેશર ગુરૂ જ્ઞાની, વિજયકેશર ગુરૂ ધ્યાની;
સેવે સુખલાલ મન માની, વિજયકેશરસૂરિ નમીએ. ૯

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

( ૨ )

( ઝેર ગયા ને વેર ગયા વળી કાળા કેર ગયા કરનાર–એ રાગ ).

સજ્જન સહુ હળી મળીને આવો, ગુરૂગુણ આજે ગાવાને;
વિજયકેશર સૂરિશ્વરજી તણી, જયંતી આજ ઉજવવાને. ૧
સંવત ઓગણી સત્યાશીમાં, રાજનગર ચોમાસું જાણ;
શ્રાવણ વદી પાંચમ દિન કહીયે, પામ્યા જે ગુરૂ તે નિર્વાણ. ૨
પાળીયાદ વાસી સંસારી, વીસાશ્રીમાળી જ્ઞાતિ હોય;
સત્તર વર્ષે સંજમ લીધો, વિજયકમલસૂરિ ગુરૂ જોય. ૩
ગામો ગામે દેશ વિદેશે, વિચરી ગુરૂ કરે વિહાર;
જ્ઞાની ધ્યાની વૈરાગી બનીયા, વિશ્વે કીધો અતિ ઉપકાર. ૪
તેવા ગુરૂના ગુણ નિત ગાતાં, ભવિજન ભાવે નર ને નાર;
કઠીન કર્મની થાય નિર્જરા, થાય દુઃખ તણો પરિહાર. ૫
તસ લઘુબાંધવ ગુરૂભાઇ જે, વિજયદેવ મહોપાધ્યાય;
સિદ્ધગિરિમાં રહી ચોમાસું, સાથે શિષ્ય તણો સમુદાય. ૬
આનંદકારી સાલ અઠ્યાસી, પ્રથમ ગુરૂ જયંતિ થાય;
સુખલાલ સારી રીતે ઉજવતાં, ચતુર્વિધ સંઘમાં જયકાર. ૭

---

( રાગ ગઝલ ૩ ).

ગુરૂજી અર્જ છે મારી, હૃદયમાં રાખજો ધારી;
જીગરના પ્રેમથી પ્યારી, ચાહું હું ચર્ણની સેવા. ૧

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ગુરૂજી ચઉગતિ માંહી, સુખી ન દુનિયા કયાંહી;
દુઃખોની મુક્તિ છે આંહી, ચાહુ હું ચર્ણની સેવા. ૨

ગુરૂજી ચઉગતિ તરવા, દુઃખોના કષ્ટને હરવા;
ભવાબ્ધિ પાર ઉતરવા, ચાહુ હું ચર્ણની સેવા. ૩

ગુરૂજી જ્ઞાનના દરિયા, ક્ષમાર્જવ શાંતિથી ભરીયા;
સેવાથી બહુ જનો તરીયા, ચાહુ હું ચર્ણની સેવા. ૪

ગુરૂજી જ્ઞાનમાં રમતા, અહોનિશ ઇંદ્રિયો દમતા;
મીટાવે મોહને મમતા, ચાહુ હું ચર્ણની સેવા. ૫

ગુરૂની જ્યાં દયા દૃષ્ટિ, અહાહા ત્યાં અમી વૃષ્ટિ;
બને સ્નેહી સકળ સૃષ્ટિ, ચાહુ હું ચર્ણની સેવા. ૬

વિજય મુક્તિ કમલ એવા, વિજયકેશર ગુરૂ તેવા;
કહે દેવ શાંતિ પદ લેવા, ચાહુ હું ચર્ણની સેવા. ૭

---

### હરિગીતછંદ—અંતરલાપિકા. (૪)

વિશ્વમાં વિદિત થઇ વ્હેલા સ્વર્ગે ગયા.
જગતમાં જશ લહી રૂડો ગુરના ભાજન થયા.
યતિ ધર્મ આરાધતાં સુખશાંતિમાંહી સદા રહ્યા.
કેટલા ઉપકાર કરીયા તે નવી જાયે કહ્યા. ૧

સરસ શૈલી યોગની જાણી બીજાને જણાવતાં.
રક્ત રહેલા ધર્મમાં જ્ઞાની થઇ ભણાવતા.
સુખ સારૂં સમાધિનું ધરી ધ્યાન નીજ જણાવતાં,
રીસ કીધી નથી કદાપિ, શિષ્ય પ્રશ્નો ગણાવતાં. ૨

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નીજ દુઃખ ગણુતા નથી. પરહીત ધારણુ જે કરે,
જન્મ સફળો જાણું તેનો સુર શીર ચરણે ધરે.
યંગમેન્સ સોસાયટીના ધર્મ કાર્યો વિસ્તરે,
તીર્થ સ્થાને ધર્મ કરતાં સુખલાલ દુઃખો હરે.

---

### રાગ ગઝલ. ( ૫ )

વિજય કેશર ગુરૂ નમીયે, પૂર્વના પાપને ગમીયે;
ભવો દધિમાં નવી ભમીએ, ચાહુ હું સંતની સેવા.
ગુરૂ જ્ઞાની ગુરૂ ધ્યાની, ગુરૂ ન હોય અભિમાની,
ગુરૂ વીણુ મુકિત નહિ માની, ચાહુ હું સંતની સેવા.
લઘુવયમાં લીધી દિક્ષા, હૃદયે રાખી ગુરૂ શિક્ષા;
ભમી લ્યે ભ્રમરસમ ભિક્ષા, ચાહુ હું સંતની સેવા.
સાધુ થઇ સાધ્યું દઈ લક્ષ, મુની થઇ મૌનમાં દક્ષ;
પુન્યના છે ફળ પ્રત્યક્ષ, ચાહુ હું સંતની સેવા.
સાલ અઠયાસીની સારી, ચોમાસું સિદ્ધગિરી ધારી;
દેવવિજયજી બલીહારી, ચાહુ હું સંતની સેવા.
ગુરૂના ગુણુને ગાતા, જયંતિ કરી હરખાતા.
સુખલાલ રાજી બહુ થાતા, ચાહુ હું સંતની સેવા.

---

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાગ ગરબો ( ૬ ).

સખીઓ નમીએ આજે, વિજયકેશર સૂરિરાયને રે.
જેના નામ સ્મરણુથી જીવન પાવન થાય.
એવા વિજયકેશરસૂરિ વંદો બ્હેનો ભાવથી રે......(૧)

**સાખી**—સંયમ ઉત્તમ પાળતાં વૈરાગે ભરપૂર,
સરલ જીવને ગાળતા નીહાળતા નીજનૂર;
જેને શુદ્ધ ક્રિયાપર અંતર પ્યાર અતિ ઘણોરે.
ગણુતા નીજ ચારિત્રને પ્રાણુ થકી અણુમૂલ—એવા૦ (૨)

**સાખી**—વિશ્વપંક વસવા છતાં, પંકજ આત્મ પ્રફુલ્લ.
નિર્લેપી જગ જલ થકી, સંત બન્યા એ મૂલ.
જેને દંભ દમામ ન લેશ, હૃદયમાં આણીયો રે;
ગાળી શુદ્ધ જીવન ને, સંત થયા જગમાહ્ય—એવા૦ (૩)

**સાખી**—શ્રાવણ વદની પંચમી, કરતા ધ્યાન મોઝાર.
પ્રભુ સ્મરણે લય લીનતા, સમાધીમાં એક તાર.
ત્યાગી પ્રાણુ વાસ જઇ તુર્ત અમર ધામે કર્યો રે;
મણીમય મળવા કયાં એ, સંત ક્રિયા સરદાર—એવા૦ (૪)

---

રાગ—ગઝલ. ( ૭ )

અમારા ખાસ ઉપકારી, દેનારા વાણી હિતકારી;
અમોને છેક વિસારી, ગયા કયાં સૂરિ મહારાજા. ( ૧ )

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સદા સંતોષ ધરનારા, સદા સુવાક્ય વદનારા;
સદા શાંતિમાં રહેનારા, ગયા ક્યાં સૂરિ મહારાજા. ( ૨

સ્વપરનું હિત જે કરતાં, દુઃખીના દર્દને હરતા;
દલીલ દીલની દીલે ધરતા, ગયા ક્યાં સૂરિ મહારાજા. ( ૩

ધરે જે સર્વદા સમતા, હતી ના જેહને મમતા;
પરીષહ પ્રેમે જે ખમતા, ગયા ક્યાં સૂરિ મહારાજા. ( ૪

હતી જેની મીઠી વાણી, મધુરી ખાસ ગુણખાણી;
બુઝાવી બહુ ભવી પાણી, ગયા ક્યાં સૂરિ મહારાજા. ( ૫

જેણે વીરધર્મ દીપાવ્યો, ફરી બહુ દેશ ફેલાવ્યો;
મુક્તિનો માર્ગ બતલાવ્યો, ગયા ક્યાં સૂરિ મહારાજા. ( ૬

હતા જે શુદ્ધ વૈરાગી, મહા ગંભીર સોભાગી;
ખરા ચારિત્રના રાગી, ગયા ક્યાં સૂરિ મહારાજા. ( ૭

---

### રાગ—શું કહું કથની મારી—રાજ શું. (૮)

એ ગુરૂવંદન કરીયે આજ, એ ગુરૂ વંદન કરીયે,
ધ્યાન હૃદયમાં ધરીયે આજ, એ ગુરૂવંદન કરીયે,
સમતાસાગર સૂરિ મહારાજા, વિજયકેશર ગુણધામી;
પરમ દયાળુ ગુરૂની જગમાં, પુરાય નહિ કદી ખામી આજ. એ૦
સંયમ લઇ દઇ બોધ જે ગુરૂએ, ભવીજન કૈંકને તાર્યા;
ઉપકારો અમપર બહુ કીધા, તે કેમ જાય વિસાર્યા આજ—એ૦

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ગામોગામ વિહાર કરીને, જેણે જશ ઘણો લીધો,
તે ગુરૂએ અરે સ્વર્ગમાં જલ્દી, વિહાર શીદને કીધો આજ.એ૦૩
ધર્મ ધુરંધર ગુરૂ ગુણવંતની, ખોટ પડી ગઇ પુરી;
આપવિના અમને હરઘડીયે, દે કોણ શીખ મધુરી આજ.એ૦૪
દયાના દરીયા એ ગુરૂવરના, બહુ ગુણ યાદજ આવે;
ગુણ સંભારી શ્રીકેશરસૂરિના, મનસુખ ગુણગાન ગાવે આજ.
એ ગુરૂ૦ ૫

---

## રાગ આશાવરી. ( ૯ )

નમન હો વિજયકેશરસૂરિ રાય, નમન હો વિ૦
ક્રિયા જ્ઞાન ગંભીર સરવરના, રાજલ હંસ સમરાય;
સચ્ચારિત્ર ચુડામણિ મોંઘા, વિશ્વે વિરલ જણાય. નમન૦ ૧
રાગ દ્વેષ નવ દંભ સરળતા, રોમ રોમ પ્રગટાય;
ધર્મ ધ્યાન લયલીન જીવાત્મા, દુર્લભ ફરી મળવાય. નમન૦ ૨
અનુભવ પંકજ આત્મકમળ, જગપ્રભાવ પરિમળ છાંય;
વિશ્વતણા કલ્યાણ સટે, જસજીવન વીતીજાય. નમન૦ ૩
શાંત સરલને શુદ્ધ જીવનથી, કર્મ અનંત ખપાય;
કાર્યસાધી નિજ સ્વર્ગસીધાવ્યા, મુકિતતણા રસીઆય. નમન૦ ૪
કયાં મળવા એ સંત કમલસમ, નિર્લેપી જગમાંય;
સ્વપર તણા ઉપકારી આજે, સ્વર્ગે સંચરીઆય. નમન૦ ૫
સિદ્ધક્ષેત્ર શ્રાવણવદ પંચમીએ, જયંતિ ઉજવાય;
હૃદયભાવ પુષ્પાંજલી મણીમય, સ્વીકારજો સૂરિરાય. નમન૦ ૬

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

## વૈદર્ભી વનમાં વલવલે—એ રાગ. ( ૧૦ )

અરરરરરર આ શું થયું, દૈવે વાળ્યો રે દાટ,
શાસન સ્તંભ હરી ગયો, વ્યાપ્યો સઘળે ઉચ્ચાટ—અરર૦ ૧
વિજયકેશર સૂરિ વ્હાલા, ધ્યાની જ્ઞાની ગણાય;
સમતા રસમાં ઝીલતાં, થયું નિર્વાણ જણાય—અરર૦ ૨
ધ્યાનદીપીકાદીક અનેક જે, ગ્રંથો પાડ્યા છે બ્હાર;
વાંચતા વિદ્વાન જાણીએ, વંદણા વારંવાર—અરર૦ ૩
મહોપાધ્યાયજી મહારાજની, જતી રહી જમણી બાહ્ય;
કાળ ન છોડે કોઇને, જાણી ધીરતાં ત્યાંહ્ય—અરર૦ ૪
પંન્યાસ લાભવિજય ગણિ, બીજો બહોળો પરીવાર;
સુખલાલ સૂરિશ્વરને સમરતાં, શોભાવે શાસન સાર—અરર૦ ૫

---

## અવસર બેર બેર નહી આવે—એ રાગ. (૧૧)

પરમગુરૂ વિજયકેશર સૂરિ નમીએ, ગુરૂ ગુણ સાગર રમીએ. પર૦
જૈન શાસન જગમાં જયવંતુ, પરમ પૂરૂષ પ્રભાવે,
વીજયકેશરસૂરિ સમશ્રુત સાગર, જોતાં ન નજરે આવે. પરમ ૧
જ્ઞાન સમર્પી શુદ્ધ સ્વભાવે, જડ ચેતનને જ્ઞાને;
અનાદિકાળનું અજ્ઞ તિમિરદળ, કાટયું એ કષ્તાને. પરમ. ૨
યોગાભ્યાસી અમૃત દરિયા, જ્ઞાન ધ્યાન લયલીનાં;
નીરાભીમાની સમતા સાગર, શોધતાં ન મળે નગીના. પરમ. ૩

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

લીંબડી પતિ ધરમપુર ધણી, વળી ભાવનગર અધિકારી;
કેઇ ભવિકના તિમિર તોડ્યા, ગુરૂવચનામૃતબલિહારી. પરમ. ૪
ત્યાગી વૈરાગી પ્રખર પ્રભાવે, સ્વાંત રમણ સુખ ચાખી,
મન વચ કાયથી સંવર સાધી, આશ્રવ રોધ રીત દાખી. પરમ. ૫
કેઇ આતમ ઉધર્યા કળજુગમાં, સંતજોગી લ્હેરો લગાવી;
"નાગર" ભવસાગરથી તાર્યા, કર્મ કટકને ભગાવી. પરમ. ૬

---

## ટુંક જીવન વૃત્તાંત.

### રાગ મરાઠી. (૧૨)

શાન્તાદિ મુનિ ગુણગણાલંકૃત, અવર પ્રવર ઉપકારી;
વિજયકેશર સૂરિરાજ તાજના, ગુણગણની બલીહારી.
ભવિ વંદો રે શાંત સુધારસ દરીઆ. ટેક૦ ૧
પાદલિપ્તપુર માધવ શ્રેષ્ઠી સુત, લક્ષ્મી માત ઉર જાયા;
ઓગણીશ તેત્રીશ સાલ સુયોગે, જન્મ લીયે ગુરૂરાયા. ભ૦ ૨
બાલ્ય વય વિનોદે વિતાવી, વ્યવહાર જ્ઞાનબલસાધી;
ઓગણીશ પચાસ સાલ વડોદરે, છોડી સર્વ ઉપાધિ. ભ૦ ૩
વિજયકમલસૂરિ ચરણ સરોજે, સંયમ સાધ્ય સ્વીકારી;
અનુપમ જ્ઞાન લઇ ગુરૂ પાસે, સંચરે સુરત મોઝારી. ભ૦ ૪
ઓગણીત્રેસઠ ગણીપદ પામી, ભવિજન કેઇક ઉધાર્યા;
મુંબઇનગરે પન્યાસ પદ લઇ, નિજ આતમ સુધાર્યા. ભ૦ ૫

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ગામ નગર પુર પાટણુ વિચરત, ભાવનગર ગુરૂ આવે;
શ્રી સંઘ મીલકર ગુરૂગુણુ સમરી, આચારજ પદ ઠાવે. ભ૦
અધ્યાત્મરસ આન્દોલન યોગે, સુધાસિંચન ઉપદેશી,
શાન્તાત્મા ગુરૂ સરલ સ્વભાવી, ભેદ જ્ઞાની જહાંજ એસી.ભ૦
ઓગણીસ સત્યાસી સાલમાંહી, અમદાવાદ મોઝારી.
કાળ બળિ ગુરૂ પાછળ પડીયો, સાલ કરી ગોઝારી. ભ૦
આત્મવત સહુ જીવોને સમજી, કર્મ રજ કટ કીધાં;
અધ્યાત્માનંદી સમરસ ભાવે, સ્વર્ગીય મારગ લીધાં. ભ૦
ધન્ય ધરા ગુરૂ પદ્મ પ્રકાશીત, વિરહ વ્યથા અમ સાલે;
દુર્લભ દેવ મનહર સુરત, અહર્નિશ નયણુ નીહાલે.
ભવિ વંદો રે શાંત સુધારસ દરીયા.

---

## વીરહનું ગાયન.

### રાગ—ઓધવજી સંદેશો દેજો શ્યામને. (૧૩)

કયાં મળશે ગુરૂ ગુણીયલ ગરવા વિશ્વમાં,
વિજયકેશર સૂરિ સમ સમર્થ ઝહાઝ જો,
ગુણ સંભારી નયણે નીર નીકાલીયે,
આપ વિરહ સાલે ઉરમાં ગુરૂરાજ જો. કયાં૦ ૧
અમ ઉપકારી અતુલપણે અહર્નિશ રહી,
આજ ગયા કયાં મેલી સર્વ સમાજ જો,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આપ નીશ્રાયે આત્મ ઉજ્વળ ઉલ્લેખતાં,
દર્શન દ્યો ગુરૂ શરણાગત શીરતાજ જો. ક્યાં૦ ૨

ભારતવર્ષે વિચરી રસ વરસાવીઓ
જડ ચેતન ભેદ જ્ઞાનનો ભડવીર ભૂપજો;
અનાદિ સંચિંત આત્માન્ધકાર ઉખેડીઓ,
આજ એકાએક થઈ બેઠા કેમ ચુપ જો. ક્યાં૦ ૩

શાંત સુધા સીંચતી સુરત ગુરૂ આપની;
ઉપદેશામૃત ધ્વની ગુંજતી વિશ્વજો,
ત્રિવિધ તાપ સંતાપ પાપ ચાલ્યા જતાં,
એ ગુરૂ ગરવા મળવા હા કઈ દિસ જો. ક્યાં૦ ૪

ગુણ સંભારી નયણે નીર વરસાવતાં,
આજ આપના અનાથ આશ્રિત બાલ જો;
દેવ સરોજે મનહર સુખને માલતાં,
કરો પ્રભુ કંઇ નીજ કીંકર સંભાળ જો. ક્યાં૦ ૫

---

## શ્રી પાલીતાણામાં અપૂર્વ જયંતિ મહોત્સવ.

સંવત્ ૧૯૮૮ ના શ્રાવણ વદી ૫ ને દિવસે શ્રી મોતી-સુખીયાની ધર્મશાળામાં મહામહોપાધ્યાય શ્રી દેવવિજયજી મહારાજશ્રીના અધ્યક્ષપણા નીચે આચાર્ય મહારાજ શ્રી વિજયકેશરસૂરિશ્વરજી મહારાજનો પ્રથમ જયંતિ મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. જયંતિમાં પૂજ્ય મુનિવર્યોએ તેમ-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જ સાધ્વીજી મહારાજોએ સારી સંખ્યામાં હાજરી આ
હતી, તેમજ સ્વધર્મબંધુઓ તથા બ્હેનોની પણ ઘણી મે
સંખ્યા હાજર હતી. સભાના રંગમંડપ તથા આગળ પા
ળની પડાળીઓ સઘળી માનવમેદનીથી ભરપૂર હતી. આઘ
શ્રી બ્રહ્મચર્યાશ્રમના વિદ્યાર્થીઓની સંગીત ટોળીએ સંગી
મધુરા સ્વરે ગાયાં હતાં. સદ્દગત આચાર્યશ્રીના ગુણાનુરાગ
પણ કવિતાઓ ગાઇ હતી. તેમજ નાચ તથા ડાંડીયારાસ
સભાજનોને ઉલ્લાસિત કર્યા હતા. ત્યારબાદ શ્રાવિકાબેન
તથા અંજવાળીયે આચાર્યશ્રીના ગુણાનુરાગના પદો ગાયાં હ
તે પછી મહા મહોપાધ્યાયશ્રી દેવવિજયજીના શિષ્યરત્ન મુ
મહારાજશ્રી મનહર વિજયજીએ પોતાના દાદા ગુરૂશ્રીના જી
નની ટુંક રેખા વર્ણવવા અગાઉ તેમની પ્રશસ્તિના સંસ્
શ્લોકો બોલ્યા હતા. અને ત્યારબાદ સદ્દગત આચાર્યશ્રીના જી
નનો ઉપોદ્દઘાત કરતાં તેઓએ જણાવ્યું કે સદ્દગત પૂજ્ય
ઉચ્ચ કોટીના યોગી પુરૂષ હતા. વિદ્વાનોની પંક્તિમાં પ
તેમની ગણના હતી, તેમણે યોગના ઘણા પુસ્તકોનું અવલો
કર્યું હતું. તેમના યોગ પ્રભાવથી આકર્ષાઈ કેટલાક રાજ
તિજ્ઞ પુરૂષો તેમજ રાજા મહારાજાઓનો તેમને સમાગમ થ
હતો. તેઓના પરિચયમાં આવનારને તેમની શાંતમુદ્રાથી અ
જ્ઞાન પ્રભાવથી આનંદ થતો. કેટલેક સ્થળે સંઘમાં પણ તેમ
આગમનથી કલેશ કંકાસ દૂર થયા છે. ક્રોધી માણસ પ
તેમના આગળ શાંત થઇ જતું. આટલું બોલી સદ્દગત પૂજ
શ્રીના જીવનનો ટુંક અહેવાલ સભાજનોને કહી બતાવ્યો હતો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ત્યારબાદ શ્રી ય૦ વિ૦ જૈનગુરૂકુળના ધાર્મિક અધ્યાપક કસ્તુરચંદ હેમચંદ દેશાઇએ બુલંદ અવાજે અને પ્રેમપૂર્વક હૃદયે સદ્ગત પૂજ્યશ્રીના ગુણાનુરાગનું બ્યાન કરતાં જણાવ્યું કે તેઓ એક ખરેખર શાંતિપ્રિય અને મહાપુરૂષ હતા. તેઓશ્રીનો મારે પરિચય થયો હતો અને તેથી કહેવાની જરૂર પડે છે કે તેઓ કર્ત્તવ્યશીલ હતા. અને તેમનો ઉદ્દેશ પણ તેજ હતો. મનુષ્ય જ્યાં સુધી ઉચ્ચ આદર્શને અમલમાં મુકતો નથી ત્યાં સુધી આદર્શ બોલવાથી કંઈ આદર્શની સફળતા થતી નથી. જીનેશ્વર પ્રભુ પ્રત્યે અવિચળ શ્રદ્ધા અને કર્તવ્યપરાયણ થયા સિવાય ઇચ્છિત વસ્તુ મળવી મુશ્કેલ છે. માનવભવનું સાર્થક પણ ત્યારે છે. આટલું બોલી તે બાબત શુદ્ધ શ્રાવિકા સુલસા અને ચેલણાના દૃષ્ટાંતો આપી પોતાની જગ્યા લીધી હતી ત્યારબાદ ગુરૂકુળના હાઉસમાસ્તર ભાઈશ્રી તલકચંદ માવજીએ સદ્ગત આચાર્યશ્રીના સંબંધી બોલતાં જણાવ્યું કે તેઓ પ્રભાવશાળી હતા. જ્યાં જ્યાં વિચરતા ત્યાં ત્યાં શાંતિનું સામ્રાજ્ય સ્થાપતા. સંઘમાં તેઓનું ઘણું સન્માન થતું તેમ તેઓ આપણા વડા હતા. વડા કેમ થવાય છે. અને ઉચ્ચ કોટીના મહાપુરૂષોજ વડા થઈ શકે છે. તે બાબત 'વડાંનું' દૃષ્ટાંત આપી સિદ્ધ કરી હતી. ત્યારબાદ ગુરૂકુળના સુપ્રિ. શ્રીયુત શંકરલાલભાઇએ જણાવ્યું કે જયંતિની પ્રથા ઘણીજ ઉત્તમ છે. તેથીજ મહાપુરૂષના જીવનનાં જગતને જાણ થાય છે. આગળ આ પ્રથા હોતતો આપણને સમર્થ પૂર્વાચાર્યોના જીવન સંબંધમાં કેટલુંયે જાણવાનું મળત, હાલમાં પંડિતજી સુખલાલજીએ સમ્મતિ તર્કનું ભાષાં-

P.P. Ac. Gunratnasuri M.S.    Jun Gun Aaradhak Trust

તર બહાર પાડેલ છે. તેમાં તેઓશ્રીને તે ગ્રંથના કર્ત્તા
સિદ્ધસેન દીવાકર કઈ સાલમાં થયા તે સિદ્ધ કરવા માટે
લાંચે પ્રાચીન ગ્રંથોનું સંશોધન કરવું પડયું છે. કેટલાક
શ્ચિમાત્ય વિદ્વાનોએ તે બાબતમાં ખોટા અનુમાન કરેલાં
તે પણ તેઓએ બતાવી આપ્યું છે. ટુંકાણુમાં કહેવાની મ
લબ એ છે કે આવા એક પ્રખર અને જબરજસ્ત વિદ્વાન
જન્મસાલ ખોળવામાંજ મુશ્કેલી પડે છે તો પછી તેમના
વનની બીજી બાબતો તો જાણવાનો આપણને કયાંથી અવક
મળે ? માટે જયંતિની પ્રથા તે કેવળ ઈચ્છવાજોગ છે. અત્ય
પાશ્ચિમાત્ય પ્રજાનો પવન આપણામાં ઘણો વાયો છે. અ
તેના સંસર્ગથી ભારત વર્ષમાં ઘણે ભાગે જડમાર્ગ વધી ગ
છે. તેવા વખતમાં અધ્યાત્મ માર્ગના પ્રચારકની વિશેષ ગણુ
ગણાય તે યુક્ત છે. આપણામાં સદ્ગત આચાર્યશ્રીમદ્ બુદ્ધિ
સાગરજી સુરીશ્વરજીએ અધ્યાત્મજ્ઞાન પ્રચાર અર્થે ભગીર
પ્રયત્ન કર્યો છે અને તે ખાતર અધ્યાત્મજ્ઞાન મંડળની સ્થાપ
કરી તે દ્વારાજીંદગીના છેલ્લા શ્વાસોશ્વાસ સુધી પણ પ્રયત
કરી ૧૦૮ ગ્રંથો જનતા સમક્ષ મૂકી જૈનસમાજ ઉપર અપૂ
ઉપકાર કર્યો છે. આપણી આજની જયંતિના નાયકે પણ અ
દિશામાં ઘણું શીર ઝુકાવ્યું છે, તેઓને યોગમાર્ગ પ્રત્યે ઘણ
ચાહના હતી. અને તેને લઇને તે બાબતમાં તેઓએ ઘણે
પરિશ્રમ સેવ્યો છે. તેમજ કોઇ કોઇ સમર્થ યોગીના સમ
ાગમમાં પણ આવેલા હતા. તેમણે આત્મજ્ઞાન વિકાસ અ
નાના મોટા મળી ૨૦ પુસ્તકો જનતાને ચરણે ધર્યાં છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ભાવપૂર્ણ છે, અને જેની ભાષા એવી સરળ અને સારી છે કે તેનો આબાલવૃદ્ધ તમામ સરખી રીતે લાભ લઇ શકે તેમ છે. આકૃતિ ગુણાન્ કથયતિ તે સૂત્ર અનુસાર તેઓના મુખ ઉપરના લાવણ્ય અને શાંતમુદ્રા તેઓના સદ્‌ગુણનો આપણને ખ્યાલ આપતી હતી. તેઓને શ્રી સંઘે ગણીપદ, પંન્યાસપદ, આચાર્યપદ આપ્યું હતું. તેજ તેમની લાયકીનુ તથા પ્રભાવનું પ્રતિબિંબ છે. ભાવનગરમાં તેઓશ્રીના આચાર્યપદ વખતે હું હાજર હતો. તે વખતે ત્યાંના શ્રી સકળસંઘની તેમજ જુદા જુદા સંપ્રદાયોની તેઓશ્રી તરફ એકદીલ લાગણી હદપારની જોઇ મને બહુ આનંદ થયો હતો. તે વખતે માનવમેદની પણ અપાર ભરાઇ હતી. રાજ્યના અધિકારી વર્ગે પણ તેમાં હાજરી આપી હતી. આ વિગેરે બોલી પોતાની જગ્યા લીધી હતી. ત્યાર બાદ પ્રમુખ સ્થાનેથી મહામહોપાધ્યાયજી મહારાજશ્રી દેવવિજયજીએ જણાવ્યું કે આચાર્ય મહારાજજીએ ઘણા જૈન તથા જૈનેતર શાસ્ત્રોનું અવલોકન કર્યું હતું. યોગ માર્ગ તરફ તેમને ઘણી અભિરૂચી હતી. અને તેથીજ તેમણે યોગના પણ ઘણા પુસ્તકોનું વાંચન પરિશીલન કર્યું હતું. ઘણો વખત પોતે યોગાભ્યાસમાં ગાળતા, કેટલાક યોગીશ્વરોના પણ તે ખાતર સમાગમ સેવ્યા છે. એક વખત અમુક યોગનિષ્ઠ મહા પુરૂષનો તેમને સમાગમ થયો હતો. કે જેઓ મૃત આત્માઓની સાથે વાતચિત કરી શકતા હતા. તેઓશ્રીની મારફત તેમણે કળીકાળ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યજી, તેમજ ચીદાનંદજી મહારાજ સાથે વાત ચીત કરી હતી. તેમની યોગ શક્તિના પ્રભાવે કેટલાક

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાજા મહારાજાઓ તેમજ રાજનીતિજ્ઞ પુરૂષો આકર્ષાતા, અ
તેમનો સમાગમ સાધતા તેઓએ યોગમાર્ગના પ્રચાર અ
યોગાશ્રમ પણ ખોલાવ્યું હતું, તેઓ કજીયા કંકાસથી ત
દૂર રહેતા. વિહારની અંદર કેટલાંક સ્થળોએ તેમણે સંઘ
થી કલહ દૂર કરાવ્યો છે. અને ટંટાફિસાદને તીલાંજલી
પાવી છે. તેઓશ્રીનું ભરૂચનું તથા ભાવનગરનું ચોમાસું યાદગ
નીકળ્યું હતું. ભરૂચમાં તેઓ સાહેબના ઉપદેશામૃતથી ત્યાં
શ્રી સંઘે તેમના કાયમી સ્મરણાર્થે સંસ્કૃત વિષયના અ
સીઓને પેલા બીજા નંબરે પાસ થનારને કાયમ માટે સ્
લરશીપો આપવા નકી કરેલ છે. ભાવનગરના શ્રી સંઘે પ
તેમને પ્રસન્નતાપુર્વક અને એક દીલથી આચાર્યપદ અપ
કરેલ છે, આચાર્યપદ વખતે ઘણાઓએ હાજરી આપી હ
રાજ્યના મુખ્ય અધિકારી વર્ગની પણ તેમાં હાજરી ત
આવતી હતી. તેઓશ્રીની પાછળ ઘણો સરસ અઠ્ઠાઇ ઓચ્
કર્યો હતો. તેઓના સ્વર્ગવાસથી જૈન સમાજે એક અમૂ
રત્ન ગુમાવ્યું છે. તેઓ ગુણના દરિયા હતા. અને તેમના
ણોમાંથી અમુક અંશે પણ જો આપણાથી અનુકરણ થાય તો
જયંતિનું સાર્થક થયું ગણાય, ત્યારબાદ સભા વિસર્જન થ
હતી. બપોરના ટાઈમમાં સભાના રંગમંડપમાં પુજા ઘણા ઠ
માઠ પુર્વક ભણાવવામાં આવી હતી. અને તેમાં મહારાજો
મજ ગુરણીજી મહારાજ તેમજ ઘણા સાધર્મી બન્ધુઓ ત
બહેનોએ હાજરી આપી હતી. પ્રખ્યાત ગણાતી અત્રેની
જાની મોટી ટોળીએ કાંશી જોડા અને મૃદંગ સાથે પુજા ઘણ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આલ્હાદપુર્વક ભણાવી હતી. પુસ્તક તથા પતાસાની પ્રભાવના થઈ હતી. રાત્રિના ટાઈમે ભાવના કરવામાં આવી હતી. પ્રભુજીની આંગી તથા રોશની કરવામાં આવી હતી. અને શ્રી બ્રહ્મચર્યાશ્રમના વિદ્યાર્થીઓએ પ્રેક્ષક વર્ગને અપુર્વ આનંદ આપ્યો હતો. ઇતિ શાંતિ! શાંતિ!! શાંતિ!!!

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

॥ ॐ अर्हँ नमः ॥

શ્રી વિજય કમલસૂરીશ્વર ગુરૂભ્યો નમઃ

# શ્રીમદ્ વિજયકેશર સૂરીશ્વરજી મહારાજશ્રીનો રાસ

## દોહરા.

સિદ્ધ ગિરીશ સમરી સદા, ભારતી પ્રણમી પાય.
વિજય કેશર સૂરિ તણો, રાસ રચું સુખ દાય. ॥ ૧
અલ્પ મતિ છે માહરી, પણ સદ્ ગુરૂજીનો સ્નેહ.
ક્ષણે ક્ષણે મુજ સાંભરે, પ્રેરણા કરતો તેહ, ॥ ૨
ગુણિના ગુણ ગાતા થકા ગુણ આવે નિજ અંગ,
લોહ મટી કંચન બને, પારસ તણે પ્રસંગ ॥ ૩
માટે સંત પુરુષની, સોબત અતિ સુખકાર.
સંત પુરુષ સજ્જન તણા, ગુણ ગાઓ નરનાર. ॥ ૪
દોષ રહીત સુદેવ છે, સુગુરૂ તે નિગ્રંથ.
દુરગતિ પડતા ધારે જે, હોવે સુધર્મ પંથ. ॥ ૫
ત્રિકરણથી ત્રણ તત્વને, આરાધે ભવિ જેહ.
સુખલાલ સુર સુખ ભોગવી, લાવે ભવનો છેહ. ॥ ૬

---

## ઢાળ ૧ લી.

રાગ ચોપાઈ ( સુણો શાંતિ જીણંદ સોભાગી. )

[illegible]ાઠીયાવાડ દેશ રસાળ, જીહાં સિદ્ધગિરી તીર્થ વિશાળ,
[illegible]ાલીતાણા મધ્યે પ્રખ્યાત, યાત્રા કરતાં કર્મનો ઘાત. ૧

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ભાવનગર સ્ટેટ મુખ્ય શહેર બોટાદમાં બહુ દિસે લ્હેર.
ત્યાંથી પાલીયાદ પાંચ કોશ સર્વ કોમમાં જાણો સંતોશ. ૨
વરણુ વસે અઢારે જાત, નિજ નિજ કાર્ય કરે ભલીભાત.
જૈન ઘર પચાસ ગણાય, જીન મંદીર ઉપાશ્રય જણાય. ૩
પાઠશાળા અને નિશાળ, બાગ બગીચા વલી ઇસ્પીતાળ.
વાડી તલાવ કુવા નદી જોય, ધામ વિસામણ ભગતનું હોય. ૪
પ્રજા ઉપયોગી જે જે જોવે, પ્રાયે તે તે વસ્તુ હોયે.
એજ સિતાબે આવ્યું તેગામ કુદરત લીલાથી બન્યું અભિરામ ૫
દિપે દાનાખાચર દરબાર, વસ્તિ ઉપર પુરણ પ્યાર
જસદણરાજ નજીકમાં હોય, ભાતૃ ભાવે વરતે સોય ૬
સુશ્રાવક માધવજીભાઈજાણો લક્ષ્મીબાઈ તસપત્ની વખાણો
વિશાશ્રીમાલી જ્ઞાતિકહાય, ઉભયના દિન આનંદે જાય ૭
ધાર્મીક નૈતિકનાં ધરનાર, દંપતિ દોય કુશળ વ્યવહાર
સરખી જોડી પુન્યોદયે જડે, સુખલાલ દુઃખ દોહગ નવિનડે ૪

---

## ઢાળ ૨ જી.

( રાગ—માતા મારૂદેવીના નંદ, એ દેશી ).

મનના મનોરથ ફળતાજી, પુરવ પુન્યોદયથી મનના મનોરથ ફલતાજી—( ટેક ).

ઉપદ્રવ દુરે ટળતાંજી સંસારમાં રહેતા સુરના સુખરૂડાં મલતાજી.
દોગંદક દેવની માફક, દંપતિ દોય સુજાણ;
સંસારીક સુખ ભોગવતાં જે, ષટ્ પુત્રો પરમાણ. મ૦ ॥૧॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જ્યેષ્ઠ પુત્ર ખોડીદાસ જાણો, જન્મ્યા ત્રીશની સાલ;
સંવત ઓગણીતેત્રીશ પોસે, પુનમે મંગલ માલ. મ૦ ॥૩

પીયર પોતાનું પાલીતાણામાં, શુભ સુપને સુચિત્ત;
ઉંચ્ચ દોહદથી ઉત્પન્ન થાતા, ઉત્તમ જીવ ખચીત્ત. મ૦ ॥૩

બીજા પુત્રનું નામ કેશવજી, રાખતાં રૂડી પેર;
બીજ ઇંદુ જેમ મોશાલ મધ્યે, વૃદ્ધિએ લીલા લ્હેર. મ૦ ॥૪

ખોડીદાશને કેશવજીભાઈ, રામ લક્ષ્મણની જોડ;
નિત્ય નિશાળે નેહ ધરીને, જાતાં મનને કોડ. મ૦ ॥૫

વઢવાણકેમ્પે આવ્યા ત્યાંથી, પાંચ ધોરણ અભ્યાસ;
મિત્રમંડલમાં કેલિ કરતાં, સર્વ વાતમાં પાસ. મ૦ ॥૬

બાલપણમાં બહુ હુશીયારી, દાખવતા ગુણ ગેહ;
પુત્રના લક્ષણ પારણીયામાં, સુખલાલ જોતાં સ્નેહ. મ૦ ॥૭

---

## ઢાળ ૩ જી.

( રાગ—ધનાશ્રી. ચારો મંગળચાર આજ મારે ચારો મંગળચાર—એ દેશ

વિદ્યા નિધિ વખણાય, જગતમાં વિદ્યા નિધિ વખણાય.
જસગુણ સુરનર ગાય જગતમાં, વિદ્યા નિધિ વખણાય. જ૦
વ્યવહારિક ધાર્મીક નૈતીકની, કેળવણી જે પાય. જ૦
જ્ઞાનાવરણી ક્ષયોપક્ષમથી, નિર્મળ નાણ જણાય. જ૦
જ્ઞાનીને જ્ઞાનની આશાતનાથી, ગુણીયલ જ્ઞાન હણાય. જ૦
કેશવજીભાઇ એહવું સમજી, કરતા શ્રેષ્ઠ ઉપાય. જ૦

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નાનપણુથી નિત્યે સંતની સેવા, સાધતા તે સુખદાય. જ૦ ૬
વીનયી બની વિદ્યા વડી વ્હાલે, વેગે લહે નિરમાય. જ૦ ૭
સુખલાલ મોશાળમાં મનરંગે, યાત્રા કરવા જાય. જ૦ ૮

---

ઢાલ ૪ થી.

વિમળાચળ વિમળા પ્રાણી અથવા ખુને જીગરકું પ્રીત—એ દેશી.

સંપ સદા ધરો નરનારી, સંપની જગમાં બલીહારી,
સંપે સુખ સઘળા થાયે, સંપે દુઃખ દૂરે જાયે રે,
સંપસાચો સ્નેહી હોય, આદર કરજો સહુ કોય રે. સં૦ ૧

સંપે લક્ષ્મી તણો હોય વાસ, સંપથી નિત્ય રહે ઉલ્લાસ;
એમ માધવજીભાઇ માને, પુન્યોદયથી લક્ષ્મી પિછાનેરે. સં૦૨

સુખ ભોગવતાં સંસાર, પછી પુત્ર થયા તે ચાર;
હીરાચંદ ને પ્રેમચંદ ધાર, વ્રજલાલ મગનલાલ સાર રે. સં૦ ૩

સંસારીક વૃક્ષના ફળ એહ, ષટ્ પુત્ર લહ્યા ગુણગેહ;
દેવ દર્શન ગુરૂ વંદન જાણુ, પ્રતિદિન કરે વ્રત પચ્ચખાણુ રે.સં૦૪

સામાયક ને પ્રતિક્રમણુ સાર, આદિ ધર્મ કર્યા ઉદાર;
પર્વતિથિ ને પોષધ જોય, અઠ્ઠાઇ છ આરાધે સોયરે. સં૦ ૫

ક્વચીત અઠ્ઠાઇ સોલભતું કરતાં, ધર્મવૃત્તિએ આનંદ ધરતા;
પ્રત્યક્ષ ફળ ધર્મનું જાણી, આરાધે ભવિ તે ગુણખાણી રે. સં૦ ૬

ધર્મ સુરતરૂ ફળતો ઘેર, ધર્મ કર્યાથી લીલા લ્હેર;
ધર્મ ત્યાગો નહિ નરનાર, ધર્મે સુવૃદ્ધિ નિરધાર રે. સં૦ ૭

---

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

## ઢાલ ૫ મી.

( રાગ વેદર્ભી વનમાં વલવલે—એ દેશી ).

જાવું જરૂર જણાય છે, ચેતો ચેતન ચીત્ત;
કાલ ન મુકે રે કોઇને, ખાઇ જાએ ખચીત્ત. જાવું૦

સુરનર અસુર વિદ્યાધરા, શશી રવી સઘળા ઇંદ્ર;
બ્રહ્મા વિષ્ણું શંકર વળી, વાસુદેવ ચક્રિ નરીંદ્ર. જાવું૦

તરણ તારણ તીર્થંકરો, પામ્યા તે નિર્વાણ;
નાના મોટા પ્રાણીની, એક દિન થાએ હાણ. જાવું૦

મરણનો ભય રહે પાપીને, મુકીને જવું મ્હેલ;
વસવું જઇ ઝુંપડી વિષે, લાગે ઘણું મુશ્કેલ. જાવું૦

ધર્મી જીવ મરતાં થકાં, હઈડામાં હરખાય.
છાપરી છોડીને બંગલો, મળતાં ખુશી થાય. જાવું૦

ઓગણી ઓગણપચાસમાં, અશાડ શુદિ બીજ જોય.
પુન્યવંત લક્ષ્મી બાઇનું, મરણ સમાધિ હોય. જાવું૦

ત્રણ દિવસના આંતરે, માધવજીભાઇ જેહ;
પાંચમે પરલોક પામતા, સાચો રાખ્યો સ્નેહ. જાવું૦

લઘુબંધવ મગનલાલ જે, ટુંક સમયમાં જાય;
સુખલાલ સાંભળી સજજના, વૈરાગ્ય વાસીત થાય. જાવું૦

---

P.P. Ac. Gunratnasuri M.S.  Jun Gun Aaradhak Trust

## ઢાળ ૬ ઠ્ઠી.

( એ તીરથ તારૂં એ તીરથ તારૂં—એ દેશી ).

વૈરાગ્ય વડે જશ મન રંગાણું, જશ મન રંગાણું;
સત્યપણું પિછાણ્યું રે, એ ગુણ હિતકારી, એ ગુણ હિતકારી. ॥૧॥

સ્વપ્ન સમાન સંસારને જાણે, સંસારને જાણે;
ઉદાસીનતા ભાવ આણે રે, એ ગુણ હિતકારી. ॥ ૨ ॥

સંત સમાગમ અહોનિશ રાખે, અહોનિશ રાખે;
દેવ દુર્લભતા દાખે રે, એ ગુણ હિતકારી. ॥ ૩ ॥

મરણ મા બાપનું જોયું જ્યારે, જોયું જ્યારે,
કેશવજી ભઇ ત્યારે રે, એ ગુણ હિતકારી. ॥ ૪ ॥

સંધ્યા રંગ સમાનજ કાયા, સમાનજ કાયા;
જાણી ચિત્ત ઠરાયા રે, એ ગુણ હિતકારી. ॥ ૫ ॥

બાજી બધી બાજીગર જેવી, બાજીગર જેવી;
પતંગ રંગ સમ લેવી રે, એ ગુણ હિતકારી. ॥ ૬ ॥

અથીર અસત્ય અસાર એ જાણ્યું, અસાર એ જાણ્યું;
સાધુપણાને વખાણ્યું રે, એ ગુણ હિતકારી. ॥ ૭ ॥

પાલીતાણાથી કેમ્પ પાછા આવી, પાંછા આવી;
દીલની વાત જણાવી રે, એ ગુણ હિતકારી. ॥ ૮ ॥

પંન્યાસ કમલવિજયજી વખાણો, વિજયજી વખાણો;
વડોદરામાં તે જાણો રે, એ ગુણ હિતકારી. ॥ ૯ ॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તસપાસ મુળજીભાઇ મોકલાવે, ભાઈ મોકલાવે;
કેશવજી ભાઇ જાવે રે, એ ગુણ હિતકારી. ॥ ૧૦
અભ્યાસ ગુરૂ પાસે રહી ધારે, પાસે રહી ધારે;
સુખલાલ સુગુરૂ જે તારે રે, એ ગુગુ હિતકારી. ॥ ૧૧

---

## ઢાળ ૭ મી.

( રાગ—વણઝારો ). તું સાંભળ મનુમારી—એ રાગ.

પંચ મહાવ્રતો હિતકારી, તરિયો તેથી નરનારી—ટેક.

ત્રસ થાવર હિંસા ન કરતા, સદા સત્યપણું ઉચ્ચરતાં;
અદત્તા દાનને નિવારી, તરીયા તેથી નરનારી. ॥૧
અઢાર સહસ સીલાંગના ધારી, નવવિધ પરિગ્રહ મમતા મારી;
થયા સાધુ તેની બલીહારી, તરીયા તેથી નરનારી. ॥ ૨
કેશવજી ભાઈ એવું વિચારી, પદવી મુનિની લેવા ધારી;
જણાવ્યું ગુરૂને ઉપકારી, તરીયા તેથી નરનારી. ॥ ૩
જોગીદાસની પોળ જે લહીએ, શેઠ કેશવલાલભાઇ કહીએ;
દીક્ષા મહોત્સવ કરતા ભારી, તરીયા તેથી નરનારી. ॥ ૪
ઓચ્છવમાં ત્રણ હાથી લાવ્યા, ભવિજનના મનમાં ભાવ્યાં;
વિત્ત વાપરતા હિત ધારી, તરીયા તેથી નરનારી. ॥ ૫
ઓગણીપચાસ સાલ પ્રમાણો, માગશરવદી દશમી દીલ માનો;
સત્તર વરસે સંજમ ધારી, તરીયા તેથી નર નારી. ॥ ૬

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કેશરવિજયજી નામ કેતાં, વડી દીક્ષા પણ તિહાં દેતા;
મહા શુદી બીજે મનોહારી, તરીયા તેથી નર નારી. ॥ ૭ ॥
કેશવજીભાઈ થયા હવે ત્યાગી, લગની ગુરૂ સંઘાતે લાગી;
સુખલાલ ભણ્યાથી વધે હુંશીયારી, તરીયા તેથી નરનારી. ॥ ૮ ॥

---

## ઢાળ ૮ મી.

( રઘુપતિ રામ રૂદયમાં રહેજો રે—એ દેશી ).

સમ્યગ નાણપદને નિત્ય નમીએ રે, ભવોભવમાં જીમ નવિ
ભમીએ રે, સમ્યગ્ નાણને નિત્ય નમીએ.

ભણો ભણતર ભવિ સહુ ભાવે રે, જ્ઞાન મુખ્ય તે ગુણ કહાવે રે,
આતમ રિદ્ધિ સિદ્ધિ સુખ પાવે રે, સમ્યગ નાણપદને નિત્ય ન. ૧

આંખો છતાં અંધા નવિ ભાળે રે, તત્ત્વ ગુરૂ વિના નવી નિહાળે રે;
તમ તિમીર પડલ ગુરૂ ટાળે રે, સમ્યગ્ નાણપદને નિત્ય નમીએરે. ૨

ગુરૂ દિવો દિવાકર કહીએ રે, ગુરૂ માત પિતા સમ લહીએ રે;
ગુરૂ સેવા નિરંતર વહીએ રે, સમ્યગ્ નાણપદને નિત્ય નમીએરે. ૩

ગુરૂ ક્રિયા કેશરવિજયને થાતી રે, વિદ્યા વૃદ્ધિ થઇ ઘણી ખ્યાતીરે;
જડતા જડ દૂરે જાતી રે, સમ્યગ્ નાણપદને નિત્ય નમીએ રે. ૪

વિચરી ગુરૂ સાથે સુરત આવે રે, પ્રકરણાદિક અભ્યાસ પાવે રે;
વ્યાકરણ કાવ્ય ન્યાય પણ થાવેરે, સમ્યગ્ નાણપદને નિત્ય નમીયેરે. ૫

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સૂત્ર સિદ્ધાંતમાં પ્રવિણ જાણો રે, વ્યાખ્યાન પદ્ધતિ રૂડી વખાણો
મધુરતા વિષય સ્ફુરતા માનોરે, સમ્યગ્ નાણપદને નિત્ય નમીએ રે
સાંભળી શ્રોતા વ્યાખ્યાન વાણી રે, શિશ ધુણાવે ભવિજન પ્રાણી
અમૃતપાન કરે એમ જાણી રે, સમ્યગનાણપદને નિત્યનમીએ.
શાંત દાંત ગંભીર ગુણ કારીરે, અનેક સ્થળે વિચરે ઉપકારી
સુખલાલ સદા હોવે જયકારીરે, સમ્યગનાણપદનિ નિત્ય નમીએ રે

---

## ઢાલ ૯ મી.

( રાગ—વીર કહે ગૌતમ સુણો, પાંચમા આરાના ભાવરે ).

સુગુરૂવાણી નિત્ય પીજીએ, કીજીએ સુજસ કમાણી રે;
અનુભવરસે આતમ ભીંજીએ, મળે શિવસુખ ભવિ પ્રાણીરે. સુ
સત્ય શોધક થાવું સદા, અસત્યને નહિ અવકાશ રે;
ગુણગ્રાહી નિત્ય ન્યાયથી, સ્વપર પાલણ પાસ રે. સુ૦
સોબત સંતની આદરે, સંસાર છેદન હોય રે;
આત્મિક વસ્તુને ઓલખે, ત્યાગે પુદ્ગલીક જોય રે. સુ૦
સર્વ જીવને સુખ આપજે, સુખી થાવાનો ઉપાય રે;
સત્યપ્રિય અલ્પ બોલના, જગમાં જશ ગવાય રે. સુ૦
બીતા રહેવું પાપથી, અભિમાન ઇર્ષ્યા ટાળ રે;
નીંદા કરવી ન પારકી, સવિજીવ મિત્ર સંભાળરે. સુ૦
સુખ મળતાં છલકાવું ના, દુઃખમા નહિ દિલગીર રે;
તન ધન યોવન આદિ સહુ, ગણજે તેને અસ્થિર રે. સુ૦

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મારૂં મારૂં મમ કરે, મારૂં દુઃખનું મુળરે;
કૃપણુતા નવિ કીજીએ, પરદ્રોહ મોટું શૂલરે. સુ૦ ૭
અંધ સમયચિત્ત ચેતજે, ઉદએ સંતાપ ન આણુ રે;
સુખલાલ સુમતિ સેવતાં, થાવે કર્મની હાણુ રે. સુ૦ ૮

---

## ઢાળ ૧૦ મી.

( રાગ—મોહન વાજાં વાગીયાં )

આજ આનંદનો રંગ રેલિઓ, આજ હૈડામાં હર્ષ ન માય;
મુનિરાજ આવીયા કલ્યાણકારી કેશરવિજયજી કહયા;
સવિજીવને સુખદાય, મુનિરાજ આવીયા. ૧

અમૃતધારા ઉપદેશ આપતા, દેશના જેની દુઃખ હરનાર. મુ૦
સુણોભવિક ચાતક મેહ સમો વડે, બહુ બોધ લહે નરનાર. મુ૦ ૨

અન્યાયવડે ઉપાર્જન લક્ષ્મી કરી, સાથે ન આવે એક બદામ. મુ૦
ખાલી હાથે જવું પડે ખલકમાં, મુકિને રિદ્ધિસિદ્ધિ તમામ. મુ૦ ૩

બાળ યુવા વૃદ્ધાવસ્થા ત્રણે, તેનો કરજે તું પુરણુ વિચાર. મુ૦
મળ્યો અનુભવ ચિંતામણી સમો, આવિબાજી હાથે નવિ હાર મુ.૪

જીવનદોરી જોખમમાં ન નાંખતા, શોધી લેજે તું સાચી વાટ. મુ૦
સાધુનો સમાગમ સદા રાખતાં, ટળશે તન મનનો ઉચાટ મુ૦ ૫

ધર્મ દયામય નિત્ય દાખીયો, પુરો પ્રયત્ન તેમાં રાખ; મુ૦
ઉભય લોકમાં આનંદ સંપજે, જેથી અંતિમ સાચુ સુખચાખ.મુ.૬

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કદાગ્રહને કાઢી મુકજે, સ્વછંદા ચારીપણાંનો ત્યાગ;
હાનિકારક વેપાર ન કીજીએ, સદાસોહં જપો મહા ભાગ્ય સુ
ખોટા સ્નેહથી બંધાવું નહિ, ભૂમિ શોધી વાવવું બીજ.
સંયોગ અનુકુલ સર્વે આવતાં, સુખલાલ મળશે ઉત્તમ ચી
મુનિરાજ આવીયા

---

### ઢાલ ૧૨ મી.

( નણદીના વીરા ગણધર આવ્યા છે ચાલો વાંદવા—એ દેશી )—

સુગુણી આજનો દિવસ સફળ ગણુ, સુગુણી પધાર્યા મુનિમહારાજ
ભવિજન પ્યારા ગુરૂજી આવ્યા છે ચાલો વાંદવા.

સુગુણી કમળવિજયજી પંન્યાસ છે,
સુગુણિ શ્રાવકના શિરતાજ રે. ભ૦ ॥ ૧

સુગુણી તસ શિષ્ય કેશરવિજયગણી,
સુગુણી કરતાં ઉગ્ર વિહાર રે. ભ૦

સુગુણી વ્યાખ્યાન વાંચે વડા વ્હાલથી,
સુગુણી સાંભળતાં નરનાર રે. ભ૦ ॥ ૨

સુગુણી આફત આવે ઓલંગવી,
હૈયાથી હીંમત ન હાર રે. ભ૦

સુગુણી વરજે તું વિષય વાસના;
સુગુણી મુર્છાનો કરો પરિહાર રે. ભ૦ ॥ ૩

સુગુણી અહંવૃત્તિ નવિ આદરો,
સુગુણી ન બોલો અવરણ વાદ રે; ભ૦

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સુગુણી ભાવના ભલી પેરે ભાવવી,
સુગુણી છોડવા મન ઉન્માદ રે. ભ૦ ॥ ૪ ॥
સુગુણી તારૂં ન છે કોઈ વિશ્વમાં,
સુગુણી ચિત્ત વિચારીને જોય રે; ભ૦
સુગુણી અધ્યાત્મ આનંદ ભોગવો,
સુગુણી સુખ સંપૂર્ણ જેથી હોય રે. ભ૦ ॥ ૫ ॥
સુગુણી દિન થઇ નથી કરવી માગણી,
સુગુણી પ્રાર્થના કરવી ન ભંગ રે; ભ૦
સુગુણી આત્માની શક્તિ અકથ્ય છે,
સુગુણી જાણે જે લાગ્યો જેને રંગ રે. ભ૦ ॥ ૬ ॥
સુગુણી કમળ કાદવમાં નીપજે,
સુગુણી પાણીથી પંકજ દૂર રે; ભ૦
સુગુણી સમકિતિ સંસારમાં રહે,
સુગુણી લેપ ન લાગે જરૂર રે. ભ૦ ॥ ૭ ॥
સુગુણી એ આદિઅનેક વચનામૃતો,
સુગુણી કહેતાં ન આવે પાર રે; ભ૦
સુગુણી સાંભળી જેણે ગુરૂની દેશના,
સુગુણી સુખલાલ શાંતિ અપાર રે.
ભવિજન પ્યારા ગુરૂજી. આ૦ ॥ ૮ ॥

---

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

## ઢાલ ૧૨ મી.

( સુણો ચંદાજી પરમાતમ પાસે જાજો—એ દેશી. )

સુણુ સાહેલી મનોહર ઓચ્છવ થાએ જોવા ચાલો;
શુદ્ધ દેવગુરૂ ધર્મ હૃદયમાં રાખી સઘળે મ્હાલો. ॥ ટેક—

દોષ અઢાર રહિત હોવે દેવા, ભાવે કરીએ તેની સેવા;
મળે શિવપુરીના વેગે મેવા, સુણુ સાહેલી મનોહર. ઓ૦

ગુરૂ નિર્ગ્રંથને નમીએ નિત્યે, કંચન કામિની ત્યાગી ચિત્તે;
પંચ મહાવૃતો પાળે પ્રીતે, સુણુ સાહેલી મનોહર. ઓ૦

અહિંસા પરમો ધર્મ કહીએ, સુવર્ણ સમ કસીને લહીએ;
તો કર્મ રૂપી કાષ્ઠ દહીએ, સુણુ સાહેલી મનોહર. ઓ૦

ઘણાં સ્થળો વિચરી ગુરૂરાયા, જામનગરમાંથી સંઘ કઢાયા;
સિદ્ધગિરિ ગિરનાર મન ભાયા, સુણુ સાહેલી મનોહર. ઓ૦

ફરતા સુરત શહેરમાં આવ્યા, સંઘ મળી હર્ષથી વધાવ્યા;
ભગવતિ સૂત્ર તિહાં વંચાવ્યા, સુણુ સાહેલી મનોહર. ઓ૦

પંન્યાસજી કમળવિજયજી ધારે, યોગોદ્વહન કરાવવા વિચારે;
વૈશાક શુદિ એકાદશી ત્યારે, સુણુ સાહેલી મનોહર. ઓ૦

સંવત ઓગણી ત્રેસઠ ધારો, કાર્તિકવદિ છઠ્ઠ દિવસ સારો;
થયો ગણિપદવી મહોચ્છવ પ્યારો, સુણુ સાહેલી મનોહર. ઓ૦

એ પ્રસંગે અઠ્ઠાઇઓચ્છવ થાએ, સ્વામીવચ્છલ પણ સોહાએ;
શ્રીફલના પ્રભાવના કરીએ, સુણુ સાહેલી મનોહર. ઓ૦

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શાસન શોભા સારી થાતાં, ગુરૂ ત્યાંથી મુંબઈ તરફ જાતાં;
સુખલાલ ગુરૂ ગુણ નિત્ય ગાતાં, સુણ સાહેલી મનોહર. ઓ૦ ૯

---

## ઢાળ ૧૩ મી.

( ગિરીવર દરિસણ વિરલા પાવે—એ દેશી ).

વ્હાલથી વિહાર કરે મુનિરાયા, સાથે તે સાધુ કહ્યા સુખદાયા;
વ્હાલથી વિહાર કરે મુનિરાયા. ॥ ટેક ॥

નિર્ગ્રંથી મુનિ અણગાર કહીએ,
પંચાચાર પ્રેમે પાળે પળાયા. વ્હા. વિ. ૧

પંચ સમિતિ ત્રણ ગુપ્તિ આરાધે,
તપ તપતાં તે તરે ને તરાયા વ્હા. વિ. ૨

પંન્યાસ કમળવિજયજી સાથે,
કેશરવિજય તે ગણિ ગણાયા. વ્હા. વિ. ૩

શિષ્ય પ્રશિષ્યો સાથે ફરતા,
બહુ સ્થળે સ્થળે બોધ કરતા. વ્હા. વિ. ૪

નવસારી કાલીયાવાડી બીલીમોરા,
વલસાડ, દેહણુગામ ધરાયા. વ્હા. વિ. ૫

પાલગઢ થઇ અગાશી આવ્યા,
ઝવેરી કચ્છી લોક ભક્તિ ભરાયા. વ્હા. વિ. ૬

પુજા ભણાવી આંગી રચાવી ભારે,
સ્વામીવચ્છલ કરતા સુખદાયા. વ્હા. વિ. ૭

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ત્યાંથી માહિમ મુનિરાજ પધાર્યા,
ઉપરોક્ત કાર્યો અહિંઆં કરાવ્યા. વ્હા વિ. ૮

સહસ અધિક સદ્‌ગૃહસ્થો આવી,
વંદન કરી ગુરૂના પ્રણમે પાયા. વ્હા. વિ. ૯

મુંબઈ પધારવા વિનંતી કરતા,
કરી ઓચ્છવ ગુરૂના ગુણગાયા. વ્હા. વિ. ૧૦

દાદર થઇ ભાયખાલામાં રહીને,
મહા શુદિ એકમે મુંબઇ આવ્યા વ્હા. વિ. ૧૧

સઘે સામૈયું સ્નેહથી કીધું,
ગોડીજીના ઉપાશ્રયે પધરાયા. વ્હા. વિ. ૧૨

કચ્છી ભાઇઓની માંગણી માની,
કેશરવિજય ગણિ હુકમ ફરમાયા. વ્હા. વિ ૧૩

કચ્છી દશાની વાડીમાં જાવો,
ધાર્મિક બોધ દેવા હિત દાયા. વ્હા. વિ. ૧૪

વૈરાગ તાત્વીક દેશના સુણી,
કચ્છી કોમ હૃદયે હરખાયા. વ્હા. વિ. ૧૫

વ્યાખ્યાનહોલ વિશાળ હતો પણ,
સાંકડા પર્વના દહાડા ગણાયા. વ્હા વિ ૧૬

એ ચોમાસું આનંદે વિતાવ્યું,
લબ્ધી અઠ્ઠાવીશ તપ આદરાયા. વ્હા. વિ. ૧૭

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઉપધાન પણ આનંદે કરાવે,
એકશત શોલ મળ્યો સમુદાય. વ્હા. વિ. ૧૮
ઓગણીચોસઠ માગશર શુદિ પંચમીએ,
ખડો વરઘોડો માળનો ચઢાયા. વ્હા. વિ. ૧૯
શુદિ સપ્તમીએ મંગળમાળા,
સુખલાલ પેરીને સૌ હરખાયા. વ્હા. વિ. ૨૦

---

## ઢાળ ૧૪ મી.

સિદ્ધાચલ શિખરે દિવોરે. ( ક્ષત્રિકલંક—એ દેશી )

સજ્જન સહુ હળીમળી આવો રે, અનુપમ ઓચ્છ૰
મિત્રમંડલ તેડી લાવોરે, અનુપમ ઓચ્છવ જોવાને
અલબેલી મુંબઈ શહેર રે, અનુ૦ ત્યાં લહીએ લીલા લ્હેર રે.
વિજયકેશર ગણિ જાણું રે. અનુ૦ લહે પંન્યાસપદવી વખાણું રે અ.
મળી સંઘ સકળ સમુદાયે રે, અનુ૦ દેતા પદવી ગુણગાએરે. અ. ૨
બાબુ રતનલાલ ચુનિલાલ રે,અ૦ કરે શ્રીફલ પ્રભાવના વ્હાલરે અ.
નોકારસી રૂડી થાય રે, અ૦ અઠ્ઠાઇઓચ્છવ અદરાયરે. અનુ૦ ૩
સમવસરણ રચના રંગેરે, અ૦ શાંતિસ્નાત્ર ભણાવે ઉમંગેરે. અ.
એવીરીતે વિત્તવાવરતા રે, અ૦ ગુરૂભક્તિ હૈડે ધરતાં રે. અ. ૪
જોતા મનરાજી થાયરે, અનુ૦ પાતિકપંક દૂરે જાય રે. અનુ૦
શાસન્નોત્તિ સારી થાવે રે, અનુ૦ જૈન જૈનેતર ગુણ ગાવેરે. અ. ૫

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ગણિવિજય કેશર પંન્યાસરે,અ૦કરે યોગનો અતિ અભ્યાસરે.
શાંત વૈરાગી વલી જ્ઞાનીરે, અ૦ નમ્ર સરલતાને મહાધ્યાનીરે. અ
શ્રાવક સુખી કેમ થાય રે, અનુ૦ વલી કેળવણી જેમ પાય રે.
કરતા તેવા ઉપાય રે, અ૦ હિતકર ઘણા ગ્રંથો રચાય રે. અ
અનુક્રમે કરતા વિહાર રે, અ૦ જૈન કોમ ઉદય કરનાર રે. અ
વિજય કમળસૂરિ ગુરૂ રાયરે અ૦ સાલ ચુમોતેર દુ:ખદાયારે અ
બારડોલી મુકામે રહીએ રે, અ૦ નિરવાણ ગુરૂજીનું લહીએરે
તેમની ઇચ્છા પરમાણેરે, અ. નોંધ પોથીમાં લખ્યું તે ટાણેરે. અ
પંન્યાસ કેશરવિજયજી ગણિ વરનેરે, અ૦દેજો સૂરિપદ સુખકર
અમદાવાદના નગરશેઠ જેહરે,અ.વિમલભાઇ મયાભાઇ તેહરે. અ
તેમને ભલામણ કીધી રે, અ૦ શિખ ગુરૂની હૈડે લીધીરે. અ
યોગ્યને યોગ પદવી દેતા રે અ. સુખલાલ વહેસુખ વહેતાંરે અ૦

---

## ઢાલ ૧૫ મી.

( ચાલો સખી સિદ્ધાચલ જઇએ—એ દેશી ).

ધ્યાન પરમેષ્ટિનું નિત્ય ધરીએ, ભવસાગર સેજે તરીએ;
શિવરમણીનું સુખ વરીએ, ધ્યાન પરમેષ્ટિનું નિત્ય ધરીએ.
અરિહંત સિદ્ધ દેવવખાણું, ત્રીજે પદે આચારજ જાણું;
વાચક સાધુ ગુરૂ ત્રણ માનું, ધ્યાન પરમેષ્ટિનું નિત્ય ધરીએ.
પંન્યાસ કેશરવિજયજી પ્યારા, ગ્રામાનુ ગ્રામ વિહાર સારા;
ભાવનગરમાં તે પધાર્યા, ધ્યાન પરમેષ્ટીનું નિત્ય ધરીએ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કીધું તિહાં ચાતુર્માસ, વિવિધ રીતે કીધો વિકાસ;
સંઘ સકલ મન ઉલ્લાસ, ધ્યાન પરમેષ્ઠિનું નિત્ય ધરીએ. ૪

આગ્રહ કરે સૂરિપદ દેવા, ગુરૂજી ન ઇચ્છે તે લેવા;
બલીહારી જે ગુરૂ એવા, ધ્યાન પરમેષ્ટિનું નિત્ય ધરીએ. ૫

વિનંતી સંઘ બહુ કરતા, મૌન ગુરૂ જાણી રંગ ધરતા;
અપૂરવ ઓચ્છવ આદરતા, ધ્યાન પરમેષ્ટિનું નિત્ય ધરીએ. ૬

શેઠ રાણપુર વાસી આવે, વાડીલાલ પરશોતમ ભાવે;
એ અવસર તિહાં જણાવે, ધ્યાન પરમેષ્ટિનું નિત્ય ધરીએ. ૭

જલ જાત્રાનો વરઘોડો જે, ભણાવો શાંતિ સ્નાત્ર તે;
નોકારશી કરો મુજ ખર્ચે, ધ્યાન પરમેષ્ઠિનું નિત્ય ધરીએ.

ઝવેરી નગીનભાઇએ કીધી, શ્રીફળ પ્રભાવના સિદ્ધિ;
બાકીની સહાય સંઘે દીધી, ધ્યાન પરમેષ્ઠિનું નિત્ય ધરીએ. ૯

કારતક શુદિ પુનમ કહીએ, ઓચ્છવની શરૂઆત લહીએ;
વદ છઠે પદવી દઇએ, ધ્યાન પરમેષ્ઠિનું નિત્ય ધરીએ. ૧૦

પ્રતિદિન પૂજાઓ ભણાવે, આંગી રચી ભાવના ભાવે;
શત્રુંજયની રચના થાવે, ધ્યાન પરમેષ્ઠિનું નિત્ય ધરીએ. ૧૧

નવકાર ગણનાર નરનારી, સ્થાનકવાસી તપગચ્છ ધારી;
જમ્યા દિગંબર વિચારી, ધ્યાન પરમેષ્ઠિનું નિત્ય ધરીએ. ૧૨

કેશરવિજય પંન્યાસ થયા, સૂરિ સંઘે કીધી ભક્તિ પુરી;
કોઇ રીતે નહિ અધુરી, ધ્યાન પરમેષ્ઠિનું નિત્ય ધરીએ. ૧૩

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મહોપાધ્યાય પદવી સારી, દેવવિજયજીને નિરધારી;
પ્રવર્તક લાભવિજય ધારી, ધ્યાન પરમેષ્ઠિનું નિત્ય ધરીએ. ૧૦

વડી દિક્ષા એ તીહાં થાવે, બીજા વૃતો ઘણા ઉચ્ચરાવે;
સુખલાલ ઓચ્છવ સોહાવે, ધ્યાન પરમેષ્ઠિનું નિત્ય ધરીએ. ૧૦

---

## ઢાલ ૧૬ મી.

(તીરથની આશાતના નવી કરીએ—એ દેશી)

આગમ સ્વપરને હોવે ઉપકારી, હાંરે ઉપકારી રે ઉપકારી હાંરે
નિત્ય નમન કરો નરનારી, હાંરે જેનો પૂર્ણ આધાર આ૦

સર્વ પ્રકારે આશાતના તેની ટાળો, હાંરે ગુરૂમુખ સિદ્ધાંત નિહાળો
હાંરે હાલમાં પીસ્તાલીશ સંભારો, હાંરે જગમાં જયકાર. આ૦

મૂળ નિર્યુક્તિ ટીકા ચુરણી ભાષ્ય જેહ, હાંરે રાસચરિત્ર તે ગુણગેહ
હાંરે આદિ અનેક ગ્રંથો છે એહ, હાંરે બહુ બોધ દેનાર. આ૦

પુસ્તકો પૂર્વાચાર્યે જે રચીયા, હાંરે તે તે ભવિજનને ઉપકરીયા
હાંરે વાંચી વંચાવી બહુજન તરીયા, હાંરે શિક્ષા જે હિતકાર. આ૦

વિજયકેશર સૂરિશ્વરે પ્રગટ કીધાં, હાંરે તે તે સઘળા અમે લીધાં
હાંરે વર્ત્તમાનકાળે પ્રસિધ્યા, હાંરે સરળ ભાષી હોય. આ૦

યોગશાસ્ત્ર ભાષાંતર પેલું જાણો, હાંરે મલયાસુંદરી ચરિત્ર વખાણો
હાંરે ઉભય આવૃતિ ચાર પિછાણો, હાંરે પ્રિયતા તેની જોય. આ૦

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મહાવીર તત્ત્વ પ્રકાશ સંસ્કૃત કહીએ, હાંરે ભાષાંતર તેનું વહીએ;
હાંરે સુદર્શના ભાષાંતર લહીએ, હાંરે ધ્યાનદીપિકા જાણ. આ૦ ૭
સમ્યક્ દર્શનને ગૃહસ્થધર્મ, હાંરે નિતિમય જીવને ટાળે કર્મ;
હાંરે આત્મવિકાશે મલે શિવશર્મ, હાંરે આત્મવિશુદ્ધિ વખાણ. ૮
નિતિ વચનામૃત શાંતિ માર્ગ સારો, હાંરે આનંદ પ્રભુ મહાવીર લાગે પ્યારો;
હાંરે પ્રભુના પંથને વિચારો, હાંરે આત્મજ્ઞાન પ્રવેશ. આ૦ ૯
ધર્મોપદેશ તત્વજ્ઞાન ઉંચુ જેહ, હાંરે ૐકારના પંથે એહ;
હાંરે દશવૈકાલિક ભાષાંતર તેહ, હાંરે જેના ગુણ અશેષ. આ૦૧૦
પ્રબોધચિંતામણિનું ભાષાંતર ભાવે, હાંરે એમ વીશ પ્રગટ થઇ જાવે;
હાંરે બાકી છપાવ્યા વિના કહાવે, હાંરે મંગળ મયસુખલાલ. આ. ૧૧

---

## ઢાળ ૧૭ મી.

( રાગ મેરે મૌલા બુલાલે મદીને મુઝે ).

વિચરે મુનિવરા શીત ઉનાળે, ચાતુર્માસ એક સ્થળ માંહિ ગાળે. ૧

શેષકાળે માસ કલ્પ કરવાનો આગાર છે.
ચાતુર્માસ કર્યા પછી ફેરબદલી નિરધાર છે.

એવા ઉત્તમ આચારો મુનિ પાળે, વિચરે મુનિવરા શીત ઉનાળે. ૨

યતિ ધર્મ આરાધતા, દશ પરીસહ બાવીસ સહે;
બાહ્ય અભ્યંતર તપથી નિજ કાયાને દહે.

કર્મ ઈંધણને એહ નિત્ય બાળે, વિચરે મુનિવરા શીત ઉનાળે. ૩

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દયા રાખે વિસવસા, પાય અણવાણે ચલે;
આવે જો ઉપસર્ગ તે પણ ધર્મથી જે નવી હલે;
પૂર્વકૃત કિધેલા પાપ ટાલે, વિચરે મુનિવરા શીત ઉનાળે.

વિજયકેશર સૂરિજીએ, ચાતુર્માસ જે કર્યા;
કમલવિજય સૂરીશ્વર ગુરૂજી, સાથે શિષ્યો પરિવર્યા
ત્રણ ચોમાંમાસા સુરતશહેર ગામે, વિચરે મુનિવરા શીત ઉનાળે.

ચાર ચાતુર્માસ પાલીતાણામાં પરમાણતાં,
દેહગામે ત્રણ કીધા, જામનગર બે જાણતાં.
બબ્બે પેથાપુર રાજનગર નિહાળે, વિચરે મુનિવરા શીત ઉનાળે.

વાંકાનેરમાં બે ચોમાશા, બાકી અકકેકા કહવા;
મુંબઈ વળી મોરબીમાં, પુના કપડવંજ લહયા.
ઉંઝા માણુસા કપડવંજ ભાળે, વિચરે મુનિવરા શીત ઉનાળે.

રાજકોટ ધોરાજી ને વલી ગોધાવીને પાદરા;
ભરૂચ વલસાડ રાણપુરમાં વડાલી માંડલખરા.
ભાવનગરમાં મંગલમાલે વિચરે મુનિવરા શીત ઉનાળે.

વિશનગરે વિજાપુરે બીકાનેરે ધારીએ;
ચોમાસા અડત્રીશ એમ કીધાં તે વિચારીએ;
સુખલાલ ધ્યાનમાં રહે ગુરૂ ત્રણકાળે વિચરે મુનિવરા શીતઉનાળે

---

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

## ઢાલ ૧૮ મી.

(રાગ—ભવીજન સેવીયે એ.)

સુખ સિંધુ ઉર ઉછળતો એ, આવે આનંદ તરંગ,
ગુરૂ ગુણ ગાઇયે એ, ધન્યદિવસ ધન્ય આ ઘડીયે;
રાસ રચ્યો ઉછરંગ, ગુરૂ ગુણ ગાઇયે એ. ૧

રત્નમણી સમ દીપતા એ, મણિવિજયદાદા જાણ. ગુ૦
રાજનગરમાં રંગથી એ, કીધાં તે શિષ્ય વખાણ. ગુ૦ ૨

બુટેરાયજી નામના એ, ઢુંઢક સાધુ જેહ; ગુ૦
શિષ્ય મુલચંદજી સાથમાં એ, આવ્યા અમદાવાદ એહ. ગુ૦ ૩

સંવત ઓગણીશ બારમાં એ, બુદ્ધિવિજયજી નામ; ગુ૦
મુક્તિવિજય તસ શિષ્ય કર્યા એ, સારે વાંછિત કામ. ગુ૦ ૪

મુક્તિવિજયજી ગણી તણા એ, શિષ્ય શોભીતા સાર; ગુ૦
કમલવિજયજી સૂરિ કહ્યા એ, તસ શિષ્ય દશ વિચાર. ગુ૦ ૫

ભાવવિજય હેતવિજયજી એ, કેશરવિજય ગુણગેહ; ગુ૦
રામવિજય વિનયવિજયજી એ, દેવવિજયજી જેહ. ગુ૦ ૬

મોહનવિજયજી સાતમા એ, જ્ઞાનવિજયજી ગણાય. ગુ૦
નવમા નયવિજય લહો એ, મોતિવિજયજી ભણાય. ગુ૦ ૭

હવે પ્રેમે પ્રશિષ્ય કહું એ, સાંભળજો હિતકાર; ગુ૦
વિજયકેશરસૂરિજી તણો એ, પુનીત જે :પરિવાર. ગુ૦ ૮

પ્રવર્તક લાભવિજય લહો એ, દર્શનવિજયજી હોય; ગુ૦
પંન્યાસ ન્યાયવિજય અને એ, હેતવિજયજી જોય. ગુ૦ ૯

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વીરવિજયજી વખાણીએ એ, ચંદ્રવિજયજી સોહાય; ગુ૦
ધ્યાનવિજયજી જાણીએ એ; એ સાતે શિષ્ય થાય. ૦

પ્રવર્તક લાભવિજયતણા એ, પ્રેમવિજયજી પંન્યાસ; ગુ૦
તસ શિષ્ય દાનવિજય ગણો એ, ન્યાયના મૃગેંદ્ર ખાસ. ગુ૦

ચંદ્રના પ્રભાવવિજય કહો એ, એમ ઉત્તરોત્તર સાર; ગુ૦
વિજયકેશરસૂરિજી તણો એ, એ દાખ્યો પરિવાર. ગુ૦

સ્થવીર વિનયવિજય તણા એ, ચારિત્રવિજયજી જાણ; ગુ૦
મિત્રવિજયજી માનીએ એ, એ બે શિષ્ય વખાણ. ગુ૦

ચારિત્રના શિષ્ય જાણતા એ, દર્શનવિજયજી હોય; ગુ૦
જ્ઞાનવિજય ન્યાયવિજયજી એ, એ ત્રિપુટી જોય. ગુ૦

મહોપાધ્યાય દેવવિજયજીનાએ, કરૂણાવિજયજી હોય; ગુ૦
તપસ્વી તરૂણવિજયજી ભણ્યાએ, મનહરવિજયજી જોય. ગુ૦

નિપુણવિજયજી મંગળ કરૂએ, શિષ્ય કહ્યા એ ચાર; ગુ૦
તપસ્વી તરૂણવિજય તણાએ, હર્ષવિજય જયકાર. ગુ૦

વિજય મોહનસૂરિ તણાએ, પદ્મવિજય ધાર; ગુ૦
પ્રતાપવિજય પ્રિતિવિજયજીએ, હર્ષવિજયજી વિચાર. ગુ૦

પાઠક પ્રતાપવિજય તણાએ, ઉદય અને ધર્મ કહાય; ગુ૦
ધર્મના યશોવિજય થયા એ, પ્રિતિના સુભદ્રાદિ થાય. ગુ૦

ઉદયના શાંતિ જાણીએ એ, મોહનસૂરિ એ પરિવાર; ગુ૦
હવે પંન્યાસમોતિવિજયના એ, સુમતિવિજયજી સાર. ગુ૦

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તિર્થવિજયજી ધારીએ એ, તસ શિષ્ય ક્ષમાવિજયજાણુ; ગુ.
એ આદિ અર્ધશત મુનિવરાએ, કમલસૂરિના વખાણુ. ગુ૦ ૨૦
સંવત ઓગણી અઠાશીએ એ, ચઇતરે ચડતે રંગ; ગુ૦
બગડીયા બોટાદકરે એ, ઝીંઝુવાડામાં ઉમંગ. ગુ૦ ૨૧
વિજયકમળસૂરિ સ્થાપિતા એ, ઓગણીએકસઠની સાલ; ગુ૦
જૈનધર્મોત્તેજક શાળામાં એ, ભણાવે મંગળ માલ. ગુ૦ ૨૨
પચીશ વર્ષથી પાઠશાળામાં એ, મુખ્ય અધ્યાપક હોય; ગુ૦
આસીસ્ટંટ દલસુખ દેવશીએ, વિદ્યાર્થી સવાસો જોય. ગુ૦ ૨૩
શતઘર વિશા દશા તણા એ, કલ્યાણકારી સંઘ જાણુ; ગુ૦
શાંતિજીન મંદિરથી શીતલતાએ, આરાધે ધર્મ વખાણુ ગુ૦ ૨૪
વિજય કેશરસૂરિજી તણો એ, રાસ રચ્યો આ સુખદાય; ગુ૦
સુખલાલ રવજીએ સ્નેહથી એ, પ્રણમી શારદા માંય. ગુ૦ ૨૫

---

## ઢાલ ૧૯ મી.

( રાગ—ઝેર ગયા વલી વેર ગયા )

ગુરૂ પરંપરા ગુણ ગાતા, હૈડે હોયે હર્ષ અપાર,
પુનિતપુરૂષ પગલે અનુસરતા, પામીજે ભવસાયર પાર;
વિજય કમલસૂરીશ્વરજી નો, એ ભાંખ્યો મુનિનો પરિવાર,
હવે સાધ્વીજી તણો કહીએ, તે સુણજો સહુ નરને નાર. ૧
ગુણીયલ ગુલાબશ્રીજીને વલી, દેવશ્રીજી ગુણશ્રીજી ધાર,
હરખશ્રીજી ને વિજકોરશ્રીજી, એ પાંચેનો છે પરિવાર;

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ગુલાબશ્રીજી ના પ્રવર્તક, આણંદજી મુખ્ય વિચાર,
કમલશ્રી દર્શન મુક્તિ શ્રી, ચારિત્ર, પ્રતાપશ્રીજી ધાર.
રંજન, અમુલખ, કંચનશ્રીજી, હર્મ્ય, કાંતિ, વલભશ્રી હોય,
દાનશ્રીજી ઠાણુાતેર કહીએ, લાવણ્ય ઇશ્વરશ્રીજી જોય;
દર્શન, લલીત, અજીતશ્રીજીને, અમ્રત,નિર્મળ, જયંતિ સોય,
એ આઠે ઠાણા નિત્ય નમિએ, જંબુ મોહનશ્રીજી હોય.

જયંતિ, વિમલ, રંજનશ્રીજી, એ ઠાણા પાંચે પરમાણુ,
રતનશ્રીજી, મુકિતશ્રીજી વલી, લલીત,મહેંદ્રશ્રી ચારેવખાણુ;
અનોપ,મનોહર, મતિશ્રીજીને, ચંદ્રશ્રીજી, વિદ્યાશ્રીજી જાણુ,
પ્રિયંકર,મુકિત,વિમલશ્રીજીને, અંજન ઠાણા છ નિર્માણુ.

રમણીકશ્રીજી હંશશ્રીજીને, વિદ્યાશ્રી, ચંદનશ્રીજી જણાય,
રેવત, પ્રધાન, પ્રસન્ન, નંદન, ઉત્તમ, મણીશ્રીજી ભણાય;
પુષ્પ, મનહર, ચંપકશ્રીજી, સુભદ્રા, હિંમતશ્રીજી ગણાય,
ઝવેર, જયશ્રી, નિતિશ્રીને, દાન, દયાશ્રીજી તે મનાય.

હવે પરિવાર દેવશ્રીજીનો, મણીશ્રીજી,ચંપાશ્રીજી ધાર,
પ્રમોદ, મનહરશ્રીજી પ્યારં, મંગલ, કંચનશ્રીજી ઉદાર;
અશોક, સોભાગ્ય, ચંદનશ્રીજી, વલભ, વિમલશ્રીજી વિચાર,
જ્ઞાન, વિવેક, નેમશ્રીજી કહીએ, ભકિત, અમૃતશ્રીજી સાર.

કલ્યાણુ, માણેકશ્રીજી કહીએ, હવે ગુણુશ્રીજી પરિવાર,
દેવ,ચંદન, પ્રધાન મુકિતને, મણી, સોભાગ્ય, રમણીક ધાર;
હીરા, અમૃત, હેત હરકોર, હરખ, ઉત્તમ, વલભશ્રી સાર,
પ્રભાશ્રીજી, સુબોધશ્રીજી તે, માણેક, ચંદનશ્રી જયકાર.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હરખશ્રીજીના ઠાણા પાંચે, કમલ, મણી, કેશરશ્રી સોય,
કાંતિ, અમ્રતશ્રીજી જાણો, હવે વિજકોરશ્રીજીનો જોય;
દર્શન, લાભ, દિવ્યશ્રીજીને, ચારિત્ર, મહેંદ્રશ્રીજી :કોય,
સુખલાલ એઆદિ ગુરણીના, ઠાણા દોઢસો લગભગ હોય. ૯

---

## ઢાળ ૨૦ મી, કલશ,

( રાગ, ગાયો ગાયો રે શંખેશ્વર સાહેબ ગાયો. )

આવ્યા આવ્યા રે આનંદ વધામણા આવ્યા એ ટેક ॥
વિજય કમળ સૂરિરાજ ગુરૂના, શિષ્ય થયા જે ચાવા,
વિજય કેશર સૂરીશ્વર રાયા, સકલ સંઘ મન ભાવ્યારે આ૧
લઘુ વયમાં લીધો સંજમ જેને, આતમનુ શ્રેય થાવા,
જ્ઞાની ધ્યાની સુ પુરૂષ બનીને, અમર પુરી સધાવ્યારે આ૦ ૨
તસ લઘુ બાંધવ ગુરૂ ભાઇજે, પાઠક પદે સોહાવ્યા,
વિજય દેવની હવે આણાવરતે, વડીલે તે ફરમાવ્યારે આ૦ ૩
સાધુ સાધવી શ્રાવક શ્રાવીકા, ચઉ વિહ સંઘ ઠરાવ્યા
ગચ્છ કોમિક ભેદ દૂર કરીને, નીજ પર હિત ધરાવ્યારે આ.૪
સાશન ઉન્નતિ સારી કરતા, યશ પડહો વજાવ્યા,
અરિહંત દેવની આણ પ્રમાણે, ચાલે તે સંઘ કઢાવ્યારે આ૦ ૫
ઉત્તમ જન અનુસારે વિચરતા, ઉભય લોક સુખ પાયા
કુમતિ કદાગ્રહ કુસંપને કાઢી, ઉજ્વળ જીવન ધ્યાયારે આ૦ ૬
સુદેવ ગુરૂ ધર્મ હૈડે રાખી, નિતિના કાર્યો કરાયા;
ઇહ પરલોક સુધરશે એથી, સુખલાલ ગુરૂગુણ ગાયારે આ.૭

---

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

## ઢાળ ૨૧ મી.

રાગ ગીતિ—( લચપચતા નવ લાડુ એ દેશી ).

જીતવિજયજીનો રાસ, પ્રથમ રચીયો અલ્પમતી મ્હારી,
શ્રી ઉમેદ ખાંતિનો રાસ, દ્વિતિય રચાયો છે આનંદકારી,
વિજય કેશર સૂરિજીનો, ત્રીજો રચીયો .રાસ જયકારી,
કાંતિલાલ દેવચંદ કેરી, સુખલાલને સ્હાય લખવામાં સારી.
સુરપ્રિય પુષ્પ માળા, સિદ્ધ મંગાવો વાંચો નરનારી,
સંગીત સરીતા સોહે, સુખલાલ દેવગુરૂને દિલ ધારી.

ઇતિ શ્રી બોટાદનિવાસી સુશ્રાવક માસ્તર સુખલાલભાઇ રવ-
'ભાઇ બગડીયા વિરચીત શ્રીમદ્ વિજયકેશર સૂરિશ્વરજી
રાસ સં. ૧૯૮૯ ના કાર્તક શુદ પાંચમે સમાપ્ત:
ૐ શાંતિ! શાંતિ!! શાંતિ!!!

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# સુવર્ણ વાક્યો.

## શ્રી વ્રજવિનોદ-આત્મ સંશોધન.

### આ. મ. શ્રી વિજયકેશરસૂરીશ્વરજીના ગ્રંથોમાંથી

ઉદ્ધૃત કરનાર—

### શા. વ્રજલાલ માધવજી.

આચાર્ય મહારાજશ્રીના સંસારીપક્ષના નાનાભાઈ શ્રી વ્રજલાલ માધવજીએ હંસબુદ્ધિથી મહારાજશ્રીના બધા ગ્રંથોમાંથી તારવીને સુંદર રૂપમાં ગુંથ્યા છે, જે વાંચતાં અંતઃકરણમાં પવિત્રતાનો સંચાર થાય છે, હૃદયમાં જ્ઞાનનો નિર્મળ પ્રકાશ પ્રગટે છે અને આત્મા પ્રફુલ્લિત થાયછે. સૂત્રો ટુંકા હોય પણ તેનો ભાવાર્થ અતિ વિસ્તૃત હોય છે. એક એક સૂત્ર જો અમલમાં મૂકવામાં આવે તો જીવનમાં નવજીવન-નવચેતનની ઝાંખી થાય છે અને સત્પંથે પ્રયાણ કરી શકાય છે. પ્રાતઃકાળમાં જ્યારે સર્વત્ર શાંતિ હોય છે અને આપણું મન પણ શાંત હોય છે ત્યારે તેનું વાંચન, મનન અને નિદિધ્યાસન કરવું તેથી હૃદયમાં ઉંડી છાપ પાડે છે, અને આત્મજ્ઞાન-આત્મશક્તિ ની ભૂખ જગાડે છે. માનવ-દેહ મળેલ તેનું સાર્થક્ય કરવા ન ચુકવું હોય તો તેમના વિચારો વાંચો, હૃદયમાં ઉતારો, અમલમાં મુકો અને તમને પ્રતીતિ થશે કે તેઓશ્રીના વિચારરત્નોએ જીવનમાં આબેહુબ અસર ઉપજાવી છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

૧ તારા જીવનની અંદર અનેક પ્રકારની અડચણે ફેતો અને સંકટોવાળા પ્રસંગો આવશે તેનાથી કાયર કે ન થતાં તેની સામે થઇ તે દરેક પ્રસંગને શાંતિથી સહન કે જેથી મુક્તિમાર્ગ સરળથાય.

૨ જેટલા દરજ્જે તું ઈચ્છારહિત થઇશ તેટલા તારી આપત્તિઓ નાશ પામશે. અને સંપદા પ્રાપ્ત થ તેમાં બીલકુલ મૂર્ચ્છિત ના થઇશ.

૩ ગુલાબનો ખપ હોય તો કાંટાથી ડરીશ નહિ.

૪ જ્યાંસુધી તારૂં લક્ષ્યસ્થાન પ્રાપ્ત ન થાય ત્યાં તારો આત્મિક પ્રયાસ ચાલુ રાખજે અને દુનીયાના સ્વ'નગર્ભિત પદાર્થોથી લલચાઇશ નહિ.

૫ દુનીયાના દરેક જીવો તરફ પૌદ્દગલીક દૃષ્ટિનો કર અને આત્મિક દૃષ્ટિથી જો.

૬ તને કોઈ પણ નીચમાં નીચ અધમ સ્થિતિ થવાથી અન્યને ન છાજતું બોલવું તે પોતાનીજ અપૂ ચિન્હ માનજે કારણ કે અન્ય તો નિમિત્ત માત્ર છે.

૭ તારી અન્ય પરત્વેની જેવી શુભ યા અશુભ તું ભાવીશ તેટલેજ દરજ્જે તે ભાવનાનો ભોકતા તું

૮ જે કાર્યની અંદર તારો આત્મા સાક્ષીરૂપ થઇ પ્રેરણા કરે તે કાર્ય નિર્ભયતાથી કરજે અને જે કાર્ય તારો આત્મા શંકિત થાય તે કાર્યથી વિમુખ રહેજે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

૯ તારા શુદ્ર વિચારો અન્ય પાસે પ્રદર્શિત કરી પોતાના તથા પરના આત્માને મલીન ના કરીશ.

૧૦ તારૂં કોઇ બુરૂં બોલે, નિંદા કરે અપમાન કે તિરસ્કાર કરે તો તેથી તું દીલગીર ના થઇશ પણ તેની અપૂર્ણતા તરફ દૃષ્ટિ કરી તે તારૂં નહિ પણ વ્યવહારમાં લોકોએ એક સંસારૂપે નિર્માણ કરેલા તારા નામનું યા શબ્દનું અપમાન કરેલ છે. તું પોતે તો અરૂપી, અવિનાશી અને છેદન ભેદન રહિત તથા પરમાત્મ સ્વરૂપ છો.

૧૧ દીનપણે અન્ય પાસે કોઇ પણ પ્રકારની યાચના કરતાં પહેલાં તારી આત્મિક શક્તિ તરફ દૃષ્ટી કરી કઈ વસ્તુ તારાથી અપ્રાપ્ય કે અસાધ્ય છે તેનો વિચાર કરજે.

૧૨ " આત્માને જાણ્યો તણે સર્વ જાણ્યું " જે સર્વત્ર એકત્રપણાનેજ જુવે છે તેને મોહ શો ! અને શોક શો ! અર્થાત તેને કંઇ પણ હોતું નથી.

૧૩ સુખ અને દુઃખ એ તારી પોતાનીજ પ્રવૃત્તિનું ઉપાદાન કારણ છે. ઇચ્છા હોય તે પ્રવૃત્તિ ગ્રહણ કર.

૧૪ જ્યાં સુધી આત્મ પ્રકાશ પ્રગટ ન થાય ત્યાં સુધી બાહ્યાલંબન ક્રિયાઓનું સેવન ચાલુ રાખજે.

૧૫ આ જીવે દુનીયાના દરેક દેહધારી જીવાત્માઓ સાથે સંબંધો બાંધ્યા અને સગપણો કર્યા પરંતુ કોઇ પણ સગપણ કે સંબંધ કાયમ ટકી ફરી પાછા જોવામાં આવ્યા હોય તેમ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જણાયા નથી. તો પછી જગતમાં કોણે કોનો શોક કરવો ક
ના કરવો ?

૧૬ કમળ જેમ કાદવમાં ઉત્પન્ન થઇ પાણીના અગ્રભ
ઉપર રહ્યું થકું પાણીના સ્પર્શથી દૂર રહે છે તેમ તું
સારિક વિષય વાસનામાં તથા મોહાદીક શત્રુઓના ઘરમાં ર
થકો તેનાથી નિર્લેપ રહેજે.

૧૭ જે વસ્તુની પ્રાપ્તિ માટે તું ભિન્ન ભિન્ન દેહો ધા
કરી કષ્ટોને સહન કરી રહ્યો છે તેજ વસ્તુ તારી પોતાન
પાસે છે.

૧૮ ઘણા કાળનો રોગી એવો તું તારા કર્મરોગનો જ
મુળથી નાશ કર. નહિ તો તે ઘર કરી જશે તો તે ઘણો
જય થશે. રોગોનું નિદાન કરી તેના ઉત્પત્તિ સ્થાનનો વિ
કર દવા તારી પાસેજ છે.

૧૯ તું ધનીક થઈ નિર્ધનની પેઠે દરિદ્રાવસ્થાનો ત્ય
કર દીન થા નહિ તારી આત્મીક તીજોરીના પડદા ખોલી ન
તો ખરૂં ધન પ્રગટ થશે

૨૦ તું તારા મહાન્ શત્રુઓથી નિર્ભય રહે જાગૃત
નિદ્રાનો ત્યાગ કર અને સ્વશક્તિનો અમલ કર, નહિતર ભ
બધીનું ભ્રમણ ચાલુજ રહેશે.

૨૧ તું સંકુચિત વૃત્તિથી માત્ર તારા ઘરને યા ત
કુટુંબનેજ તારૂં માની ન બેશ, પણ આ સમગ્ર વિશ્વ જે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તે પણ તારૂંજ છે તું તેનાથી તથા તેઓ તારાથી ભિન્ન નથી તેમ માન્યતા રાખ.

૨૨ જગતની અંદર જીવીને મરવું તેના કરતાં મરીને જિવવું તે ખરેખર સાર્થકતાવાળું જિવન છે.

૨૩ સમાનપ્રતે મૈત્રી, અધિક પ્રતે હર્ષ, કનીષ્ટ પ્રતે દયા અને વિરોધી પ્રતે ઉપેક્ષા આ ચાર વૃત્તિનો ચિતાર લક્ષમાંથી વીસરીશ નહિ.

૨૪ મનોનિગ્રહ કરનાર જિવાત્માએ પ્રથમ વાસનાઓનો વિલય કરવાની ખાસ આવશ્યકતા છે.

૨૫ દરેક જડ યા ચૈતન્ય વસ્તુમાંથી ગુણગ્રહણ કરતાં શીખજે દુર્ગુણો તરફ દૃષ્ટિ કરીશ નહિ.

૨૬ ન્યાયથી સ્વપરનું પાલન કરજે અન્યાયનું પ્રાણાંતે પણ સેવન કરીશ નહિ.

૨૭ કોઇ પણ કાર્ય કરતાં પહેલાં પૂર્વાપરનો વિચાર કરજે વગર વિચારે કાર્ય કરીશ નહિ.

૨૮ સંત ગુણવાન અને મહાત્મા પુરૂષોનો સમાગમ કરજે દુર્ગુણીઓના સહવાસમાં આવીશ નહિ.

૨૯ જો તું સુખી થવાની ઈચ્છાવાળો હો તો સર્વ જિવોને સુખી કર.

૩૦ સત્ય પ્રિય અને હિતકારી વચનો બોલજે અસત્ય અપ્રિય અને હાસ્યકારી અપમાન ભરેલાં કટુ વચનો બોલીશ નહિ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

૩૧ પાપનો ભીરૂ થઇ આગામી કાળનો વિચાર

૩૨ બીજાની ઐશ્વર્યતા અને મોટાઇ દેખી દ્વેષ
કરીશ નહિ પણ આનંદ માનજે.

૩૩ તારૂં છે તે નાશ પામવાનું નથી અને નાશ
છે તે તારૂં નથી

૩૪ કરેલાં પાપનો પશ્ચાતાપ કરી ફરી ન થાય તે
સાવચેત રહેજે.

૩૫ હંમેશા નમ્રતા અને લઘુતાપૂર્વક વર્ત્તજે કે
માનભંગ કરીશ નહિ.

૩૬ અનંત ઐશ્વર્ય અને શકિતવાળો તું છે, માટે નિ
પણું ધારણ કરીશ નહિ.

૩૭ વિરકત ભાવથી જિવન ગુજારજે, સુખમાં હર્ષ
દુઃખમાં શોકનો ત્યાગ કરજે

૩૮ ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ થતાં ગર્વિષ્ઠ ના થઇશ
તેનો વિયોગ થતાં દીલગીરી ના કરીશ.

૩૯ શુભ કાર્યમાં ભવિષ્યનો આધાર રાખીશ નહિ
ળની અનિયમિતતાનું ચિંતવન કરજે.

૪૦ કોઇને ઉપદેશ કે શિખામણ આપતાં પહેલાં તે
તારામાં છે કે કેમ તેનો વિચાર કરજે.

૪૧ કોઇનાથી તારૂં મોટામાં મોટું નુકશાન થઇ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તો પણ તેના પર રોષ ધારણ ન કરીશ પણ વસ્તુની અનિત્યતાનો વિચાર કરજે.

૪૨ જેનાથી કોઇને અશાંતિ કે દુઃખ ઉત્પન્ન થાય તેવા કાર્યમાં પ્રવૃત્તિ કરીશ નહિ.

૪૩ તારા ભાગ્યાધીનપણે તને જે કાંઈ કુદરતી રીતે પ્રાપ્ત થયું હોય તેમાંજ આનંદ માનજે.

૪૪ આત્મ કલ્યાણના સાધનભૂત આ મનુષ્યદેહ વિનશ્વર ન થાય તેટલા વખતમાં લક્ષ્યબિંદુ સાધ્યકર—કાંઇપણ કરી લે.

૪૫ રાતદિવસ કર્માધિનપણે વર્તી રહેલા સંસારી જિવોની વિચિત્રતાનું અવલોકન કર

૪૬ કોઇ પણ ચૈતન્ય યા જડ પદાર્થને વિષે 'મારાપણા' નો આક્ષેપ ન કરીશ. કારણકે 'મારૂં' એ શબ્દ દુઃખની ઉત્પત્તિનું મુળ કારણરૂપ બીજ છે

૪૭ જે કાર્ય કરવાથી તારા કુળાચાર, ધર્મ અને જિનાજ્ઞાને ભંગ થાય તેવા કાર્યનો ત્યાગ કરજે.

૪૮ કોઇને દુશ્મન દાવથી અગર પૈસાની લાલચથી ખોટી સલાહ આપીશ નહિ.

૪૯ ધનનો તથા વિદ્યાનો જેમ જેમ યોગ્ય પાત્રને વિષે વ્યય કરીશ તેમ તેમ તે વૃદ્ધિ પામતું જશે માટે કૃપણ ન થઈશ.

૫૦ કોઈ પણ પ્રકારનું વ્યવહારીક, યા ધાર્મિક કાર્ય કરતાં નીતિનું ઉલ્લંઘન કરીશ નહિ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

૫૧ તું રાત-દિવસ ગમે તેટલી પ્રવૃત્તિઓ કરીશ, પૂર્વે જે તેં ઉપાર્જન કર્યું હશે તેના પ્રમાણમાંજ તને થશે. માટે કાર્ય કરતાં નારાજ ના થઇશ.

૫૨ કદાચ લોકલજ્જાથી તું ગુપ્ત રીતે કોઇ પણ કર્મ આચરીશ તો તેથી તું મુક્ત નહિ થા, પણ શિક્ષાને પ્રાપ્ત થઈશ.

૫૩ ભલે તું રાજા હો કે ચક્રવર્ત્તિ હો, દીવાન હો બેરીસ્ટર હો, વકીલ હો કે ડીટેકટીવ હો, વૈદ હો કે હો, યોગી કે ભોગી હો, ગમે તે હો પણ યાદ રાખજે આયુષ્ય પૂર્ણ થતાં ત્યાં તારૂં કાંઈ પણ બળજોર કે લા પહોંચવાની નથી. માટે ન્યાયપૂર્વક જિવન ગુજારજે. આત્મવત્ ગણી અન્યાયથી કોઇને દુઃખી ના કરીશ.

૫૪ તું ધર્મના જે જે અનુષ્ઠાનો, આવશ્યકો અને શ્ચર્યાદિ કરે તે તેના ખરા ગૂઢાર્થ અને રહસ્યપૂર્વક ક માત્ર બોલી જવાથી કે વાંચી જવાથી સિદ્ધિ નથી.

૫૫ મહાત્મા પુરૂષોના ચરિત્રોનું તથા તેમના ગુ વારંવાર સ્મરણ કરજે.

૫૬ તું રાત-દિવસ એક ઢોરની પેઠે મહેનત-મ કરી, નિદ્રા-ભોજનનો ત્યાગ કરી અન્યાયનું આચરણ કુળાચારનો ત્યાગ કરી ગમે તેટલી લક્ષ્મી ઉપાર્જન ક તો પણ તેમાંથી એક અંશ પણ તારી સાથે તારા ઉપભોગ આવશે કે કેમ તેનો વિચાર કરજે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

૫૭ ગુરૂ અથવા વડીલની આજ્ઞાનું ઉલ્લંઘન કરી સ્વચ્છં-દાચારી થઇશ નહિ.

૫૮ તારા હૃદયરૂપી ચિત્રપટને મલીન વાસનાથી મલીન થવા ન દેતાં માત્ર ત્રણ જગતના પ્રકાશરૂપ પરમાત્મ દશાથી જ વાસીત કરજે.

૫૯ કોઈ પણ જિવાત્મા કોઇ પણ પ્રકારની આપત્તિને પ્રાપ્ત થયો હોય તો તું તારાથી બનતી મદદ આપી તારી ફરજને અદા કરજે.

૬૦ સંસારવૃદ્ધિના બીજરૂપ કષાયોને આધીન થતાં પ-હેલાં તેને આધીન થયેલાંઓની સ્થિતિનો વિચાર કરજે.

૬૧ આ મનુષ્યદેહની સ્થિતિ પૂર્ણ થતાં, ત્યારબાદ તેના-થી અધમ અને હલકા શરીરની પ્રાપ્તિ ન થાય તેને માટે સાવચેત રહેજે.

૬૨ બાહ્ય અશુચિનો ત્યાગ કરવા સાથે આંતરિક અશુ-ચિનો પણ ત્યાગ કરજે.

૬૩ બીજ વાવતાં પહેલાં ભૂમિની શુદ્ધિ કરજે; ફળની પ્રાપ્તિને માટે અનુકુળ સંયોગોની રાહ જોજે.

૬૪ માણસ જેવો વિચાર અને ચિંતવન કરે છે તેવો તે પોતે અવશ્ય બને છે. ब्रह्मविद् ब्रह्मैव भवति.

૬૫ મળેલ ફટકાના માટે પોતાની ભૂલનો વિચાર કરી તેને સુધાર.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

૬૬ માર્ગના અજાણ ઇંદ્રિયોરૂપ ઘોડાને આધીન થ
તારૂં ભવભ્રમણપણું વધારીશ નહિં.

૬૭ અમૃતના સ્વાદનો અનુભવ લેનાર માણસ પોતે
સમજી શકે છે, તારી ઇચ્છા હોય તો તું પણ અનુભવ ક
વસ્તુ તારી પાસેજ છે

૬૮ તારા અજ્ઞાન મિત્રોની દાક્ષિણતાના અંગે સન્માર્ગ
થી વિમાર્ગ તરફ ઘસડાઇ જતાં વિચાર કરજે.

૬૯ આત્મશુદ્ધિ માટે 'ૐકાર' અને 'સોહં' નો જાપ કર

૭૦ અરે! મનુષ્યનું કેટલું હાસ્યજનક વર્તન કે પોતે
કર્મરૂપ દોરડાના પાસને પોતાના ગળામાં નાખી તેને જકડી
ગળા સાથે બાંધી મોઢેથી કહે છે કે આ કર્મરૂપ દોરડું મને
બાંધે છે તેનાથી છોડાવો, પરંતુ પોતે વિચાર કરતો નથી કે
બાંધનાર હું પોતેજ છું, અને છોડનાર પણ હું પોતેજ છું,
કર્મરૂપ દોરડાના બંધનો ઢીલાં કરી તેને દૂર ફેંકી દે, એટલે
સ્વયમેવ તું તેનાથી મુક્ત થઇશ.

૭૧ કુવામાં પડેલ પશુ પણ તેમાંથી બહાર નીકળવાનો
પ્રયત્ન કરે છે તો હે આત્મન્! તું ભવાબ્ધિને વિષે પડ્યો
છતાં તેમાંથી બહાર નીકળવાને ઇચ્છા કેમ કરતો નથી ? કેટલી
બધી મૂઢતા ? પશુથી પણ હલકો થઇશ ? જરા વિચાર કર !

૭૨ વર્ષોના વર્ષો પર્યંત ચિત્તની એકાગ્રતા વિનાની કરેલ
પ્રભુ ઉપાસના કરતાં, ચિત્તની એકાગ્રતા અને ખરા પ્રેમભક્તિ
ભાવપુર્વક કરેલ ઉપાસના તે ઘણા લાભને દેનારી હોઇ શકે છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

૭૩ તમે તે વસ્તુને લાયક બનો એટલે તે વસ્તુ તમને અવશ્ય પ્રાપ્ત થશે, અધિકારને યોગ્ય થતાં અધિકાર સ્વયમેવ પ્રાપ્ત થાય છે.

૭૪ મનુષ્ય સ્વભાવ પોતાની ભૂલ જાણવા સમર્થ ન બનવાથી " પરોપદેશે પાંડિત્યમ " કરી પોતાને ઘણું નુકશાન કરે છે.

૭૫ તું કોઈપણ શુભક્રિયા કે ધર્મના અનુષ્ઠાનો કરે તે સ્વાર્થરહિત બુદ્ધિથી કરજે, નહિતર કર્મના બંધનો તુટશે નહિ.

૭૬ બકરાઓના સહવાસથી તારા કેસરિસિંહ જેવા સ્વભાવને ભૂલીશ નહિ.

૭૭ કોઇપણ વસ્તુનું ખરૂં સ્વરૂપ સમજાતાં કદાગ્રહ ધારણ કહીશ નહિ.

૭૮ રોતા અને કકળતા દીનદુ:ખીઓને દેખી પરગજુ થજે.

૭૯ આયુષ્યની ક્ષણભંગુરતાનો વિચાર કરી એક સમય પણ વ્યર્થ ગુમાવીશ નહિ.

૮૦ સત્યનો શોધક થજે અસત્યને અવકાશ આપીશ નહિ.

૮૧ મોટા આશ્ચર્યની વાત છે કે પૌદ્ગલીક સત્તા આત્મિક સત્તા પર સર્વોપરીપણું ભોગવી મહત્વતા ધરાવે છે, અજ્ઞાનતિમિર જ્ઞાનપ્રકાશને આચ્છાદિત કરે છે અને ચોરો રાજાને બંધનયુક્ત કરી પોતાની આજ્ઞા પળાવે છે. કેસરિસિંહ બેં બેં કરતો બકરાઓના ટોળામાં ભ્રમણ કરી રહ્યો છે. આ સર્વ પોતાનીજ પ્રમાદદશાનું પરિણામ છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

૮૨ પસાર થયેલ સારા, શુભ અને માંગલ્યકારી દિવ
નું ચિંતવન કરજે અને ફરી તેવા પ્રસંગ પ્રાપ્ત કરવા પ્રય
ચાલુ રાખજે.

૮૩ સર્વ વસ્તુમાંથી સાર ગ્રહણ કરજે, કોઇને નિન્દીશ ન

૮૪ મન, વચન અને કાયાના યોગને શુભ કાર્યમાં
વર્તાવજે, અશુભ કાર્યમાં પ્રવર્તાવીશ નહિ.

૮૫ કોઇના પરોક્ષ દોષો પ્રગટ કરીશ નહિ.

૮૬ સમભાવથી સર્વ જીવો પર મૈત્રી ધારણ કરજે.
થી ભિન્નતા રાખીશ નહિ.

૮૭ તું ગમે તેવા કાર્યમાં પ્રવર્ત્તમાન થયો હો તો
પરમાત્મદશાને ભૂલીશ નહિ.

૮૮ તારી બાળ, યુવા અને વૃદ્ધા આ ત્રણે અવસ્થા
વારંવાર વિચાર કરજે.

૮૯ આગળથી નિમંત્રણ કરી એકઠા કરેલા કર્મરૂપ
તિથિઓનું આતિથ્યપણું સમ્યગ્ પ્રકારે કરી તેઓને
વિસર્જન કર. નહિતર તે જબરજસ્તીથી પણ આતિથ્ય
ગ્રહણ કરાવ્યા વિના રહેશે નહિ.

૯૦ કદાચ કોઈ માણસ તારા પ્રત્યે દ્વેષના અંગે તા
દોષો અને છિદ્રો પ્રગટ કરે તો તે તારા લાભના અર્થે સમ
તેનું બુરૂં ન ચિંતવીશ પણ તારા પ્રમાદમાં સુધારો કરજે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

• ૯૧ સર્વત્ર ધમધમી રહેલા સંસારરૂપ દાવાનલની અંદર નિવૃત્તિના સ્થાનરૂપ તારા આત્મ સ્વરૂપનીજ ઉપાસના કર.

૯૨ જ્યાંસુધી તું કોઇ પણ પ્રકારની સ્પૃહા, ઇચ્છા, ઝંખના, તૃષ્ણા અને કામનાઓ વડે કરીને એક ભિક્ષુક અને માંગણીની ગણતરીમાં મુકાયેલ હઈશ, ત્યાંસુધી તે દરેક કામનાઓ તારાથી તદ્દન દૂર રહેવાની પરંતુ જેવો તું તારા ભિક્ષુકપણના વર્ત્તનને છોડી તદ્દન ત્યાગવૃત્તિપર આવીશ કે તરત તે દરેક વસ્તુઓ અને કામનાઓ તારી સન્મુખ આવી પોતાની મેળેજ ખડી થવાની.

૯૩ ઇષ્ટદેવની પ્રાર્થના વખતે તું અને ઇશ્વર એકજ છે. ભિન્ન નથી એવી એકાગ્ર ભાવના ધારણ કરજે.

૯૪ તું અહર્નિશ દેશ દેશાંતરોના વર્ત્તમાન જાણવાને ઉત્સુક થઈ રહ્યો છે પણ તારા પોતાનાજ વર્ત્તમાન શું છે તે જાણવાને ઉત્સુક કેમ થતો નથી ?

૯૫ અગ્નિ જેમ પોતાનો આશ્રય કરનાર કાષ્ટની ભિનાશને ધુમાડારૂપે દૂર કરે છે અને પછી પોતાની જેમ તેને બનાવે છે તેમ પ્રભુ પણ પોતાના ઉપાસકના કર્મભેજને દૂર કરાવી પોતાની જેમ અનંત શક્તિવાન્ બનાવે છે.

૯૬ સંસારની અનેક જાળોમાં ફસાવનાર અને મુક્ત કરાવનાર મનજ છે.

૯૭ પૂર્ણ જ્ઞાનીને દરેક સમય, સ્થિતિ અને સ્થાન તથા સુખદુઃખ એક રૂપજ હોઈ આનંદ આપે છે.

૯૮ મનુષ્યલોકથી દૂર અને અલ્પપ્રકાશમાન એવા તારા,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ચંદ્ર અને સૂર્યના પ્રકાશને જોવા અને જાણવાને ઉત્સુક થાય છે, પણ શોકની વાત છે કે પોતાનામાં છુપાયેલ અનંત અલૌકિક પ્રકાશમાન આત્માને જોવા માટે જરાપણ પ્રયત્ન કરતો નથી

૯૯ હે પ્રભુ! દેહભાવે કરીને હું તારો દાસ છું. જીવભાવે કરી તારો અંશ છું અને આત્મભાવે કરીને તું એજ હું છું આ પ્રમાણે મારી નિશ્ચિત બુદ્ધિ છે.

૧૦૦ વ્હાલા ચેતન! શાંત થા, દુનીયાના દેખાવો ચિત્ર વિચિત્ર જગત્ દેખી ગભરાઈશ નહિ! તું મહાવીરપુત્ર હો સામર્થ્યવાન છે. માત્ર માર્ગના ભૂલવાથીજ આ અનેક પ્રકારની વિટંબનાઓને પ્રાપ્ત થયો છે, સત્યમાર્ગ પ્રાપ્ત થતાં દરેક વિટંબનાઓ ચાલી જશે સત્યમાર્ગની શોધમાં રહે.

૧૦૧ અજ્ઞાનભુતના ભ્રમથી ભ્રમીત થઇ અહર્નિશ ભ્રમ કરતો મનુષ્ય જ્યાંસુધી તે ભુતભ્રમના જાણ સદ્ગુરૂ મહાત્મા પ્રાપ્ત કરતો નથી ત્યાંસુધી કોઇપણ સ્થાને સ્થાયી થઇ ઠરી બેસી શકતો નથી.

૧૦૨ ઈશ્વરમાં જે અત્યંત પ્રેમ તેજ ભકિત છે. પ્રેમ ઇચ્છા કે વાંસના હોઇ શકે નહિ.

૧૦૩ અહંભાવથી જેટલો દૂર તેટલો ઇશ્વર ભાવનો આવિર્ભાવ સમજવો.

૧૦૪ અત્યારની સ્થિતિ લાવનાર આપણા વિચારો છે, વિચારો કરો તે સાવચેતીથી કરો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

૧૦૫ નિંદા કરનારને આશીર્વાદ આપો, તમને ધિક્કારે જાઓ, તેઓ અહંભાવને મારી હઠાવવવાનું કામ કરે છે.

૧૦૬ શાંતિ અને આનંદજ પ્રેમનો સ્વભાવ છે.

૧૦૭ જેની પાસે કાંઈ નથી, તેની પાસે ઈશ્વર આવે છે ર્ય ઇશ્વરને અર્પણ કરો.

૧૦૮ પવિત્રતા અને મૌનમાંથીજ સત્તાવાળા શબ્દો પ્રગટે છે.

૧૦૯ અમુક વખતેજ પરમાર્થ એમ નહિ, પણ ચોવીશે કલાક પરમાર્થમય જીવન થવું જોઇએ તોજ દશા બદલાણી કહેવાય.

૧૧૦ જે માણસ બીજાને પોતાનો બનાવે છે, ત્યાં મોહ છે, જ્યાં મોહ છે ત્યાં સ્વાર્થ છે, જ્યાં સ્વાર્થ છે ત્યાં કલેશ છે અને કલેશ છે ત્યાં કર્મ છે.

૧૧૧ જે પોતે બીજાનો બને છે ત્યાં પ્રેમ છે, જ્યાં પ્રેમ છે ત્યાં અર્પણતા છે, ત્યાં શાન્તિ છે, જ્યાં શાંતિ છે ત્યાં સુખ છે.

૧૧૨ મહાવીર પ્રભુની દૃષ્ટિએ વ્યવહારના દરેક પ્રસંગ અનુભવવા. અને પ્રભુના શુદ્ધ સ્વરૂપમાં સ્થિરતા. આ બે અભ્યાસ કાયમ કરવા.

૧૧૩ પુર્ણતા આવતી નથી પણ દેખાય છે.

૧૧૪ જે પદાર્થો પામર જીવોને અસર કરે છે, તેજ પદાર્થોની અસર જો મુમુક્ષુઓને થતી હોય તો પામરથી અધિકતા તેમાં નથી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

૧૧૫ પૂર્ણ વિતરાગ દશા પ્રાપ્ત કરવા માટે આખા વિશ્વનો ત્યાગ કરવાનો ભોગ આપવો જોઇએ.

૧૧૬ લોકોત્તર રહીને લોકોની સેવા કરવી.

૧૧૭ મહાન્ આત્મા થવા માટે સર્વસ્વ સમર્પણની જરૂર છે, જે ક્ષણે મન, વચન અને શરીરની સર્વ ક્રિયાઓ દેવ, ગુરૂને સમર્પણ કરવામાં આવે તેજ ક્ષણે તે મહાન પુરૂષ છે. મહાન્ પુરૂષ થવા માટે વર્ષોની જરૂર નથી.

૧૧૮ બલીદાનરૂપી જડીબુટ્ટીથી અનેક પ્રશ્નોનો જવાબ મળે છે.

૧૧૯ જ્યાં ધર્મ છે ત્યાં મંગલ છે, શાંતિ છે, કલ્યાણ છે, અને સુખ છે.

૧૨૦ ગૃહસ્થોએ સદા સાધુનો આદર્શ રાખવો. સાધુઓએ સદા પરમાત્મા મહાવીરનો આદર્શ રાખવો.

૧૨૧ હું નિર્ભય છું, નિઃસ્પૃહ છું, સ્વતંત્ર છું, ઉપાધિઓની ઉપર બેઠો છું, જલકમલવત્ છું, તેવી ભાવના નિરંતર ભાવવી.

૧૨૨ પ્રેમ, જ્ઞાન, સંયમ અને સામર્થ્ય એ મારામાં ભરાઇ રહેલા છે. હું સુખી છું, આનંદી છું.

૧૨૩ ઇચ્છિત વસ્તુ પોતાને પ્રાપ્ત છેજ એવો વિચાર આગ્રહપૂર્વક ધારણ કરવો એજ ઇચ્છિત વસ્તુને પ્રાપ્ત કરવાનો માર્ગ છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

૧૨૪ જેટલો પોતે પોતાને આધીન તેટલો તે મહાન પુરૂષ, મહાનને માર્ગે ચાલનારને મહા પુરૂષનોજ કાયદો લાગુ પડે છે, તેણે મહાનની આંખોએ જોવું અને વરતવું જોઇએ.

૧૨૫ પરમાત્માની જેટલી વસ્તુ છે તે સર્વ મારી છે, પ્રભુ મારો રખેવાળ છે, મને કાંઈ પણ તંગી રહેશે નહિ.

૧૨૬ આશાવાદ સફળતાનો વિધાતા છે, અને નિરાશાવાદ કાર્યસિદ્ધિનો વિધ્વંસક છે.

૧૨૭ પોતાનાં કરતાં ઉચ્ચતર દરજ્જાના લોકોના પરિચયમાં આવવું.

૧૨૮ સફળતા પ્રાપ્ત કરવા માટે સફળ મનુષ્યોનો પ ભજવો.

૧૨૯ નિરાશા, ભય, શંકા, આત્મશ્રદ્ધાની ન્યૂનતા કીડાઓએ લાખો મનુષ્યોની સમૃદ્ધિ અને સુખને નાશ કર્યો છે.

૧૩૦ કર્મયોગ અને જ્ઞાનયોગ કરતાં પ્રેમ અધિક છે.

૧૩૧ કોઈ પણ વસ્તુ વડે વિકૃત ન થવું તેનું નામજ મુક્તિ.

૧૩૨ હું સત્યસ્વરૂપ છું, સ્થુળદેહની પ્રતિષ્ઠા વધારવાને માટે મારા આત્માનો ઘાત કરવો તે સત્યથી વિરૂદ્ધ છે.

૧૩૩ ચિન્તા અને શ્રમના વિચારોને તમારા આયુષ્યનું સત્વ શોષવા દેતા નહિ મનને સદા ઉલ્લાસી અને આનંદી રાખવું, કદી કંટાળવું કે ગભરાવું નહિ અને ભય, વિચાર કે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ચિંતાથી કદી દબાઇ ન જવું એજ ઉત્તમ તંદુરસ્તી અ
બળવાન્ કાર્યશક્તિનું રહસ્ય છે.

૧૩૪ જ્યારે આપણે સમસ્ત વિશ્વ સાથે તાદાત્મ્ય સા
લઇએ છીએ ત્યારે કોઇ પણ દુર્જન માણસ પણ આપ
પાસે આવવાની હિંમત કરી શકતો નથી, ઘરમાં પ્રકાશ
હોય ત્યારેજ ચોરો તેમાં પ્રવેશ કરી શકે છે.

૧૩૫ સર્વ આત્માઓનું ઐક્ય વિસારવાથીજ જગત
સર્વ અનર્થ થાય છે.

૧૩૬ જે વસ્તુ આપણી અંદર જાય છે તેનાથી આપ
દુષિત થતા નથી, પણ બ્હાર કાઢીએ છીએ તેનાથીજ
દુષિત થઇએ છીએ.

૧૩૭ જ્યાંસુધી મેંદીની માફક પથ્થર નીચે કચરા
નહિ એટલે કે દુનિયાદારીની દરેક કસોટીની અંદર કસા
નહિ ત્યાં સુધી પ્રભુ સંબંધીનો ખરો રંગ પ્રાપ્ત થવો
બહુ મુશ્કેલ છે.

૧૩૮ જ્યાં સ્વાર્થ અને અહંકાર પ્રેરિત કાર્ય હોય
ત્યાં તેનો અંત, દુઃખ અને નિરાશામાંજ આવે છે.

૧૩૯ અનાદિકાળના તારા કર્મરૂપ કલંકને દૂર કર,
ટલે પ્રભુ તારી સમક્ષ દેખાશે અને તું કર્મથી દૂર થઇશ.

૧૪૦ કોઇ પણ ભય કે આપત્તિવાળા સ્થાનમા સમ
સૂચકતા ન ચુકીશ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

૧૪૧ સહસ્ત્રમુખી જનસમાજને ખુશ કરવાને તમે મા-ખણીયા બની દુષીત ન થશો. તમે તેને ખુશ કરવા માટે બંધાયેલ નથી, તેઓ તમારા સંબંધમાં ગમે તેમ બોલે તેની દરકાર ન કરતાં તમારી શુભ પ્રવૃત્તિથી તમો કદી પાછા ન હઠશો અને પાછા હઠ્યા તો તમારૂં કાર્ય કદી સિધ્ધ નહિ થાય: તે પણ એક ખરી કસોટી છે અને તે કસોટી પસાર કર્યા વિના કાર્ય કદી સિધ્ધ થઇ શકતું નથી.

૧૪૨ અહંકાર એક વજ્રનો કિલ્લો છે, અહંકારી તેમાં રહે છે, અહંભાવનું વિસ્મરણ તેજ ત્યાગ.

૧૪૩ જેને ચાહીએ તેની કીંમત પ્રથમ થોડી આંકવી કે પછી પશ્ચાત્તાપ કરવાનો અને તેને મુકવાનો વખત ન આવે.

૧૪૪ સુખ અને આનંદ મેળવવા માટે વિષયાસક્તિ અને પશુવૃત્તિના બારણે ભિક્ષા માગતા ફરવું એ તારા સ્વરૂપને હીણુપત લગાડવા જેવું છે.

૧૪૫ જગતની નાશવંત વસ્તુઓ માટે તમારૂં શાશ્વત સુખ ધુળધાણી કરશો નહિ

૧૪૬ મહાન્ અમૃતનો સાગર તમારામાંજ ભરેલો છે. સર્વ સુખ તમારા અંતઃકરણમાંજ રહેલું છે, અંતઃકરણમાંજ તેને શોધો અને અનુભવો.

૧૪૭ દરેક ધર્મોના, દરેક મતોના અને દરેક સંસ્થાનાં તેમજ દરેક જનસમૂહના સદ્‌વિચારો સાથે લેવડદેવડ કરવાનું ચુંકીશ નહિ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

૧૪૮ જ્યાંસુધી શરીર છે ત્યાંસુધી કર્મ કર્યા વિના છુટકો નથી, હવે જ્યારે જીવનને કર્મ કરવાંજ પડે છે તો પછી જે પ્રકારના કર્મથી આત્મદર્શન થઇ શકે તે પ્રકારનાજ કર્મ શા માટે ન કરવાં ?

૧૪૯ દરેક જીવ એ તારૂં પોતાનુંજ એક અંગ છે એ કેમ ભૂલી જાય છે? પરમાર્થે કર્મ કર! તું જેવી રીતે તારા સ્ત્રી પુત્રને તારા પોતાના માની તેઓની સર્વ પ્રકારની મંગળ કામના રાખે છે તેવીજ રીતે જાતિ, વર્ણ વિગેરેનો કાંઇ પણ વિચાર કર્યા વિના જ્યારે તારામાં જગતના સર્વ જીવો માટે જયમંગલકામના જાગૃત થશે ત્યારેજ સમજજે કે તું ધીમે ધીમે આદર્શ જીવન પ્રત્યે હવે આગળ વધતો જાય છે.

૧૫૦ પરમાત્મા સર્વ શક્તિમાન છે અને એવોજ સર્વ શક્તિમાન હું પોતેજ છું આવી દૃઢભાવના કરવાથી તમે અવસ્ય સર્વ શક્તિમાન પરમાત્મારૂપજ થઇ રહેશો.

૧૫૧ ભોળાજનોને ભરમાવનારી અને સ્વચ્છંદાનુગામિની એવી ઇચ્છાદેવીના દાસત્વનો સ્વિકાર કરતાં પોતાના સ્વામિત્વપણાના હક્કને ગુમાવી ન આપો. તે તમોને સ્થળે સ્થળે ઉંચા શીખર પર ચડાવી પટકી મારશે.

૧૫૨ જગતમાં કોઇ કોઈના માટે આવતું નથી. પણ સૌ પોતપોતાના પૂર્વાપરના રીણને જમે ઉધાર કરવા માટે આવે છે અને તે રીણ પૂર્ણ કરી ખાતુ સરભર થતાં તેઓનું આવવું પણ બંધ થાય છે. એટલે તેઓ સત્ ચિદાનંદ સ્વરૂપને પ્રાપ્ત થાય છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

૧૫૩ મનુષ્યની જેવી ભાવના જેવા રૂપમાં વિસ્તૃત થાય છે તેવા રૂપમાં લય પામે છે. તેવાજ ગુણદોષ પોતાના માટે પ્રગટ કરે છે. જેવું ચિંતવન, જેવું વચન અને જેવું આચરણ તે તેવારૂપે તેનો બદલો અવશ્ય આપે છે.

૧૫૪ જેની દૃષ્ટિ જગતના દૃશ્ય પદાર્થોને ભેદી, નિત્ય અને અનિત્ય વસ્તુઓના વિવેકને સમજી, લોકોની નિન્દા કે સ્તુતિની ગણના ન કરતાં માત્ર તત્ત્વનેજ વળગી રહે છે; તેજ જગતનો ખરેખર દૃષ્ટા છે.

૧૫૫ ઇચ્છારહીત મનુષ્યજ કાંઇક કરી શકે છે. કોઇના શીર પર દોષ આરોપ ન કરો.

૧૫૬ સુખ પછી દુઃખ આવે છે. આગળ વધેલાઓને દુઃખ વધારે આવે છે, તે ભાનભુલાવવા આવે છે. આ કસોટી છે.

૧૫૭ આત્મા સુખ દુઃખ બન્નેની પાછળ છે, આ અવસ્થાઓ છે. તે ઓલંઘવીજ જોઇએ. આત્મા ઉપર ઉભા રહો.

૧૫૮ સ્તુતિમાં આનંદ લ્યો તો નિંદાથી ખેદ પણ ભોગવો, જીવન અને મરણ બંન્ને માયા છે.

૧૫૯ ઈશ્વિરઆધિન, અથવા કર્માધિન જીવન ગુજારો.

૧૬૦ તેમને કામ આવે એમ નહિ પણ હું તેને કામ આવું, સામો મને ચાહે એમ નહિ, પણ મારે તેને ચાહવું જોઇએ.

૧૬૧ એ મારો ત્યાગ કરી શકે, હું તેનો ત્યાગ ન કરી શકું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

૧૬૨ પરનું મુખ જોવાવાળા ન થવું, તે મને માન અ
એમ નહિ, પણ પ્રભુ મને માન આપે.

૧૬૩ આ ઉપર જણાવેલ સિદ્ધાંતો વ્યવહારમાં કે પ
માર્થમાં, સર્વમાં ઉતારો આનંદ આવશે.

૧૬૪ બલીદાન કરવા નીકલનારને વાસના અને કષા
નમવાજ જોઈએ. વાસના નમે, એટલે વાસનાવાલા નમેજ.

૧૬૫ પુરેપુરી કીંમત આપ્યા વગર પુરેપુરી વસ્તુ મળ
નથી.

૧૬૬ યોગી બનવા ઈચ્છનારે પોતાને યોગના વાતાવરણ
મુકાવું, યોગની વાતો કરવી, યોગના ગ્રંથો વાંચવા, યોગ
અભ્યાસ કરવો, અને યોગના વિચારોથી ઓતપોત થઈ જ
તે સિવાય બીજા વિષયને અડકવું નહિ.

૧૬૭ ષટ્કોણ ચક્રમાં પાંચે તત્વના બીજ મુકવા, વચ
ૐકાર કરવો, આ સર્વ ચંદ્રનાડીના યોગમાં કરીને પ્રતિ
કરવાના પ્રસંગે ચંદ્રયોગે પ્રતિમાજી નિચે મુકી ઉપર પ્રતિ
કરવાથી પ્રભાવીક બીંબ થાય છે.

૧૬૮ જીભને ઉભી રાખી કુંભકમાં ચંદ્રના બધા બલ
ત્યારે પ્રતિષ્ઠા કરવી. અમૃતશ્રવે ત્યારે કરવી. આ બીજો
છે, ત્રીજો ભેદ પ્રાણ પ્રતિષ્ઠા–પ્રાણ આરોપણ કરવો.

૧૬૯ તારૂં કોઇ બુરૂં ચિંતવે તો તેના ઉપર તું એ
ચિંતવીશ નહિ પણ દયાની લાગણીથી જોજે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

૧૭૦ સમભાવથી સર્વ જીવો પર મૈત્રી ધારણ કરજે, શત્રુથી ભિન્નતા રાખીશ નહિ.

૧૭૧ સમ્યકત્વનું સેવન કરજે, મિથ્યાત્વનો ત્યાગ કરજે.

૧૭૨ તારી પ્રથમ સ્થિતિને યાદ કર, સુખથી હર્ષનો ત્યાગ કરજે અને દુઃખથી દિલગીર થઈશ નહિ.

૧૭૩ કર્મજન્ય પૌદ્ગલિક વસ્તુમાં રાચીશ નહિ.

૧૭૪ મુળ લક્ષબિંદુને ન ભૂલતો, તેમજ દેહને ધારણ કર્યાના ઉદ્દેશને ન ભૂલતાં આગળનો પ્રયત્ન ચાલુ રાખજે. વિઘ્નથી ડરીશ નહિં પણ તેનું મુળ ઉત્પાદાન કારણ શોધજે.

૧૭૫ આત્મશ્લાઘા ન કરતાં, કોઇના ઉપગારને ભુલીશ નહિ.

૧૭૬ જે જે ગ્રંથો અને પુસ્તકોનું અવલોકન કરે તે તે ગ્રંથો અને પુસ્તકોના ખરા રહસ્યનો વિચાર કરજે.

૧૭૭ કોઇનાથી તારૂં મોટામાં મોટું નુકશાન થઈ જાય તો તેના ઉપર તું રોષ ધારણ ન કરીશ પણ વસ્તુની અનિત્યતાનો વિચાર કરજે.

૧૭૮ જેનાથી કોઇને અશાંતિ અથવા દુઃખ ઉત્પન્ન થાય તેવા કાર્યમાં પ્રવૃત્તિ કરીશ નહિ.

૧૭૯ તું સુખી હો કે દુઃખી હો, રંક હો કે રાજા હો પણ તને જે ભાગ્યાધીનપણે કુદરતથી બક્ષીસ થએલ હોય તેમાંજ આનંદ માનજે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

૧૮૦ તારો કોઇ શત્રુ હોય કે મિત્ર હોય પણ કોઇના ખુરામાં કે પડતીમાં આનંદ ન માનીશ.

૧૮૧ તને કોઇ વ્હાલામાં વ્હાલી વસ્તુનો કે સ્વજન વર્ગનો વિયોગ થાય તો દિલગીર ન થઇશ, પણ ઉત્પાદ, વ્યય અને ધ્રુવ આ ત્રણ પદોનું વારંવાર લક્ષપૂર્વક ચિંતવન કરજે.

૧૮૨ અનિત્ય, અસાર અને ક્ષણભંગુર એવા દૈવી અને માનુષીક વૈભવોને વિષે પ્રવૃત્તિ ન કરતાં માત્ર અનિર્વણનિય અને અક્ષય એવા પરમપદનું ધ્યાન કરજે.

૧૮૩ આ દેહના પોષણ નિમિત્તે જે કાંઈ સરસ વા નિરસ અન્નાદિકની પ્રાપ્તિ થાય તેમાં આનંદ માનજે. હર્ષ કે વિખવાદ ધારણ ન કરીશ. કારણ કે બંનેનું રૂપાંતર એક રૂપમાંજ થવાનું છે.

૧૮૪ માન અને અપમાનમાં સમપણું ધારણ કરી પૂર્વોપાર્જીત કર્મને સંભારજે.

૧૮૫ આ તારી દેવરૂપી નૌકા નાશ ન પામે ત્યાંસુધીમાં તેમાંથી ઇચ્છિત અને સારભૂત વસ્તુ ગ્રહણ કરજે.

૧૮૬ રાત અને દિવસની અંદર તારાથી જે કાંઇ શુભ યા અશુભ કર્મ થયું હોય તેનો વિચાર કરી શુભના માટે આનંદ માનજે અને અશુભના માટે પશ્ચાતાપ કરજે.

૧૮૭ તું ધનવાન હો કે વિદ્વાન હો પણ જેમ જેમ તેનો યોગ્ય પાત્રને વિષે વ્યય કરીશ તેમ તેમ તે વૃદ્ધિને પામતું જશે. માટે કૃપણ ન થઇશ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

१८८ જો તું આત્માર્થી હો તો ઇચ્છાનો સર્વથા રોધ કરજે.

१८९ જો તું દ્રવ્યનો અર્થી હો,તો નીતિનું ઉલ્લંઘન ન કરીશ.

१९० યાદ રાખજે કે જેવા પ્રકારનું તું ઉપાર્જન કરીશ તેવાજ પ્રકારનું આગળ તને પ્રાપ્ત થવાનું છે માટે બાંધતાં પહેલાં વિચાર કરજે.

१९१ તું મુસાફર થઇ એક ઘડીભરની વિશ્રાન્તિમાં પ્રમાદ ન કરતાં તારો આત્મિકપ્રયાસ ચાલુ રાખી લક્ષ્યબિંદુનો વિચાર કરજે.

१९२ જાતિવંત અશ્વની પેઠે માર્ગ છોડી વિમાર્ગનું સેવન કરીશ નહિ.

१९३ તારા અલ્પ જીવનને કીચડની પેઠે મલીનતાવાળું થવા ન દેતાં દર્પણની પેઠે નિર્મળ કરજે.

१९४ તારા શુભ અને નિર્મળ વિચારો કલુષીતપણાને પામે તેવા સહવાસથી અલગ રહેજે.

१९५ તારા દયામય ધર્મને કદી ભુલીશ નહિ.

१९६ મહાત્મા પુરૂષોના ચરિત્રોનું વારંવાર સ્મરણ કરજે.

१९७ મનુષ્ય દેહરૂપી કિમતી વસ્ત્રને બદલે અલ્પમુલ્યનું દુઃખદાયી તિર્યગ્ વા નીરીય સંબંધી વસ્ત્ર પ્રાપ્ત ન થાય તેના માટે સાવચેત રહેજે.

१९८ કર્મરૂપી શત્રુને સંહાર કરવામાં તારી શક્તિ ગોપવીશ નહિ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

૧૯૯ બાહ્ય કુટુંબીઓથી અલગ રહી આંતરિક કુટુંબ
ઓનું પાલન કરજે.

૨૦૦ કોઇપણ આત્મા કોઇપણ પ્રકારના જોખમમાં પડે
હોય તો તેનો તું બચાવ કરજે.

૨૦૧ સંસારની અનેક પ્રકારની વિષયવાસનાઓથી ઉદ
સીન રહેજે, નહિતર મુકિતમાર્ગમાંથી તને તરત નીચે પટકી દેશે

૨૦૨ તારા બંધનનું અને દુઃખના પ્રતિભાસનું તથા ખર
મહાન્ સ્વરૂપનું વિસ્મરણ કરાવનાર અહંવૃત્તિનો ત્યાગ કરજે.

૨૦૩ કોઇ પણ પૂર્ણ યા ન્યુન આત્મા, કર્મજન્ય વ્યાપા
રને લઇ આત્મપ્રકાશની અંદર અપૂર્ણ હોય તો તેનો તિર
સ્કાર ન કરતાં પુર્ણ પ્રકાશમાં લાવવો તેજ શ્રેષ્ઠ છે.

૨૦૪ તને કોઇ પણ નિચમાં નિચ અધમ સ્થિતિ પ્રાપ્ત
થવાથી અન્યના અવર્ણવાદ બોલવા તે પોતાનીજ અપૂર્ણતાનું
ચિન્હ છે, કારણ કે અન્ય તો નિમિત્ત માત્ર છે.

૨૦૫ સૂક્ષ્મ દેહધારી આત્માથી તે સ્થુલ દેહધારી આત્મ
પર્યંત સુધીની ગૌણ આત્મિક સમાન શક્તિ લક્ષમાંથી વિસ
રીશ નાહિ.

૨૦૬ તારા કર્મજન્ય વ્યાપારને લીધે આ સમગ્ર વિશ્વ
તને ભિન્ન ભિન્ન રૂપે પ્રતિભાસે છે, પરંતુ તું પુર્ણ થતા
આખું વિશ્વ તને એકજ રૂપે પ્રત્યક્ષ જણાશે.

૨૦૭ તારામાં ગુણાકર્ષણ શક્તિ હોય તો અન્યને પણ
તેવુંજ પ્રવર્તન કરાવજે, પણ દુર્ગુણી પ્રવર્તનથી દૂર રહેજે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

૨૦૮ દુનિયાની દરેક જડ અને ચૈતન્ય વસ્તુની અંદર આત્મિક વસ્તુ શું છે તેનો વિચાર કરજે, પૌદ્‌ગલીક વસ્તુઓથી લલચાઇશ નહિ.

૨૦૯ કૃત્રિમ સ્નેહપાશથી અલગ રહેજે.

૨૧૦ જડ અને ચૈતન્યની ઓળખાણપૂર્વક જેટલા દરજે તું આત્મશોધન માટે આગળ વધેલ છે અને વધવાની જીજ્ઞાસાવાળો છે. તેટલા દરજે તું વીમાર્ગથી રાજમાર્ગ તરફ તને પોતાને આગળ વધેલ સમજજે.

૨૧૧ કદાચ કોઈ માણસ તારા પ્રત્યેના દ્વેષના અંગે તારા દોષો અને છિદ્રો પ્રગટ કરે તો તે તારા લાભના અર્થે સમજી તેનું બુરૂં ન ચિંતવીશ પણ તારા પ્રમાદમાં સુધારો કરજે.

૨૧૨ કાચી ઇમારતનું અનિત્યપણું સમજી પાકી ઇમારતના માટે પાયો પણ મજબુત નાંખજે.

૨૧૩ જ્યાં સુધી માર્ગનો અજાણ હો ત્યાં સુધી માર્ગના જાણકારનું અવલંબન છોડીશ નહિ.

૨૧૪ તારૂં પ્રારબ્ધ તારા માટે જેટલા દરજ્જાનો ચાન્સ મુકરર કરી નિર્માણ થયેલું છે તેના પ્રમાણમાંજ તને ફળની પ્રાપ્તિ થવાની.

૨૧૫ કોઇને છળપ્રપંચ અને દગાબાજીથી છેતરવાં સાથે પ્રથમ તારો આત્માજ તે ક્રિયાઓથી ઠગાય છે તેનો વિચાર કરજે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

૨૧૬ તું અહર્નિશ દેશ-દેશાંતરોના વર્તમાન જાણવાને
ઉત્સુક થઈ રહ્યો છે, પણ તારા પોતાનાજ વર્તમાન શું છે
જાણવાને ઉત્સુક કેમ થતો નથી.

૨૧૭ તું તારા બાહ્યચક્ષુના વ્યાપાર સાથે આંતરિ
ચક્ષુનો પણ ઉપયોગ કર.

૨૧૮ વ્યવહારીક વ્યાપારની ક્રિયાઓ સાથે આત્મિ
વ્યાપારની ક્રિયાઓ ભૂલી ન જઇશ.

૨૧૯ તું દુઃખ કે દીલગીરીને સ્વાધીન થતાં પહેલાં તેન
ઉત્પાદક કોણ છે, ઉત્પત્તિ સ્થાન શું છે અને ઉપાદાન કાર
કોણ છે તેનો વિચાર કરજે.

૨૨૦ અજ્ઞાન ભૂતના ભ્રમથી ભ્રમિત થઇ અહર્નિશ
મણાને કરતો મનુષ્ય જ્યાંસુધી ભુતભ્રમનાં જાણ સદ્દગુરૂ મહ
ત્માને પ્રાપ્ત કરતો નથી ત્યાં સુધી તે કોઈ પણ સ્થળે સ્થા
થઇ ઠરી શકતો નથી.

૨૨૧ જ્યાં સુધી તું તારા બાહ્ય અને આંતરિક ઋ
માંથી મુક્ત નહિ થા ત્યાં સુધી તારા બન્ને લેણદારો તા
પ્રત્યે નિરંતર હુમલો કરી તને શાંતિ પ્રાપ્ત નહિ થવા
માટે ઋણ દેવામાં કાયર ન થઈશ.

૨૨૨ જે સાધનો વડે અજ્ઞાનીઓ બંધનયુક્ત થાય
તેજ સાધનો વડે જ્ઞાનીઓ મુક્ત થઇ પરમાનંદ પ્રાપ્ત કરે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

૨૨૩ ક્ષુધાતુર એવા તને કોઇ પણ સ્થળે સ્વાદિષ્ટ અને ઉચ્ચ સ્થિતિનો ખોરાક મળતાં પ્રમાણોપેત અને અધિકાર યુક્તજ ગ્રહણ કરજે કે જેથી અપથ્ય અને અહિતકર્તા ન હોઈ શકે.

૨૨૪ ભિક્ષુવૃત્તિની જેમ જે જે વસ્તુઓ અને પદાર્થો તને પ્રાપ્ત થાય તે તે વસ્તુઓ અને પદાર્થો 'મારા' નહિ પણ અન્યના છે તે પ્રમાણે મારાપણાનો નાશ કરી દેહના પોષણમાં અને આત્મજાગૃતિમાં ભુલથાપ ન ખાઇશ.

૨૨૫ જે સાધન, ભજન કે અનુભૂતિ દ્વારા બીજાનો ઉપકાર થાય નહિ, મહા મોહગ્રસ્ત જીવનું કલ્યાણ થાય નહિ, કામ અને કંચનની ઉંડી ખાણમાંથી મનુષ્યોને બહાર ખેંચી શકાય નહિ તે સાધન, ભજન કે ક્રિયાકલાપ શું કામના છે?

૨૨૬ દરેક દેહધારી જીવાત્માઓની આ સંસાર પરત્વે જેવા જેવા પ્રકારના વાસનાઓ રહેલી હોય છે તેવાજ પ્રકારની વાસનાઓનું ફળ જન્માંતરમાં પણ તેઓને પ્રાપ્ત થાય છે.

૨૨૭ સર્વ હેતુ અને સર્વ ઉદ્દેશો છોડી પોતાના આત્માને સતત્ શાંત, સંતુષ્ટ, આનંદી સર્વ ઉપાધિઓથી દૂર અને લાભાલાભથી રહિત રાખવો એજ તમારૂં કામ, તમારો ઉદ્યમ, તમારો વેપાર, તમારો વ્યવસાય, તમારૂં પ્રાપ્તવ્ય અને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તમારી ઇતિ કર્ત્તવ્યતા છે એમ માનો. તમારે સૌથી મોટું કર્ત્તવ્ય તમારો ધર્મ છે.

૨૨૮ દેહાત્મભાવ, ઇંદ્રિયાસક્તિ વિગેરેના ક્ષુદ્ર વિચારોથી આત્માને દુષીત થવા ન દેવો એજ ખરી પવિત્રતા છે. બાહ્ય વિષયોના દાસ ન થઈ બેસતાં તેથી અલિપ્ત રહેવું એજ પૂર્ણ પવિત્રતા છે.

૨૨૯ જ્યાં પ્રભુ કે સંતપુરૂષો હોય છે ત્યાં દુઃખ કે શોક એ કદી રહી શકતા નથી.

૨૩૦ તું સમજે છે કે વિષયવાસનાઓનો અને એશઆરામનો હું ભોગ લઉં છું, પણ મૂર્ખ ન થા અને વિચાર કર. તું નહિ પણ તે વિષયવાસનાઓ તારો ભોગ લે છે અને તું તારો પોતાનો ભોગ તેને આપે છે.

૨૩૧ બીજાના વર્ત્તનમાંથી દોષો કાઢવામાં આપણે આપણી શકિતનો જેટલો વ્યર્થ વ્યય કરીએ છીએ તેટલીજ શકિતનો વ્યય આપણું વર્ત્તન ઉચ્ચ બનાવવામાં કરીએ તો તેના માટે તે પૂરતું છે.

૨૩૨ મનુષ્યને પોતાને પોતાનું જાણવાનું કે જોવાનું કરતાં અન્યનું જાણવાનું કે જોવાનું વધારે પ્રિય જણાય છે, પોતાની નષ્ટ થતી વસ્તુ તરફ લક્ષ ન આપતાં અન્યની ચિંતા કરી ખોટી ખુશામતોમાં આનંદ માને છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

૨૩૩ દુઃખનો અનુભવ થયા વિનાં સુખનો અનુભવ આનંદ આપતો નથી, સુખ એ કેવું રમણીય છે તે દુઃખ જાણ્યા પછીજ ખરેખર સમજી શકાય છે.

૨૩૪ જેઓ આ દિવ્ય તત્ત્વોનો અનુભવ કરવાનો મૂકીને સંસારના મિથ્યા જૂઠી જાળમાં પોતાની શક્તિનો ગેરવ્યાજબી વ્યય કરી નાખે છે, તેઓને આત્મતત્ત્વ સમજાતું નથી.

૨૩૫ પોતાની ગુમ થયેલી આત્મશક્તિ પ્રગટ થતાં જે આનંદ થાય છે તે ખરેખર અકથનિય છે.

૨૩૬ જગતમાં જે છે તે તેજ છે. નવીન કાંઇ નથી, અપરોક્ષ વસ્તુ પરોક્ષ થતાં માત્ર નવીનતા રૂપે ભાસ થાય છે પણ તે કલ્પના માત્ર છે, નવીનતા રૂપે કાંઇ છેજ નહિં.

૨૩૭ પૂર્ણ જ્ઞાનવાનને સર્વ સ્થિતિ, સર્વ કાળ અને સર્વ સ્થળમાં સુખ–દુઃખ એક રૂપજ હોઇ આનંદ આપે છે, અર્થાત્ જ્ઞાનની ન્યુનાધિકતામાંજ સુખ–દુઃખનો સમાવેશ થાય છે. જ્ઞાનીને यत्र यत्र मनो याति तत्र तत्र समाधयः ।

૨૩૮ દરેક જડ યા ચૈતન્ય વસ્તુમાંથી ગુણ ગ્રહણ કરતાં શીખજે. દુર્ગુણો તરફ દૃષ્ટિ કરીશ નહિ.

૨૩૯ હમેશાં લઘુતા અને નમ્રતાપૂર્વક વર્ત્તજે, કોઇનું માનભંગ કરીશ નહિ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

૨૪૦ રાત દિવસ કર્માધીનપણે વર્તી રહેલા સંસારી જીવોની વિચિત્રતાનું અવલોકન કર.

૨૪૧ જ્યાં સુધી રાત્રિ વ્યતિત થઇ નથી ત્યાં સુધી બાહ્ય દીપક ખાસ ઉપયોગી હોવાથી રાખવો એ આવશ્યકનો છે, પરંતુ રાત્રિ વ્યતિત થઇ ભાનુ કિરણો પ્રગટ થતાં પણ બાહ્ય દીપકના અવલંબનને વળગી રહેવું તે ખરેખર એક હાંસીપાત્ર જેવું છે.

૨૪૨ કદાચ તું કર્મજન્ય વ્યાપારને લઇ સાંસારિક વૃત્તિઓથી વિમુખ રહેવાને અશક્તિમાન્ હો તો તેથી તું તારા જાણુપણાને દૂષિત ન કરીશ પણ આત્મવૃત્તિઓથી અલગ રહી તારાથી તે વર્ત્તન થઈ ન શકે તો પણ માત્ર જાણુપણાને માટેજ તારો પ્રયાસ આગળ ચાલુ રાખ. જાણેલા માર્ગે ફરી જવા માટે નિર્ભયતા હોય છે તે લક્ષથી વિસરીશ નહિ.

૨૪૩ મુસાફરીની અંદર તંબુ ડેરાના મુકામો અને પરોણાગતોના સ્વાદો કયાં સુધી ચાખ્યા કરીશ? સંસારરૂપ ધર્મશાળાની અંદર અનેક પ્રકારના ભોજનો, નાટારંભો અને વૈભવો ભરેલા છે, તે દેખી સ્થાયી થઇ બેસવાનું નથી. ચાલો! ત્વરા કરો. નિવાસસ્થાન દૂર છે, પ્રયાણ બહુ લાંબુ છે અને ઉપદ્રવો પણ ઘણાં છે.

૨૪૪ કક્કા બારખડીને ઘુંટનારો બાળક પોતાની યોગ્યતાને પ્રાપ્ત કરતો થકો સ્કુલના દરેક વર્ગની પરીક્ષા પસાર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કરી છેવટની ઉંચી ડીગ્રીને પ્રાપ્ત કરી અત્યાનંદ ભોગવે છે. તેમ તારે પણ દુનિયાદારીની દરેક પરીક્ષાઓ પસાર કરી આત્મશોધનની પરીક્ષામાં પાસ થઇ સત્ ચિદાનંદ પ્રાપ્ત કરવાનો; છે.

૨૪૫ જ્યાંસુધી સર્વોપરી સત્તાનો ભોગી ન બન ત્યાં સુધી સર્વોપરી સત્તાવાનની આજ્ઞામાં રહેજે. ઉલ્લંઘન ન કરતો.

૨૪૬ અન્યની માલીકીની વસ્તુ પર સ્વસત્તા કરવી તેના કરતાં સ્વસત્તાની વસ્તુ પર આનંદ માનવો તે શ્રેય છે.

૨૪૭ આત્મા પોતે પોતાને શા માટે છુપાવા માગતો હશે? અને કયાંસુધી છુપો રહેશે! આમ છુપાવાથી શું કાર્ય સિદ્ધિ થઇ શકશે? કદી નહિ થઈ શકે. આત્મા પોતે પોતાના પુરૂષાર્થને ગોપવ્યા સિવાય જો નિવૃત્તિ માર્ગમાં પ્રવૃત્તિ કરે તો સહજ સિદ્ધિ થઇ શકે તેમ છે.

૨૪૮ મનુષ્યને પાન કરવા યોગ્ય જ્ઞાન દર્શન ચારિત્રાદિનો ત્યાગ કરી માટીના ભાજનોને કાં બટકાં ભર્યા કરે છે અને મોજ માણે છે આથી શું સાર્થકતા? જેમ કાચના પ્યાલાની અંદર ભરેલ દુધ ઢોળી નાખી પ્યાલાને બટકાં ભરવાં જેમ નિરર્થક છે તેમ તે પણ કેવળ નિરર્થક છે.

૨૪૯ સહસ્રમુખી જનસમાજને ખુશ કરવાને તમે માખણીયા બની દુષીત ન થશો તમે તેને ખુશ કરવા માટે બંધા-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ચેલ નથી તેઓ તમારા સંબંધમાં ગમે તેમ બોલે તેની દરકાન કરતા તમારી શુભ પ્રવૃત્તિથી તમો કદિ પાછા ન હઠશો-અને કદાચ લોક ભીરૂતાથી પાછા હઠશો તો તમારૂં કાર્ય સિદ્ધ કદિ નહિં થાય. તે પણ એક ખરી કસોટી છે અને તે કસોટી પસાર કર્યા વિના કાર્ય સિદ્ધ થઈ શકતું નથી.

૨૫૦ જેમને પોતાની જીંદગીનું સંરક્ષણ કરવાની ઇચ્છા હોય તેમણે પોતાના જીવનનો નાશ કરવોજ જોઇએ, તમે તમારા ક્ષુદ્ર જીવનનો નાશ કરો એટલે તમારા વાસ્તવિક જીવનનું સંરક્ષણ થશે.

૨૫૧ સુખ આનંદ મેળવવા માટે વિષયાસક્તિ અને પશુવૃત્તિના બારણે ભિક્ષા માગતા ફરવું એ તારા સ્વરૂપને હીણપત લગાડવા જેવું છે એ તારી જાતને લાંછન લગાડવા જેવું છે એ તને અણુ છાજતું છે આ સમગ્ર વિશ્વ એ તારામાં વ્યાપ્ત થઇ રહેલ છે.

૨૫૨ તારાથી કોઈ પણ મોટામાં મોટો અપરાધ થયો હોય કે મોટામાં મોટું પાપાચરણ થયું હોય તો તેથી દુ:ખી દીલગીર કે નારાજ ના થઈશ. પણ તે શાથી થવા પામેલ છે તેનો પૂર્ણ વિચાર કરી તેના મૂળનો જ ધ્વંશ કર કે જેથી તને દીલગીર થવાનો કે શોક કરવાનો અવકાશજ ન રહે.

૨૫૩ તું ગમે તે સ્થળે હો અને કોઇ પણ પ્રકારની લાલસાથી કોઇ પણ પ્રકારનું ખરાબ કૃત્ય કરવા તત્પર થયો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હો તો યાદ રાખજે કે પ્રભુ સર્વત્ર છે અને તે સર્વ કૃત્યોનો સાક્ષી છે અને તે તને જુવે છે તે યાદ રાખજે.

૨૫૪ જગતની નાશવંત વસ્તુઓને માટે તમારૂં શાશ્વત સુખ ધુળધાણી કરશો નહિં.

૨૫૫ મહાન્ અમૃતનો સાગર તમારામાંજ ભરેલો છે. સર્વ સુખ તમારા અંતઃકરણમાંજ ભરેલું છે અંતઃકરણમાંજ તેને શોધો અને અનુભવો. તે કાંઇ તમારા શરીર, મન કે બુદ્ધિમાં નથી તેમજ તે તમારી ઇચ્છાઓ કે ઇચ્છીત વસ્તુઓમાં પણ નથી તે સર્વ તમારા પોતામાંજ રહેલું છે.

૨૫૬ માત્ર પ્રણવનો ઉચ્ચાર કરો. ૐકારનું ગાન કરો. ને તેમ કરતાં ખરાં અંતઃકરણથી તેનું ધ્યાન ધરો તેનો સાક્ષાત્કાર કરો. ૐ નો અર્થ હું તે છું હું ને તે એકજ છીએ તેજ હું છું આવો થાય છે પ્રણવ શબ્દનો ઉચ્ચાર કરતી વખતે સર્વ નિર્બળતા ને માનસીક બળથી કચરી નાખતો હોય તેમ દૃઢપણે માનો અને જયઘોષ સાથે તે નિર્બળતાને દૂર કરો.

૨૫૭ અન્યની ટીકા કરવી કે નિન્દા કરવી તે ઇશ્વરથી વિમુખ રહેવા જેવું છે. મનુષ્ય પોતાના દુર્ગુણો જાણવા છતાં પોતાને ધિક્કારતો નથી પણ બીજામાં તેજ દુર્ગુણો જોઇને બીજાને તિરસ્કાર કરે છે. તિરસ્કારથી દૂર રહો અને દુર્ગુણોથી દૂર રહો એટલે ઇશ્વરને તરત ઓળખશો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

૨૫૮ માત્ર આહ્યાડંબરી અને લોક દેખાવડી એકલ શુષ્ક ક્રીયા કરી જવાથીજ તમારી સિદ્ધિ થવાની નથી પણ તે શાના માટે કરવાની છે અને તેનો ઉદ્દેશ શું છે અને તે ક્યાંસુધી આવશ્યકની છે આ બધાના કારણે સમજો. આ પ્રમાણે જન્મોના જન્મો પર્યંત સુધિ કર્યા કરશો તો પણ તમારો ઉદ્દેશ પાર પડવાનો નથી માટે એકલી ક્રિયાનેજ વળગી રહી ખોટો આડંબર અને લોક દેખાવ છોડી દ્યો. અને પોતાનું સ્વરૂપ શું છે તેને પણ જાણવાનો આદર કરો.

૨૫૯ જ્યારે શરીર તંદુરસ્ત હોય છે ત્યારે ઘણુંકરી માઠા કે હલકા વિચારો આવવા જોઇએ નહિં. અને જ્યારે તેવા વિચારો આવે છે ત્યારે તમે જરૂર સમજજો કે તમારી હોજરીની અંદર કંઇપણ બગાડ જરૂર થયે હોવો જોઇએ.

૨૬૦ દરેક ધર્મોના દરેક મતોના અને દરેક સંસ્થાનો તેમજ દરેક જન્મ સમુહના સદ્‌વિચારો સાથે લેવડ દેવડ કરવાનું ચુકીશ નહિં.

૨૬૧ દરેક દેહધારી જીવાત્માઓની આ સંસાર પરત્વે જેવા જેવા પ્રકારની વાસનાઓ રહેલી હોય છે તેવાજ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પ્રકારની વાસનાઓનું ફળ અન્ય જન્માંતરમાં પણ તેઓને પ્રાપ્ત થાય છે.

૨૬૨ ભલું કે ભૂંડું, સદાચરણીય કે દુરાચરણીય કોઇ પણ પ્રકારનું શારિરીક કે માનસિક કાર્ય અથવા કીર્તિ કે અપકીર્તિ, નિન્દા કે સ્તુતિ અથવા કોઇપણ પ્રકારની ક્રીડા પરની આશક્તિ મને આનંદના સાગરને બાધક કરી શકશે નહિં. હું નિત્ય નિર્વિકાર, સચ્ચિદાનંદરૂપ છું. જ્યારે સચ્ચિદાનંદ અનંત પ્રકાશ મ્હારા પોતાનામાંજ હોય ત્યારે મહારે બીજાનો ઉંપકાર માનવાની શી જરૂર છે મારે કોની આગળ મદદ માટે હાથ લાંબો ધરવાની જરૂર છે.

૨૬૩ ઓ ! પ્રભુ હું પાપી છું, પતીત છું, અધમ દુરાચારી અને સાંસારીક વિષય વાસનાઓથી ગ્રસીત છું. મારો ઉદ્ધાર કરો. ઉદ્ધાર કરો. અને કરેલ ગુનાઓના માટે માફી આપો. હું આપનો અનુયાયી મહાવીર પુત્ર છું. આપ સૌમ્ય, દયાળુ અને કૃપાવંત છો.

૨૬૪ અરે આવી તમારી દીનતા ભરેલી અને દાંભીક વિષ મિશ્રિત ભાવનાથી પ્રભુ શું કદાપિ પણ આર્દ્ર થશે ખરા ? કદિ નહિં થાય. કારણકે પ્રભુ સર્વત્ર સર્વ સ્થળે વ્યાપક હોઇ તમારા સર્વ પ્રાપંચિક કાર્યોના વર્તનનો અંશેઅંશ પ્રત્યક્ષ તદાકાર કરી રહેલ છે. એક બાજુએ તમે એક

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઘડીભર નિવૃત્તિવાળા સ્થાનમાં જઇ પ્રભુની મ્હોટા સ્વરે ઉપાસના કરો છો અને કરેલ ગુનાઓની માફી ચાહો છો ત્યારે બીજી બાજુ તે ભાવનામાંથી ફારગત થયા કે તરત એક ઘાતકીપણાના વર્તનથી પણ અધિક કુવર્તને ચલાવી પ્રથમની ભાવનાને એક ગલીચ ગીરમાં ફેંકી દયો છો. તો તે વર્તનનો બદલો આપ્યા સિવાય તમારી અન્ય ભાવનાનો સ્વીકાર પ્રભુ કેમ કરશે. અને તમોને માફી પણ કેમ આપશે? ખરેખર આ પણ એક દયાળુ પરમાત્મા પ્રત્યે ઠગાઇનું કાર્ય કરવા બરોબર છે.

૨૬૫ અખંડ જાપ મનને શુદ્ધ કરે છે.

૨૬૬ બીજાના વર્તન ઉપરથી સાન લેવા શીખવું.

૨૬૭ જેના માંગલીક તમે છો તેના બંધનમાં તમે છો.

૨૬૮ સુખ દુઃખનું કારણ અહંવૃત્તિ છે.

૨૬૯ જેવા થવું હોય તેવું આલંબન સામું રાખવું.

૨૭૦ કલ્પના બંધ થતાં પરમાત્મ ભાવમાં લીન થવાય છે.

૨૭૧ ભુત ભવિષ્ય ભુલી વર્તમાનમાં રહેતાં મન સ્થિર થાય છે.

૨૭૨ જે થાય છે તે પૂર્વની ગોઠવણ પ્રમાણે યોગ્ય થાય છે.

૨૭૩ સુખ દુઃખને સમાન અનુભવવાં.

૨૭૪ વિચાર એ મનને સુધારવાનું સાધન છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

૨૭૫ ખુશી થઇ મુશ્કેલીઓ અનુભવતાં મનોબળ વૃદ્ધિ પામે છે.

૨૭૬ ઈચ્છાઓ બંધન કરતા મુળ રસ્તાથી બંધ થઈ જાય છે.

૨૭૭ જ્યાં કર્તા છે ત્યાં તમે તેના ગુલામ છો.

૨૭૮ જેના તમે માલીક છો તેના બંધનમાં તમે છો.

૨૭૯ પ્રબળ ઇચ્છા વાસનાનું રૂપ પકડે છે.

૨૮૦ ગુણ ગ્રહણ કરતાં તે ગુણી થાંય છે.

૨૮૧ પ્રબળ વિચાર રૂપ પુરૂષાર્થથી વાસના તોડાય છે.

૨૮૨ સિદ્ધિઓ શુદ્ધ માયા છે.

૨૮૩ નિષ્કામ કર્મથી જ્ઞાન થાય છે.

૨૮૪ સકામ કર્મથી સિદ્ધિઓ થાય છે.

૨૮૫ અહંકાર નાશ કરવામાં દાસવૃત્તિ રાખવી.

૨૮૬ દેહાધ્યાસ દુર કરવામાં સર્વે જીવોમાં ઈશ્વરદૃષ્ટી રાખવી.

૨૮૭ ઇશ્વરનું નીશાન રાખી તેમાં પોતાની સર્વ ઈચ્છાઓનો રોધ કરવો તે ભક્તિયોગ છે.

૨૮૮ બ્રહ્મશાંત અને સ્થીર છે. મનનો લય કરવો તે બ્રહ્મસ્થીતીને લય કરવો.

૨૮૯ જાગૃતમાં જ્ઞાન બ્રહ્મપણું દેખો તે નિર્વીકલ્પ સમાધિ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

૨૯૦ બ્રહ્મસ્થીતી અનુભવનો વિષય છે. શબ્દનો વિષય નથી
૨૯૧ જગતનું મુળ સંકલ્પ છે. સંકલ્પથી સંસાર વધે છે
૨૯૨ અજ્ઞાનનું મુલ સંકલ્પ છે.
૨૯૩ દેહાભિમાન સંસારનું બીજ છે.
૨૯૪ રાગદ્વેષ અધર્મનું બીજ છે.
૨૯૫ સમભાવ સત્યજ્ઞાનનું બીજ છે.
૨૯૬ સદ્‌વિચાર જ્ઞાનનું બીજ છે.
૨૯૭ સારા અને બુરા બન્ને ભાવથી રહીત થવું તે મનનો લય છે.
૨૯૮ મમત્વ જગતનું બીજ છે.
૨૯૯ ક્રીયા મનને નિયમીત કરનાર સાધન છે. તે ધર્મ નથી.
૩૦૦ જાગૃતિ હોય તો ભુલો સુધારવા માટે થાય છે.
૩૦૧ વિચાર પ્રમાણે અર્થ પરિણમે છે.
૩૦૨ સ્વભાવ પ્રમાણે વર્તન થાય છે.
૩૦૩ આત્માને હલકો જોનાર પોતેજ હલકો છે.
૩૦૪ અનુભવ સાન વિના ભ્રાન્તિ ભાંગતી નથી.
૩૦૫ અધિકાર પ્રમાણે બોલો માગો તેનેજ આપો.
૩૦૬ ખરાબ દેખાય કે લાગે તે જીવત્વ ગણાય.
૩૦૭ સારૂ લાગે કે સારૂ દેખાય તે ઇશ્વરભાવ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

૩૦૮ બન્ને સારા ખોટાનો અભાવ તે બ્રહ્મભાવ.

૩૦૯ મન ચંચલ છતાં પુરૂષાર્થ આગળ મનને નમવું પડે છે.

૩૧૦ નમ્રતા વગર આગળ વધી શકાતું નથી.

૩૧૧ સર્વે ઈચ્છાનો ત્યાગ તે મોક્ષનું બીજ છે.

૩૧૨ રાત્રીએ પોતાનું વૃત્ત તપાસી જવું.

૩૧૩ પ્રભાતે આખા દિવસ માટે વર્તન નક્કી કરવું.

૩૧૪ કો તો જ્ઞાની પાસે રહો અથવા જ્ઞાનની ચોરી કરતા શીખો.

૩૧૫ અન્યના વર્તન ઉપરથી, શબ્દો ઉપરથી કોઈપણ દેખાવ ઉપરથી સાર શોધી યોગ્યરીતે પોતાના વર્તનમાં મુકવું તે ચોરી છે. આવી ચોરી કરવાથી મહાન લાભ છે.

૩૧૬ ઉંચામાં ઉંચી કોટીના આનંદની કલ્પના કરી તે આકારે વારંવાર પરણુમવાની ટેવ પાડવી.

૩૧૭ તમારા આનંદમાં તમે વૃદ્ધિ ઇચ્છશો એટલે એ તમને વધારે મળશે.

૩૧૮ આપણા દુઃખનો મોટો ભાગ "આપણે કેટલા બધા દુઃખી છીએ" તે વીચારથીજ ઉત્પન્ન થાય છે.

૩૧૯ જેમ જેમ એક નબળાઈ તથા ખોટા કાર્યના તમે વધારે વિચાર કરશો તેમ તેમ વધારે દૃઢતાથી તે તમને વળગશે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

૩૨૦ જ્યારે તમને શ્રમ લાગ્યો હોય ત્યારે તમે કેટલા થાકી ગયા છો તેનો વિચાર કરશો તો તમે વધારે શ્રમિત થશો.

૩૨૧ જે મનુષ્ય દરેક ક્ષણે " હું કેટલો બધો નબળો થઈ ગયો છું " તેવો વિચાર કર્યા કરે છે તે વધારે નબળાં થતાં જાય છે.

૩૨૨ મનમાં અને શરીરમાં જે કોઈ બાબત તરફ લક્ષ તમે ખેંચો છો અને વિચાર કરો છો તે બાબત વધારે દઢ થતી જાય છે.

૩૨૩ જીંદગીમાં જે ઉત્તમ કાર્ય કર્યા હોય અથવા અન્ય મનુષ્યે કર્યા અનુભવ્યા હોય તેના જેમ જેમ વખાણ તમે કરશો અને વારંવાર તેનો વિચાર તમે કરશો તેમ તેમ તેના-થી વધારે ઉત્તમ કાર્યો કરવા તમે પ્રયત્નશીલ બનશો અને તમારૂં લક્ષ તેવા ઉત્તમ કાર્ય તરફ દોરાશે.

૩૨૪ જેમ જેમ સદ્‌ગુણી થવું તે કેવું ઇચ્છવા લાયક છે તેનો તમે વિચાર કરશો તેમ તેમ સદ્‌ગુણસંપન્ન થવાને વધારે યોગ્યતા તમે પ્રાપ્ત કરી શકશો.

સમાપ્ત:

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust